ઉદ્યોગ વિષે નિબંધ.

~~[illegible]~~ [illegible]

Gymnastic

[illegible]

[illegible]

Points out the futility of programs which ~~[illegible]~~ to teach all the benefits to the detriment of boys becoming mathematicians

ઉદ્યોગ.

રચી પ્રસિદ્ધ કરનાર

દેવરામ શીવરામ દ્વિવેદી

સ્પે. આ. રાજકોટ તાલુકા સ્કૂલ.

આવૃત્તિ ૧ લી, પ્રત ૫૦૦

આ પુસ્તકની માલિકી સને ૧૮૬૭ નાં ૨૫ મા આક્ટ પ્રમાણે

નોંધેલી છે

અમદાવાદ

હિંદુસ્તાન પ્રિન્ટિંગ પ્રેસમાં વનમાળી ભાણાભાઈ મોદીએ

છાપ્યું.

સને ૧૮૯૩ સંવત ૧૯૪૯

આ પુસ્તક સંબંધી સર્વે અધિકાર સ્વાધિન રાખેલા છે

કીમત ૭ આના.

પ્રસ્તાવના

નિયંતા ઈશ્વરની રૂડી દયાથી કૃપાળુ બ્રિટિશ રાજ્ય નીચે હાલ આપણને નવનવાં સુખો મળી શકે, તેવા અનેક સાધનો થયા છે જર્મન ઇંગ્લંડ આદિ દેશોની વિદ્યા, કળા, હુન્નર વગેરેથી વધારે સુખ મેળવી શકાય તેવા માર્ગ—તેવા રસ્તા ખુલ્લા થયા છે પણ તે સૌ ઉદ્યોગને આધારે છે ઉદ્યોગ વિના તો ઉલટી અધમતા આવે છે

પ્રથમની પેઠે જોર જુલમ નથી. આપણી મેહેનતનું ફળ આપણેજ ભોગવીએ, એવું ન્યાયી રાજ્ય છે અને તેથી આપણી જન્મભૂમિ માટે આપણે મમતાથી મથવું જોઈએ આટલી સુગમતા છતાં 'વખત અનુકૂળ નથી' એમ કહી આળસુ થઈ બેસી રહીએ, તો કોઈ આપણું એવું સગું નથી કે તે આવીને આપણા મોંમા મીઠા ચુયવનો કોળીઆ આપી જાય સુખ તમેજ તમારી જાતે મહેનત કરીને મેળવો તમારી પીડા બીજો કોણ વહોરી લેશે? જુઓ કે તમેજ પારકાની પીડા તમારે માથે કેટલીક વહોરી લીધી છે? તે તો વિચારો!

અદ્યાપિ પર્યંત થયેલ શોધ પર ડોકાવું ડોકાવું અર્વાચીન હુન્નરીઓ અને તાર્કિકો નવી શોધો મૂકીને સ્વદેશ સેવા બજાવવા મહાન જુસ્સાથી અને અનેક આમથી ઘણા પછવાડે ખાઈ પીને "હમને મર્દ થઈને" મંડી પડ્યા છે તેમાંથી વખતો વખત કોઈ કોઈ તેજસ્વી તારો પોતાના કામનો ચમત્કાર જગતને બતાવી આ

પે છે દિલગીર થવાની વાત એ છે કે આપણા દેશના લોકો હુન્નર કળામાં તેઓથી આગળ વધે, એ વાત તો સ્વપ્નામાં પણ ક્યાંથી હોય? પણ તેમનું જોઈને હુન્નર કળામાં તેમની પછવાડે પછવાડે જવાનું પણ સૂઝતું નથી. ભાળાની અપૂર્ણ કેળવણી લઈને 'અમે ભણી ગયા અમારે નોકરી જોઈએ" આ શબ્દો બોલતા ઘણા જુવાનીઆઓ આપણે જોઈએ છીએ. અફસોસ! તેઓને નથી સૂઝતી ખેતી, નથી સૂઝતો વેપાર, કે નથી સૂઝતો કોઈ બીજો સ્વતંત્ર ધંધો. પરદેશ ઉદર ભરણ થાય, એવી પરાધિનતાની નમાલી નોકરી વહોરી લેવામાં તત્પર બનાર આપણા જુવાનીઆઓ સ્વતંત્ર ધંધો ક્યારે ઉઠાવશે?

"હરકોઈ વસ્તુની કીંમત તેની છત અને ખપ ઉપર આધાર રાખે છે" અને એ નિયમ દુનિયાના દરેક વ્યવહારને લાગુ પડે છે. ઈંગ્લાંડવાસીઓ એ નિયમ અનુસરીને દરેક ધંધો પકડે છે. આપણે એ નિયમને બહુજ થોડા અગર બીલકુલ અનુસરતા નથી. આપણા દેશનાં ઘણાં ખાતામાં નોકરો ખૂબ વધી પડયા છે, સસ્તા થયા છે તોપણ નોકરી અને માત્ર નોકરીજ શોધનાર થોકડાબંધ ઉભા થવા લાગ્યા. નોકરી તમો ચલાવી નથી, તેમ સમાસ કરી શકતી નથી તોપણ 'અમારે નોકરી જોઈએ" આવો મન ચાહ્યું કરનાર અને બીજો ધંધો નહીં ચાહનાર નોકરીનેજ વળગી જાય છે. આથી એક તરફી ગરજ વધી જાય છે કેમકે "બને ત્યાં ખાઈને મારો, તોપણ અમારે નોકરીજ જોઈએ' આવા દિલના જુવાનોમાં સ્વતંત્રતા માટે કે સ્વતંત્ર ધંધા માટે ક્યાંથી ઝનૂન હોય? આફસોસ! આથી તેઓ " સુખે રહેવું, ને ભૂખે મરવું" વહોરી લે છે. આર.

છે તો એ શેઠો બિટ આગ્રહી ઉદ્યોગ મથાવી પોતેજ પસંદ કરેલી નોકરીમા પણ કંઈજ ધાડ મારવાના નથી એમ એઓનુ દિલજ કહી આપે છે

હમેશા મનમા ઉચ્ચ નમુનો રાખીને ચાલવુ જોઇએ ઉચ્ચ વિચાર, ઉચ્ચ આશા, અને ઉચ્ચતર ઉદ્યોગથી આગળ વધી પ્રતિદિવસ પોતાની હાલત વધારે સારી કરવા જીવન પર્યંત મંડ્યાજ રહેવુ. એ મનુષ્યનુ વાસ્તવિક કર્તવ્ય હોવુ જોઇએ નીચ અવસ્થામાથી ઉચ્ચ અવસ્થામા જવુ, એ કેટલું ને કેવુ પરાક્રમ કહેવાય? ઉત્તર વયમા કેટલુ અભિમાનપ્રદ અને સુખપ્રદ છે! વખત પ્રતિકુળ કે અનુકુળ હોય એટલે શું? આપણોજ પ્રયત્ન પ્રતિકુળ વખતને અનુકુળ કરી શકશે

આજથી ચાર વર્ષ ઉપર ઉદ્યોગને લાગુ પડે એવા ઉપયોગી ફકરા અને કહેવતોનો ઠેકાણે ઠેકાણેથી સંગ્રહ મારા પોતાના ઉપયોગ માટે હું કરતો હતો. એવો સંગ્રહ વિશેષત. મારા ગુરૂવર્યશ્રી ગણપતરામ અનુપરામ ત્રવાડી એઓના જાતમેહેનતના મહાન ગ્રંથમાથી કર્યો હતો થોડી મુદત ઉપર મારો એ સંગ્રહ મારા એક મિત્રના વાંચવામા આવવાથી તેણે એ સંગ્રહ નિબંધના આકારમા બહાર પાડવા ભલામણ કરી અને તેથી જે બન્યુ, તે આજે સ્વદેશ બાંધવોની સેવામાં રજુ કરૂ છુ

આ સંગ્રહનો ઉદ્દેશ ઘણો જુદોજ હોવાથી નિબંધના આકારમા ગોઠવતા લેખો તેને બરાબર પાર આવી શક્યો નથી માટે એ દોષ વિદ્વદ્‌વર્ગ ક્ષમા કરશે, એમ આશા રાખુ છુ સિવાય બીજા

કોઈ દોષો અણજાણ્યા રહી ગયા હોય, તો તાજુબી નથી હું અલ્પજ્ઞનો આ પ્રથમ પ્રયાસ છે અને તેથી વિદ્વદ્વર્ગ મારા પ્રતિ રહેમ દિલ રાખી સુધારો વધારો કરવા સૂચના કરશે, એ મારી યાચના છે

ગુર્જર ભાષામાં જાત-મેહેનતનો જન્મ અદ્યાપિ પર્યંત થયો ન હોત તો મારા હાથથી ઉદ્યોગ વિષે આવો પણ નિબંધ લખવાનો વખત આવત કે નહીં તે કહી શકાતું નથી. એટલુંજ નહીં પણ નિબંધમાં જે કંઈ ઠીક દેખાય, તે મારા ગુરૂવર્ય અને જાત-મેહેનતના કર્તા શ્રી અમૃતરામ અનુપરામ ત્રવાડી એમના પ્રભાવનું ફળ છે! એમનો પ્રસાદ છે! એમનુંજ છે!!!

આ નાનકડો નિબંધ કિંચિત્ પણ લોકોપયોગી નિવડશે, તો હું મારો પ્રયત્ન સફળ થયો સમજીશ અને મારા આ કામની આ-રંભથી અંત સુધી જે મદદ મળી છે, તેને માટે હું સંપૂર્ણ ભાવે આભાર માનું છું

કર્તા.

પ્રવેશક.

રોળાવૃત્ત.

સુખ વૃદ્ધિ, ધન વૃદ્ધિ, હિત વૃદ્ધિ જો જોઇએ,
મંગળદાયક ચિન્હ આપમાં સંકટ સહીએ,
હોય વડો રણ જંગ પાછો પાની જે ન કરે,
નડે મુસીબત પડે, ચડે હરિ તે શું ન કરે? ૧

પામર જંતુ જુઓ હિંમતે ધસમસિ ચાલે,
ઉત્તમ એ દ્રષ્ટાંત દીન કો દિલમાં ધારે,
દીન મટી દાતાર થવું જો હોય તમારે,
આતમ થઇ ઉદ્યોગ કરો દિન દીન વધારે ૨

વખત ન્હેરો તજે ગાન ગુલતાન તજીને,
તજે શોક નવરંગ સાધનો સર્વે તજીને,
તજી લક્ષ્મીનો સંગ, રંગ હરવા ફરવાનો,
અમન ચેન પણ તજે, જેથી જગ મોહ થવાનો ૩

તજી સ્વર્ગ સમ સુખ, ચૈતર વ્હોરે જે જે,
જન્મ ધર્યો જગમાંહિ, સફળ દેવાયા તેને,
ધન્ય ધન્ય તે જન્મ, ધન્ય છે જનની તેની,

[illegible]મે જગમા નામ કિર્તિ ફેલાવે એની ૪
દેશી ને દર્શન સહુ કરે સ્થીર રહેશે,
તજે ઝાઝા નીર નીર ગમાનુ લેશે,
જ્ઞાતીના ભગવાન મેળવે મહિમા મોટા,
લક્ષ્મી વૈભવ માત્ર મણુજો મનમાં ખોટો ૫

કચો

અર્પણ.

સદામહેરબાન ગુરૂવર્ય શ્રી ગણપતરામ
અનુપરામ ત્રવાડી.

સાહેબ !

હું આપનું દિલ હમેશાં સ્વદેશ સેવા બજાવવામાં તત્પર રહેલું જોઉં છું, હલકી સ્થિતિમાંથી ઉચ્ચ સ્થિતિએ જવાનો પ્રયત્ન કરનારને ઉત્તેજન આપો છો, અને નિરંતર સદ્વર્તનમાંજ રહીને દેશમાં સદ્વર્તન વધારવા અંતર લાગણીથી યત્ન કરો છો, એટલુંજ નહિ, પણ હું શબ્દોથી કહી નશકું એવી અમૃતદૃષ્ટિ અવિચ્છિન્નપણે મારાપર વર્ષાવતા રહીને ઝટપટ મારૂં શ્રેય થવા ઇચ્છો છો! ઇત્યાદી ઇત્યાદી આપના દેવ દુર્લભ સદ્ગુણો મને જાગૃત કરી વિસ્મય પમાડે છે!

વળી 'જેઓ જેનો અભ્યુદય ઇચ્છે, તેઓજ તેના પ્રયાસમાં રખાય!" તથા "જે જેનું તે તેનેજ છાજે!" એમ સમજીને હું પૂર્ણ ભક્તિ ભાવે સાષ્ટાંગ પ્રણામ કરતો કરતો મારા પ્રથમ પ્રયાસથી જે કંઈ થયું તે આપનાજ ચર્ણારવિંદમાં મૂકી અતિ હર્ષિત થઉં છું.

હું છું આપનો દેવરામ.

मंगल.

वसततिलका वृत

शंभू नमु चरणमा प्रथमाक्षानि आ,
दृष्टि प्रसाद करजो नवळि मतिमा,
निद्रा स्वदेशीय प्रजा तजीदे उमंगे,
बाहु वरे सुखद मार्ग ग्रहे सुरंगे. १

ऊमा पति उछळती मम वाञ्छना आ,
पूरो महेश महिपाळ कृपाळ राया,
आ भारती भवननी लघुताई टाळो,
श्रेष्टाह्न सूर्य प्रगटो प्रभु शौर्य वाळो २

उद्योग हुन्नर वधे बधु ठाम ठामे,
विद्या, कळा विजय थाय विशेष वामे,
साष्टांगथी नमि नमी करु याचना हु
आ कार्यमा विजय देव विशेष चाहु ३

આગળ તો ચાલો ઝળાં મળા દેખશો, ને તમારી પણ ખાત્રી થશે

ઉદ્યોગ.

मनुष्य यत्न इश्वर कृपा

जो न करे बळ,

तो न मळे फळ

ખરી આશા ને કોધ મો હોચતુ ન થી, આ વાત એજ મારૂ જીવન છે ભળ છ

નિમતા ઈશ્વરે જગતમા સર્વ મનુષ્યના હૃદયમા સુખ મેળવવાની અખંડ જીજ્ઞાસા મુકેલી છે, અને દરેક માનવ પ્રાણી સુખ મેળવવામા હમેશા આતુરજ રહે એ સ્વાભાવિક છે પણ જ્યારથી મુસલમાન સ્વારીઓના ઓઘ હિંદપર ફરી વળવા લાગ્યા, ત્યારથી અદ્યાપિ પર્યંત ભારતવાસીઓ ઘણું અરધે ભાખો મળે તો આખાને ન ચાહીને અથવા તો જે મળે તેમા સંતોષ માનીને જેમના તેમ પડી રહેવામા સુખ માનવા લાગ્યા એથી ઉલટુ દુનિયાની બીજી કમાળ અને અજ્ઞાન પ્રજાઓ વિવિધ સુખના સાધનો ખોળવા લાગી અને હુન્નરી ઉદ્યોગનો ચળકાટ દુનિયાને દેખાડવા લાગી અને પરિણામે આપણને પાછળ મુકીને એટલે સુધી તે પ્રજાઓ વધી ગઇ કે આપણા કામમા રોજ વપરાશમા આવતી નાની મોટી અનેક ચીજો પરમુલકથી આવે ત્યારેજ આપણુ કામ ચાલે અફસોસ, આવો વખત આવ્યો ત્યાં સુધી આપણે મીઠી પણ નિર્માલ્યકર કુબુદ્ધિનિદ્રામાં ઘોરીએ છીએ આપણે આપણા સુખની પરિસીમા સંતોષ વડેજ સંપૂર્ણ કરીએ છીએ.

સતોષનો અર્થ એવો નથી કે જોઇએ કે આપણાથી જે-ને વધારે સુખ મળે છે, તેનાપર ઇર્ષા કરતા, તેનુ બુરૂ નહિ ઇચ્છતા આપણને જે સુખ મળે છે, તેનાથી સંતોષ રાખી—ગમ્મત રહીને ખળભળાટ કર્યા સિવાય અગાઉ વધારે સુખ ભોગવવા વ્યાજબી પ્રયત્ન—અજીત સ્પર્ધા કરવીજ જોઇએ. એથી ઉલટુ સતોષનો અર્થ આપણે એવી રીતે માની લઇને અર્થાત એ તો આખાને સેવા જેવુ નહિ. ભલે અર્ધા ભૂખ્યા રહીએ, પણ સંતોષી તો રહેવાઇએ. આવી ધારણા તો આગળના કાળમા વાળો ર છે, એમ મારૂ તો માનવુ છે આવી એટલુ છતા હુ એમ તો કોઇ પણ રીતે સતોષી રહી શકતો નથી પ્રયત્ન કરવાની શક્તિ, અને હિંમતની ખામી હોય, ત્યારેજ સ્પર્ધાનો લોપ થાય નિર્દોષ સ્પર્ધા એ સુધારનુ લક્ષણ છે ખરા સુખનો અને ખરી મઝાનો ઉત્તમ સ્વાદ જે આપ બળમા રહેલો છે, તે ભૂલી જઇને—જેમના તેમ પડી રહીને સંતોષમા ખરૂ સુખ માનવુ એ સમજફેર માત્ર છે ખરૂ જોઇએ તો “ અજ્ઞાન એ સંતોષનુ કારણ છે ” વર્તમાન સ્થિતિમા બિલકુલ દુખ ન માનતા ધન, વિદ્યા, અધિકાર મેળવવાને હમેશા ભગીરથ પ્રયત્ન કર્યા કરવો એ દુનિયામા ડહાપણની નિશાની છે

ઉદ્યોગ કરવો એ મનુષ્યને માથે ઇશ્વરે મુકેલી મોટી ફરજ છે અને તેથીજ ઇશ્વરે મનુષ્ય જાતીને સર્વેથી ઉત્તમ અધિકાર અને બુદ્ધિની બક્ષીસ આપી છે એ મનુષ્ય જાતીને એક સર્વેથી મોટો હક્ક મળ્યો એમ સમજવુ વળી દુનિયામા જે જે જોઇએ છીએ, તે તે ઉદ્યોગથીજ બનેલુ છે ઉદ્યોગ નહોત, આપણા તો આ વખતેજ ઉદ્યોગ બંધ પડે તો પ્રાણી માત્ર મરણ પામે ખાવા પીવાની અને

પહેરવાની તેમજ એવીજ બીજી જરૂરીઆતો ચીજો કોઇ પણ માણસ હાથ પગ ચલાવી કરેજ નહિ તો હમણાંજ દુનિયામાં સર્વત્ર શુન્યવત ભાસે.

આપણે શાંતપણે ઉંડો વિચાર કરી જોઇશું તો તરત માલુમ પડશે કે દુનિયામાં આપણું કોઇજ નથી. કામધંધો ન કરીએ અને બેઠાબેઠા ખાઇએ, તો થોડાજ દિવસમાં ઘરના સર્વે કંટાળે માટે એ તો ખરૂં જ છે કે આપણે જાતમહેનતથી જે કરીએ, તેનું ફળ આપણે ભોગવીએ એ ન્યાય છે “આપ સમાન બળ નહિ, ને મેઘ સમાન જળ નહિ” આપણે કર્યું તેજ આપણું 'પારકી આશ સદા નિરાશ” દુભાણો કરી આપશે, અને આપણે ઉપયોગ કરીશું એ માનવુંજ મિથ્યા છે આપ બળનો જુસ્સો એજ માણસનું ખરૂં જીવન છે પારકાને આધારે જીવવું, તે કરતાં મરવું હજાર વાર બહેતર છે

ઇજ્જત આબરૂ, પૈસો-કે એવીજ બીજી અમુલ્ય ચીજ મેળવવા પોતે જાતેજ યત્ન કરવો જોઇએ કહેવત છે કે 'મનુષ્ય યત્ન ઇશ્વર કૃપા” યત્ન કરનાર માણસનેજ ઇશ્વર સહાય કરે છે કંઇ ઇશ્વર પોતે જાતેજ હાથોહાથ આપવા આવતો નથી પોતાને જે મેળવવાની ઇચ્છા થાય, તે જાતેજ યત્ન કરીએ તો ઇશ્વર કૃપાથી આપણા યત્નનું ફળ મળે. બીજાનો આધાર કે મદદ માણસો આશા કરે છે આધાર કે મદદની ઇચ્છા થતાંજ જાત મહેનતનો ઉભરાતો જુસ્સો સહી જાય છે આ તમામ લાગણીઓ નાબુદ થાય છે વળી જાતેજ મહેનત કયાંથી ઉપડ રહે છે આધાર કે મદદ મળતાં તેની ઉલટ રહેતી નથી ટુંકામાં “પારકી મદદ” એ શ-

ન્હાના નાખતા ઉદ્યોગ જેવા અમૂલ્ય વિચાર ન ... આવે છે પણ વગ ... કરી આવેલી મદદ ઉદ્યોગીએ કબુલ ... ન કરી હરકત નથી કેમકે જગતમાં ઇશ્વરે સર્વ ચીજો અપૂર્ણ ... કેમકે હીરામાં કઠણપણું એ દોષ, ચંદ્રમામાં કલંક એ દોષ તેમજ સ્વરૂપને વિષે દુર્ભાગ્ય, વ્હાલા જનનો વિયોગ, પ્રિતિમાં દુઃખ, પદ્મના નાળમાં કાંટા, પંડિતને નિર્ધનપણું, સત્વવાનને કષ્ટ, તેમજ ઉદ્યોગના ઉદ્યુક્તશાળને કંઈક પણ અંતરાય હોય છે માટેજ મેં ઉપર કહ્યું તેમ વગ પ્રયત્ને આવેલી મદદ સ્વિકારવી જોઇએ, કેમકે એવી મદદ ઘણરી મદદમાં દાખલ થઇ શકે છે

“पारतन्त्र्यम् परम् दुःखम्” અથવા “પરાધિન સ્વપ્ને સુખ નાહિ” તેમજ પારકી આશથી નિમાલ્ય જેવા થવાય છે, પણ ઉદ્યોગ થતો ત્યાં દુર્વિચારો સુઝતા નથી તો મુક્તિ પ્રમુક્તિમાં દાખલ કરવાનું ક્યાં રહ્યું? 'પારકી આશ" એ શબ્દોજ એવા છે કે તેને માટે સહજ ધિક્કાર આવે છે અને જાણે તે શબ્દો એવા નીચ, એવા હલકા છે કે તાબેદારી જેવા અર્થમાં તેને દાખલ કર્યા સિવાય ... જ્યારે એમ થયું ત્યારે તો ચગદાયેલી બિચારી પરાધિનતા ઉંચું ઉપાડીને જોવા પામતીજ નથી, એ સ્પષ્ટ છે નમાલા થયા પછી પોતાનું પંડ પણ પોતાને ભારે લાગે છે કારણ કે આળસ આપણા પર સ્વારી કરે છે, ત્યારે આપણું શરીર નરમ ઘાસ જેવું—ભારે થઇ જાય છે અને બીજાના આધારની જરૂર પડતાં જીવન ધુળ મળે છે

સંસારની મુસાફરીમાં એટલે આ જીવનમાં મનુષ્યે જે જે કાર્યો કરવાના છે, તેમાં ઉદ્યોગ એજ મુગટ રૂપ કાર્ય છે કામ કાજ કરી

મેળવે, તેજ બીજાને આપી શકે, પણ આળસ કરી પોતે જ પોતાના પડને હુમે, તે બીજાનું શું સારૂ કરી શકે? પોતાનું સારૂ કરનાર દેશનું અને દેશનું સારૂ કરનાર પોતાનું સારૂ કરી શકે છે માટે "દરેક કામમાં પહેલ કરી આગળ થાઓ, અને દેશના સામર્થ્યની જીવન દોરી કહેવાઓ!"

પરસેવો ઉતારીને પકવેલ ફળ જેવું મીઠું-સ્વાદિષ્ટ લાગે છે, તેવું બીજું મીઠું લાગતું નથી અને ઉછેરેલ વૃક્ષનું ફળ, કે જા તે મહા મહેનતે કરેલું કોઈ કામ જ્યારે માણસ નજરે જુએ છે, ત્યારે તે કામમાં તેને જેટલો શ્રમ પડયો હોય તેટલો બધો ત્યારેજ ઉતરી જાય છે અને તેને એવો આનંદ થાય છે કે તેનું વર્ણન કરવા હું અશક્ત છું તે આનંદ રસના ઉત્તમ પાનનો અકથ્ય મીઠો સ્વાદ અનુભવીજ જાણે!

કોઈ પણ કામ આરંભ્યા પહેલા અઘરૂં લાગે, અને આરંભમાં તેથી પણ અઘરૂં લાગે પણ જેમ જેમ આગળ ચલાય, તેમ તેમ તેજ કામ સ્હેલું લાગે. "કામ કામને શિખવે, મહાવરો મોટી વાત છે" પછી તે કામજ આગળ જવાનો રસ્તો બતાવે! પ્રકાશ દેખાડે! સ્હેલું થાય, આપણો ઉમંગ વધારે અને ફળ આપે!

જેવા કામ કરીએ તેવા ફળ પામીએ! કહેવત છે કે "જેવા બીજની વાવણી તેવાં ફળની કાપણી" બોર વાવવાથી કેળાં, કે આ કડો વાવવાથી કેરી કેમ પામીએ? માટે જેવા ફળ મેળવવાની આશા થતી હોય, તેવા કામનાં બીજ રોપવા-તેવા કામ કરવાં માણસ માત્રને લાગ, સુખી અને ધનવાન થવાની ઉમેદ સ્વાભાવિક રીતે હોયજ જોઈએ સદુદ્યોગ કરવો એ પણ સ્વભાવિકજ છે

ઉદ્યોગ શબ્દમાં તમામ જાતના માણસે કરવાના સત્કાર્યોનો સમાસ થાય છે વ્યસન તજાય, શોખો ઓછા થાય, આરોગ્યતાના નિયમો પળાય, કરકસરથી ચલાય, કુટેવો છોડાય, મન વશ રખાય, ત્યારેજ ઉદ્યોગને રસ્તે ચડાય સુધરી શકાય, સત્કાર્યો કરી શકાય !

સ્વતંત્રપણે મહેનત કરવાથીજ ઉચ્ચ સ્થિતિએ ચડાય છે. કોઈકને આધારે અથવા આંગળીએ વળગી ગયેલો આળસુ પાછો ફરી રીતે વળે? તેમ કોઈના હાથમાં અથવા પરાધિન રહીને ઉદ્યોગ પણ મનમાનતો ઉત્તમ થાય નહીં સ્વતંત્રપણે ઉદ્યોગ કરનારને મદદ કરવી એજ પરોપકાર, અને એજ સ્વદેશાભિમાન, કોઈ પણ માણસ પોતે માથે લીધેલું કામ કેવા ઉત્સાહથી કરે છે, તે ઉપરથી તેનામાં ખંત મહેનતનો જુસ્સો કેટલો છે તે જણાઈ આવે છે. શરૂઆતમાં ગજા ઉપરાંત મહેનત કરવાથી કાંઈ ફળ નથી, પણ ઉલટું નુકસાન છે તે એવું કે મહેનતનો જુસ્સોજ કાં તો નાબૂદ થાય. અને તેમ નહીં તો થાક લાગવાથી બીજે દિવસે કંઈ પણ કામ થાયજ નહીં આથી કહેવાની મતલબ એજ છે કે ધીમે ધીમે મહેનત કરવાની ટેવ પાડવી એથી સૌ સારૂં થશે

વાદ વિવાદ કર્યા કરતાં કામકાજમાંજ અને વ્યવહારમાં ઝંપલાવવાથી, પોતાનું વર્તણું ચલણ સુધારવાથી અને બીજાનું જોઈ જોઈ તેવા થવાથી માણસ ખબરદાર બને છે આપ બળની કેવી સર્વોપરી સત્તા છે! ધીરજના ફળ કેવા મીઠા છે? દ્રઢતાનો કેવો અસલ જુસ્સો છે? અડગ સાહસી કેવા કેવા ડુંગર ડગાવી નાખે છે!! તે જોવું હોય તો અચળ કિર્તિવંત મનુષ્યોના તેજસ્વી દાખલા આજુબાજુ નજર ફેરવી તપાસો તો તરત માલમ પડશે કે

અનેક નકરના સાચા, તાર, અગ્નિરથ અને એવાં અનેક સુખના સાધનો અને તે પર તેના કર્તાને પડેલો શ્રમ બારીકીથી વિચારો! જે જે નામાંકિત નરો થઇ ગયા છે, તે અમુક જ્ઞાનીના કે અમુક ધધાવાળાજ થયા છે, એમ સમજવું નહિ. એક હજામ, તો બીજો રાજા! ત્રીજો સાળવી, તો ચોથો કુંભાર! એમ ભિન્ન ભિન્ન ધધો કરનાર વિરો ઉદય પામ્યા હતા

સહનશિલતાનો ઉત્તમ ગુણ પ્રાપ્ત કરવો હોય તો પોતાના કામમાં જે જે વિઘ્નો પડે, તે તે હિંમતથી ખસેડવા નિષ્ફળ પડે ત્યારે નવી નવી મન શક્તિઓ ઝળકી ઉઠે જો કામને જીતીએ નહિ, અથવા તો કોઇ કામમાં એક વખત પાછા પડીએ તો નવી જાગૃતિથી કામ સાથે લડવાને ફરી સજ થવું "ભુલ્યા ત્યાંથી. ફરી ગણો" અહા! આ બોલમાં કેટલો ગંભીર અર્થ રહેલો છે? જો દ્રઢતાથી ધારે તો કાળા માથાનો માનવી શું ન કરે? અહા! આપણે વિચારીશું તો સુધારાપર સુધારો! અને તેનાપર સુધારો! આ ઓગણીશમી શદીએજ દુનિયાના પાછલા ચમત્કારો ઝાંખા નાખી તે પર નવો ઓપ ચડાવ્યો છે! કોઇ કોઇ તો એના ખતથી મંડી પડવા હોય છે કે હજુ આપણે ચમત્કારના ઉછાળામાંજ ઉછળતા હોઇએ, ત્યાં વળી તેને આટીંસું ખવરાવે એવો ખરેખર અલૌકિક બાગનો, જન સમુહને હેરતમંદ બનાવતો, અને થોડીવાર સાંભળનારનું મન પણ કબુલ ન કરે એવો મહા! ચમત્કાર સાંભળીએ અને જોઇએ છીએ! અહા! અને તેને શૂરવીર કહેવો! મહેનતનું કહેવો! દુનિયાનો સર્વોતમ મુલ્યવાન હીરો કહેવો! કે એને તે કઇ ઉપમાનું બિરુદ આપું

આપીએ કે જેથી આપણું મન સંતોષ પામે! આપણે દુકાગા તેને ધન્યવાદના બે બોલ આપીએ! હે! મનુષ્યાવતાર લેનાર દેવતા! તારા કૃત્યને અમે ઉચ્ચ માન આપીએ છીએ! તેં આ દુનીઆની હસ્તી સુધી ન ભૂલાય! ન ભૂસાય! એવું નામ મેળવ્યું છે! તેં જીવનનું ખરૂં સાર્થક કીધું છે! તું અમર રહ્યો છે!! *

વૃદ્ધાવસ્થા અવશ્ય આવશેજ એ દરેક માણસ સમજે છે એ અવસ્થામાં કંઈ પણ કામકાજ થઈ શકે નહિ. તાડીઆ તારવાળો અગર તો ધણી પડેલી ધ્રુજતો માણસ જેમ બહાવરો બને છે, તેમ વૃદ્ધાવસ્થાએ એવી હાલત આવનારી એ નિશ્ચય છે વળી બીજું કોઈ આપણું પડતું પોષણ કરે તેમ નથી તે વખત જુવાનીનો સમય નિરર્થક ગુમાવ્યા બદલ કેવો પસ્તાવો કરવો પડે! હું! માનવ! એ સમય ખ્યાલમાં રાખવો જોઈએ

બહાર પડીને મહેનત કરનારા ઘણે ભાગે તો ગરીબ લોકોજ હોય છે, ને ધનવાન કોઈકજ હશે તેઓ પણ મહેનતથી ફતેહ મેળવી કિર્તિનો કોટ તો કોઈકજ ચણતા હશે ધનવાનને જેજે દુખ—જે જે અડચણો નડે છે, તે નિર્ધનને નડતી નથી નિર્ધનને મહેનત તો સ્વાભાવિક છે કેમકે તેના જીવનનો આધાર મહેનત ઉપરજ રહેલો છે જે માણસ જ્યારે ત્યારે ' મને વખત નથી ફુરસદ નથી અવકાશ નથી એમ બોલ્યા કરે છે તેને પોતાનું કામ નિયમસર કરતાં આવડતું જ નથી, એમ સમજવું વગર નિયમે કામ કરવાથી તેના કામનો બોજો તેને હમેશાં વધારે થઈ પડવાનો દાખલા તરીકે એક સરકારી અમલદાર પોતાના વિવિધ કામના કામ

ળોનો રોજે રોજ પથારો કરતો આખો દહાડો કામકાજમાં અભન ન મળ્યો રહેતો તોપણ બનતું એવું કે વચમાં એકાદ કામના કાગળોનો તત્કાળ ખપ પડે, ત્યારે સઘળા કાગળો ઉથામીને તપાસવા પડે આથી જેમ જેમ ઉતાવળ કરે, તેમ તેમ પાછા પગલાં પડે! વખતે કામનો કાગળ હાથમાં પણ આવી જાય, તે પાછો ઉતાવળને લીધે ગભરાટમાં પડતો મુકી બીજો ઉપાડે આ રીતે કામની બરોબર ગોઠવણ નહિ હોવાથી તેનો ગુંચવાડો વધતો" માટે એ તો નક્કી છે કે કામની બરોબર ગોઠવણ કરતાં આવડે અને ખરો ઉદ્યોગી બને તો તેને ઘણોજ અવકાશ મળશે જેમને ઘણું કામ હોય છે, અને કરવાની જે ઉમંગી હોય છે તેને પુષ્કળ વખત મળે છે

તમે કાંઈપણ નવું કરો એને તેના ઉપર બારીકીથી વિચાર કરી સુધારો વધારો કરનાર કોઈ જાગશે, મહેનત વડે હલકી સ્થિતિમાંથી માણસની જેમ જેમ સારી સ્થિતિ થતી જાય છે, તેમ તેમ ચાન થતો જાય છે સાધારણ સ્થિતિવાળા કરતાં મુફલીસ અને હલકી સ્થિતિવાળા વધારે ચઢે છે અને જેમ ચઢતા જાય છે તેમ બીજાને દાખલો દેખાડતા જાય છે જેમ વહેલું દુઃખ અને વિપત્તિ વેઠવા પડે, તેમ તે સુખ સંપત્તિ અને ઉન્નતિના ભોગ અને અવસ્થના મદદગાર સાધન થઈ પડે! હલકી સ્થિતિમાંથી ચડેલ હોય તેજ દુઃખના દિવસો જાણતો હોય બીજાને તેનો ગમ હોય નહિ એથી મનુષ્યની મધ્યની સ્થિતિની માહિતી એ ગરીબ સ્થિતિવાળાને આવે છે હલકી સ્થિતિવાળો ચડેલો માણસ પોતાની હકીકતમાં ગરીબ સ્થિતિની વાત કરે, તથા ઉચ્ચ સ્થિતિવાળો ગરીબ સ્થિતિમાં આવ્યાની વાત કરે, એ બેમાં કોને માન મળશે? એ જાણવું મુશ્કેલ નથી

એક ચિત્તે અડગ ઉદ્યોગ નિરંતર કરવાથી અને સુલક્ષણથી કેવાં મોટાં કામ થાય છે? જન સમુહના નીચા સમુહમાંથી નીકળીને પોતાની અંતર શક્તિના અને જાતેજ સેવા ગજાવવાના સામર્થ્ય વડે મનુષ્ય તુલનાના સૌથી મોટા દરજ્જાઉપર ચઢી જાય, એવા પરમ પુરૂષાર્થવાળા પુરૂષો વિરલા હોય છે જેમણે નામના મેળવી હોય તેમણે તો સત્કાર્યે પછવાડે ખાધાપીને જ તથા મંડ્યાજ રહેવું દરેક બાબતમાં શ્રેષ્ઠાઇનો સૂર્ય આળસ અને સુસ્તીના અંધારાવાળા પ્રદેશની બહાર પ્રકાશે છે જે બાહુબળથી અને બુદ્ધિબળથી હમેશા મંડ્યા રહેશે, તે પોતાની જાત કેળવણીમાં, જાત સુધારામાં, કળા ગુણમાં અને ધંધા રોજગારમાં ધનવાન થશે, અને મીઠાં ફળ ચાખશે" ચિંતા વિના ચિંતવેલું કામ પાર પડતું નથી. ચિંતાથી ઉલટો શબ્દો નિરાંત કે નિશ્ચિંતતા છે નિશ્ચિંતતા એ માણસને દસાવનારી નિદ્રાની સગી બ્હેન છે "

દોહરો.

"ચાતક, ચકવા, ચતુર નર, પ્રતિ દિન ફરે ઉદાસ,
ખર, ઘુવડ ને મૂર્ખ નર, સુખે સુવે નિજ વાસ."

જો માણસને ઘણી નિરાંત અને પૈસો હોય તેજ ગાણામ નિરાંત અને પૈસા વડે ઉંચી કેળવણી મેળવે એવો કંઇ મેળ નથી જો એથી ઉમદા કેળવણીનો એ બે વસ્તુ ઉપરજ આધાર હોત, તો નિર્ધન અને નબળી હાલતમાંથી પેદા થઇને દરહમેશ જે નિર પુરૂષોએ મોટા કામ કરીને જગતને એહસાનમંદ કરી છે, તે કરી ન શકત! એશ આરામમાં ઉછરી આળસથી–ચઢઠ સામા કમર

કમતા અથવા પુરૂષાર્થ કરવાને માણસો સમર્થ હતા નથી એવા મોજીલા શોખીન માણસને એવી ખબર પડતી નથી કે કમ કઇને કામ કરવાથી અને લીધેલા કામને પાર મેલવાની મારામાં અંતરશક્તિ છે અને જ્યાં સુધી એ શુદ્ધ જ્ઞાન થયું નથી, ત્યાં સુધી એ શક્તિ તેનામાં દબાઇ રહી છે અને શક્તિનો પ્રકાશ ન થવાથી તે જ શક્તિ ઘોર નિદ્રામાં રહે છે અને તેમ થવાથી તેવા માણસની કોઇપણ મહત્કાર્ય નીપજતુ નથી ખરેખર હું તો ધારૂં છું કે દરિદ્રતા એ દુખજ નથી પણ ઉદ્યોગરના જાત શ્રમથી તે દુખ પણ સુખરૂપ થઇ પડે છે કારણકે એ કઠણ કહાડામાંથી નીકળવાને માણસ દુનિયા સાથે બાથ ભીડે છે તેમાં જેઓના કાળિયામાં જોર નથી હોતુ, તે એ કામમાં હાર ખાઇ ઉદાસ પાછા પડે છે અને પછી નિરાતે ઘેનમાં ઘોરે છે પણ જે સચેત મનવાળા અને હોખડની છાતીવાળા હોય છે તેઓ તો એવુ યુદ્ધ મચાવી મૂકે છે કે દરિદ્રતાથી તેમનામાં ઔર હૈવત આવતુ જાય છે તેમના મનમાં દુખ દરિયો પાર કરવાની આશા વધુ વધુ બધાતી જાય છે, અને તેવાઓ છેવટે જય મેળવે છે આપબળમાં જેટલું હૈવત છે, તે કરતા ઘણુજ થોડુ કેટલાક લોકો માને છે. અને દ્રવ્યમાં જે જુજ થોડુ હૈવત છે, અથવા તો એમ કહીએ કે દ્રવ્ય એ એક સાધન છે તો પણ તેનું હૈવત વધારે માને છે તે લોક સમજવું જોઇએ કે ઘણી વખત એકઘોગનો મોટો શત્રુ થઇ પડે છે જે માણસ પૂંજી ઉપરજ વિશ્વાસ રાખે છે તે પોતાનેજ દુબળે લડવાનો, તે પોતાનું રળેલું ખાવાનો, તે ખરી રીતે ચાકરી કરીને ભાખરી મેળવવાનો અને પરસેવો ઉતારીનેજ મહેનત કરવાનો, વળી તે પરસેવા ઉતારની કમાઇ

વિચારીનેજ વાપરશે. માણસને એશઆરામ ને મોજ તો મૂળથીજ ગમે છે. આ ધનવાન પોતાના ધનવડે તે સ્હેલથી મેળવી શકે છે તેમ છતા ગર્ભશ્રીમંતને ઘેર જન્મીને પારણામાથી જાતના કલ્યાણનાં કામોમા પડનાર ધનવાનોને ધન્ય છે, તન, મન ને ધનના સુખનો ત્યાગ કરીને કહું વહીતઃ કરવામા વૈભવ માને છે, તેમને હજાર આફરીન છે. પર કમાઈનો પૈસો એ ગ્રીષ્મ ઋતુનાં ઝાકળ સમાન છે, અને જાત મહેનતથી મેળવેલ ફળ તે ઉત્તમ ગંગાજળ સમાન છે. મગજને જરા પણ વિસામો આપ્યા વગર અખંડ ઉદ્યોગ આ શરીરનો પણ દરકાર નહિ કરનારજ મોટાં પરાક્રમ કરી શકે છે. "અમારો મગજ પાકી ગયો છે? અમે કોમળ છીએ તે અમારાથી તો એવી માથાફોડ મહેનત ન થાય, અમારી તબીયત ઠેકાણે નથી, એવું બોલનારાઓ ઉદ્યોગની રણભૂમિમા શું ધાડ મારવાના હતા!! જો સઘળા માણસ એવાજ કોમળ હોત, અને કોઈ પ્રકાશિત તારો અદ્યાપિ પર્યંત દુનિયામા પ્રગટ થયો ન હોત, તો હાલ આપણે આ દુનિયા ઉપર જે સુખના સાધનોનો ઉપભોગ કરીએ છીએ, તેવો દિવસ આવ્યોજ ન હોત. અને મને તો એમ લાગે છે કે માથે લીધેલું કામ એકવચની થઈને રાક્ષસવત્ મહેનત કરનારને ઉદ્યોગ એજ ખોરાક છે કે શું!! ધારેલું કામ ધાર્યા પ્રમાણેજ પૂર્ણ કરનાર થાઓ, એટલે કર્મ અને વાણીમા એકવચની થાઓ, અને આરામનો અનાદર કરીને શ્રેષ્ઠ થવાની ઉમ ઇચ્છા તમારામા દિવસે દિવસે વધારો, જે માણસ જાતે શ્રીમંત છે, અને મોજમઝાના શોખી છે, તેને તો શિકારમા જવાનું, ગાડીનો બ્હાર કરવાનું, અને અમનચેનમા રહેવાનું, જીઆફતોમા જવાનું અને ગા

નતાનમા ગુનનાન થવાનું મોજ મઝા ભર મોસમમા આવતી હોય તેવા વસતના સુદર વિમોમા તમાસા જોવા જવાનુ અને ગિત ગડળમા મળવાહળવા જવાનુ, આસપાસના ગામોમા પોતાના સુદર બગલા હોય, ત્યા ચાલ્યા જવાનુ, અને ત્યા સ્વાદિષ્ટ પક્વાનોથી સ્નેહીઓને જમાડવાનુ વળી નામાંકિત મોટા શહેરોમા પ્રવાસ કરવાનુ સ્વાભાવિકજ હોય, પણ એ સઘળી મોજમઝા એ સઘળા રગ તમામ તજી દઇને કોઇ ગર્ભશ્રીમત કોઇપણ પ્રકારની નથુ રી મહેનત મનના ઉમળકાથી કરે ? એ કેવુ આશ્ચર્ય !!

મોજમજાથી વૈભવ ભોગવવાથી, બેમાલુમ કેવા મોટા નુકશાન થાય છે અથવા તો કેવી મોટી બાબતો જાણી રહી જાય છે તે નહિ જાણતાં અને ખ્યાલમા પણ નહિ આવતા દુકી મુસાફરીનો ક્ષણિક વખત વહી જાય છે "આળસ અને ખરી આશા એ બે સાથે વસતાં નથી' જેને આળસ છે, તેને ખરી આશા નથી અને જેને ખરી આશા છે તેને આળસ નથી ખરી આશા એ ચિંતાને જન્મ આપે છે પછી ચિંતા એ નિદ્રા અને આળસને નસાડે છે "જાગતાની પાડી ને ઉંઘનાનો પાડો' એ કહેવત યાદ રાખવી જોઇએ

આપણે ઉપર કહ્યું 'તેમ અમનચેનની બાજી, વૈભવ અને"
"મોજમઝા ભોગવવા ખુદ્દર નામના એક દ્રવ્યાંડવાળી નરો"
"ઉમેદ થઇ હોત, તો તે ભોગવી શકત તેની બરોબરીના બી"
"જા જાગીરદારો અને અમીરો મોજ શોખમા મગ્ન રહેતા પણ"
'આ નિરંતર આ મોજ શોખનો ત્યાગ કરી સાક્ષર વર્ગમાં દા-"
ખલ થઇને ગ્રંથ કર્તાના ઉદ્યમ પછવાડે મચ્યો પ્રથમ તેણે કા "

" બ્યકળામા અજમાયશ કરી, તેમા હાર ખાધી તો પણ ફરી પ્રય "
" ત્ન કરી ફાકલાડ' નામની વાર્તા લખી તેમા પણ થપ્પડ ખાધી"
" આ વખત જો કોઇ નબળા મનનો માણસ હોય, તો તે લખવા "
" નો ધધો મૂકીને દુર બેસે. પણ બુલ્વર નિર્માલ્ય નહોતો તેણે "
" ત્યાર પછી 'પેલ્હામ નામની 'નવલ' વાર્તા પ્રગટ કરી હવે આ "
" પ્રયાસમાં તે ફતેહ પામ્યો અને છેવટે એ કામમા પુરી લાયકી"
મેળવીને આજ પાર્લાશ વર્ષ થયા સ્મિતવદને પ્રકાશે છે" મી.

બુલ્વરની પેઠે એકવાર અમુક ધધામાં હાર ખાધી હોય, બીજી વખત વ ધારે હાર ખાવી જાય, તો પણ ત્રીજી વખત મડ્યા રહે, એવા પુરૂ ષો વિરલા છે [illegible] પ્રતિની લોક પ્રસિદ્ધિ પ્રાપ્ત કરવાને કેટલી મ હેનત કરવી પડે છે, અને કેટલો આગ્રહ રાખવો પડે છે તે એવી પ્રસિદ્ધિ મેળવેલ હોય તે અથવા મેળવવા પ્રયત્ન કરતા હોય તેજ જાણે પ્રસુતાની વેદના વધ્યા શું જાણે? પણ ઉલટું પ્રસુતા સ્ત્રી પોતાની વેદનાની કહાણી વધ્યા આગળ કહે, તે તો તેને એક ઠઠ્ઠા મશ્કરીનોજ વિષય થઇ પડે! દરેક માણસ ઉત્સાહથી મહેનત કરે તો તેનાથી ઘણું કામ બની શકે તો પણ તેની સાથે એટલુ કહેવુ જોઇએ કે આ સસારસાગરની ટુકી મુસાફરીમાં બીજા મા ણસો તરફથી તેને જે મદદ મળે છે, તે ખરેખરી કામની થઇ પ ડે છે આ મોટો દરજ્જો કોના પરાક્રમથી, અથવા તો આ મોટો વૈભવ કોના થકી પ્રાપ્ત થયો છે એ દરેક માણસે વિચારવુ જોઇએ. અલબત જગતમા સૌ માણસોને થોડી ઘણી પરાઇ મદદની ગરજ રહેલી છે ટોકવીલ ચુસ્ત વિચારનો હતો તો પણ તેણે પો તાના મિત્રોની અને સ્ત્રીની મદદ લીધી હતી. તેના બે મિત્રો ડાર

મારશે અને સ્ટોઈક્સે તેને સારી મદદ કરી હતી તેણે પોતાના મિત્રને એક પત્રમા લખ્યુ કે 'માત્ર તારૂ જ મન મારૂ વિશ્રામ ઠામ છે તુ થીજ મારા મન્પર અસર થાય છે અને તુજ જાણે મારામા પ્રવેશ કરતો હોય, તેમજ મનુષ્ય વર્તનના મૂળ સિધ્ધાતો તુજ મારામા પ્રેરતો હોય, એમ ભાસે છે ' વગેરે તે પોતાની સ્ત્રીને માટે કહેતો કે "હુ આટલી ફ્નેહમદીથી અભ્યાસ કરવાને સમર્થ થયો, તે મારી સ્ત્રીને લીધેજ કેમકે તેણે મારી તબીયત અને મિજાજ એવા જાળવ્યા છે કે મને તેમ કરવા સુગમતા પડી" વગેરે આટલુ છતા ખરી મહેનત તો પોતાના પડનીજ જોઇએ

જે દિવસ ફોકટ જાય, અથવા જે દિવસે કઇ કામ ન થાય, તે દિવસ હરામનો સમજવો ઉત્તમ મનુષ્ય પ્રાણી, નિત કરતા વખતને વધારે ઉપયોગી ગણીને સત્કાર્યમા વાપરજે અને આયુષ્યની દરેક ક્ષણ સફળ કરજે હે! માનવ! આપણી જીદગીમા એવી એક પણ ક્ષણ નથી, કે તેમા આપણે કેવળ કર્મ રહિત થઇએ!

'હવેથી જગતનુ ધણીપણુ ઉદ્યોગ અને વિદ્યા શાસ્ત્રના હાથમા રહેનાર છે વિદ્યા જ્ઞાનના પડિતો અને ઉદ્યોગી નરો પોતાની સત્તા વડે દુનિયાને વશ કરશે ઉદ્યોગમા પ્રથમ પેસનાર માણસે આગળના નરોએ જે કરેલુ હોય, તે તપાસીને પછી તેથી આગળ વધવુ અને એમજ થતુ આવ્યુ છે સકટ અને શ્રમ કર્યા વગર ઇદ્રના અશોક વનમા જવાતુ નથી પૃથ્વી ધાન્ય આપે છે, તે પણ મહેનતથી, આ દુનિયા પૂર્વની જગલી હાલતમાથી સુધારા ઉપર આવી છે, તે પણ મહેનતથી, તેમજ સુધારો હમણા ભરતો આગળ ચાલ્યો જાય છે, તે પણ માણસની મહેનતનુ ફળ છે. મહે-

નત કરવી તે માણસને ખરેખરી જરૂરની અને ધર્મની વાત છે, હાલ આપણા સુખને વાસ્તે છે, આળસુને એ દુઃખ છે, આપણા શરીરની રચનાજ જુઓ! ઈશ્વરે એ ધાટ મહેનત કરવાને માટેજ કરેલ હોય એમ ભાસે છે. આપણા હાથનો ઘાટ મહેનત અને મજુરી કરવા માટે લાયક કરેલો છે. શરીરનો દરેક અવયવ મહેનતથી સુધરે છે, પાકો થાય છે કસાય છે. આરોગ્ય છતા થાય રાખે છે. અંગ મહેનતથી બુદ્ધિની કેળવણીને ધોકો લાગતો નથી. મજુરી કરનાર પેટ ભરનારને લાભકારક છે સુખકારક છે, એમ તેઓ અનુભવથી કહે છે. મજુરી એ જાત સુધારાનું સાધન છે. ખરા દીલની મહેનત માણસનો મોટો ગુરૂ છે. જાતઉપર ભરોસો રાખવાથી સ્વતંત્રતાની શક્તિ મળે છે. આ આગ્રહથી મડયા રહેવાની ટેવ પડે છે. આપણે જે સુખના સાધનો ભોગવીએ છીએ, તેના શોધ વિશેષે કરીને દરિદ્રાવસ્થામાંજ પેદા થનારાઓ કર્યા છે. એ સઘળું જ્ઞાન વિશેષત: એ થોડાનેજ ઘટે છે. ઉચ્ચ પંક્તિના લોકો એમ થોડાજ છે.

જન્મનીજ મનશક્તિ અને ઘણો જુસ્સો હોય તેજ મોટા કામ કરી શકે, એમ કંઈ મેળ નથી. પણ જે માણસ પોતાની મનશક્તિ ખંતથી વાપરીને મહેનતે સતત્ આગ્રહથી અને અભ્યાસવાળા અનુભવથી જે ચતુરાઈ પોતાના કામમાં ખર્ચે છે, તેજ મહત્કાર્યનો કર્તા થાય છે. કોઈ પણ કામમાં મુદ્દા અને મુસીબતો શોધી કહાડનાર વહેલો ચડે છે. માણસ જન્મે છે ત્યારથી તેઓની મનશક્તિમાં મોટો તફાવત હોતો નથી, પણ એ શક્તિ વધારવી હોય તો મનની સ્થિરતા અને એકાગ્ર ચિત્તની ટેવ પાડવી જોઈએ.

જ્યારે ઉદ્યોગ અને વેપાર ધમધોકાર ચાલતા હોય છે, તે વખતે અમુક જણસનો ખપ વધવા લાગે છે, તે ખપ પ્રમાણે કારીગરોથી માલ પૂરો પડી શકતો નથી, તેથી અછતને લીધે લોકોમાં પોકાર ઉઠે છે આ વખતે શોધક બુદ્ધિના પુરૂષોના મન એ વિચારથી ચોમેરદમ સ્ફુરી રહે છે વખતે તેઓ કંઇ દુનિયાને નવો ચમત્કાર પણ બતાવી આપે છે

"ઘણા ચતુર શોધકોએ વખતો વખત વરાળયંત્રને નવી ગતિ અને શક્તિ આપી છે, અને ઘણા ઘણા ફેરફાર કરીને એ યંત્રને ઘણાં કારખાનામાં દાખલ કર્યું છે વહાણ ચલાવવામાં, અનાજ દળવામાં, છાપવામાં, સિક્કા પાડવામાં, લોઢું ટીપવામાં સજ કરવામાં, તથા ફેરવણમાં, અને એ સિવાય ઘણા કામમાં એ યંત્ર ચાલે છે એ યંત્રમાં ટ્રેવિથિકે જે સુધારો કર્યો તે બહુ કામનો છે છેવટે સ્ટીવન્સને અને તેના છોકરાએ લોઢાની સડક ઉપર વાહન અગ્નિરથ બનાવ્યો. અને તે ઉપર સુધારો કરી ઉવાટે વરાળયંત્ર બનાવ્યું તેના શોધથી કારખાનાં ચલાવનાર મોટા વેપારીઓને મોટો ફાયદો થયો સ્ટીવન્સન અને ઉવાટને માથે વાદળ ધસી આવ્યું હતું તેજ રીતે સર રિચર્ડ આર્કરાઇટને માથે પણ થયું હતું વરાળયંત્ર, નિર્ભય દીવો વિજળીનો દીવો અને એવા બીજા જે જે શોધ થયા છે, તેમા શોધકનાર અતિ કહાયા છે ઉવાટ સ્ટિવન્સન, અને આર્કરાઇટ જેવા ઉપયોગી અને વિજયી શોધકનરોની સામા જબરદસ્ત શત્રુઓ ઉભા થયા છે અને પોતાની પ્રતિષ્ઠા અને હક જાળવવા તેમને કમર કસવી પડી છે આર્કરાઇટ મૂળ હજામત કરવાનો ધંધો કરતો હતો, તોપણ યંત્ર કામમાં પોતાનું મન દોડાવીને શોધ કરવા

પ્રયત્ન કર્યો અને વિરામનો તમામ વખત તેમા ગાળવા લાગ્યો તેણે એ ઉપરથી રૂ કાંતવાનો સંચો બનાવવા ધાર્યું હતુ પોતાના પ્રયોગ કરવામા રોજગાર રઝળવા લાગ્યો, પૈસા ખારેવાટ થઇ ગયા, અન્નને ને હાતને વેર થયુ તેણ આથી આ ખમાયુ નહીં તેથી તેણીએ બાપડા આર્કરાઇટના મંત્રના તમામ નમુનાના ચૂરેચૂરા કરી નાખ્યા પણ આર્કરાઈટ મહા મગની હતો તેથી તે તેની આથી છૂટ છેડા કરી નોખો થયો, અને અંતે મહા મુસીબતો વેઠી આડ આડ તે પોતાની ધારણામા પાર પડયો ”

આપણે એમ વિચારીએ કે ક્યાણુ કામ કરવાથી કેટલો નફો મળશે, અને આ કામ કરવાથી શો લાભ થશે, તો તેવા વિચારોથી મોટા કામ થઇ શકેજ નહીં એમ નિશ્ચય સમજવુ

ઉદ્યોગમા ધૈર્ય એ મજબુત સાધન છે, હથિયાર છે ધૈર્ય એ ગતની દ્રઢતાનો અંશ છે ને અતિ સુંદર અને મૂલ્યવાન છે તેમજ દુર્લભ છે સઘળા આનંદનુ મૂળ—સઘળી શક્તિઓનુ બીજ છે સુખનુ જીવન આશા છે આશા રાખ્યા વિના સુખ કેમ પ્રાપ્ત થાય? પણ આશા સાથે અધિરાઈ હોય, તો તેમાથી સુખના અંકુર ફુટતા નથી

જે માણસ એમ ધારે છે કે સુખચેન ભોગવતા છતા અને દુનિયાનો બધો લ્હાવો લેવા છતા આપણે માન ભરેલી પદવીઓ મેળવીશુ, તે મોટી ભૂલ કરે છે તેઓ પોતે પોતાનેજ ખોટી કલ્પના અને આશાથી છેતરે છે કેમકે કાબેલીયતની ખુશામોહર કલગી અને આબરૂ ઇજ્જતના ઝળકાટ ઉધવાથી કદી મળતા નથી પણ આખડ ઉજાગરાથી, નિરંતર ચોકસીથી અને સતત્ ઉદ્યોગથીજ પ્રાપ્ત થાય

છે સુખચેન એ ઉદ્યોગમા વિઘ્ન કરનાર છે, અને તેથીજ ઉદ્યોગમા ખામી આવે છે અને આપણે ન જાણીએ તેમ આગળ વધવામા અટકાવ કરે છે યાદ રાખવુ કે અઘરાં કામો ની આફતોમાંથીજ પસાર થતાં ઘણુ જ્ઞાન—ઘણો અનુભવ મળે છે જે માણસ ખરા ખંતથી મહેનતમા મચ્યો રહે, તેને કોણ સહાય ન કરે? એવા નરને એના જેવા બીજા પુરૂષો આગળ ધપીને આશ્રય અને ઉત્તેજન આપેજ

ખરા ધનવાન તેજ કે જે ઉદ્યોગી હોય છે એવા પુરૂષો વખતની દરેક પળ પોતાની ગણે છે, વખત એ કુદરતનો ખજાનો છે એમ માને છે એ ખજાનો એવા નર પોતાનાજ તાબામા રાખે છે કારણ અથવા વખતના હાથમા રેતીની શીશી છે તેમા એક એક દાણો જાણે ગગનનો ચળકતો તારો હોય, અથવા તો અમૂલ્ય હીરો હોય, એમ ગણી સતત્ ઉદ્યોગથી નિરંતર તેને વીણી લેછે મતલબ કે વખતનો દરેક અણુ દરેક અંશ સત્કાર્યમાજ વાપરે છે માટે રે! ભાઇઓ! વખતની દરેક પળ સત્કાર્યમા વાપરો અને આજથી તો થાઓ! એટલે સૌ સારૂ જ થશે અને તમને વિશ્વાસ પણ બેસસે સાદા સાધન અને સાધારણ ગુણોનો ઉપયોગ કરવાથી મઝીનાર મોટાં મોટાં કામ બને છે સાધારણ માણસની રોજરોજની જીંદગી જોશો, તો તે ફિકર ચિન્તાથી ભરેલ લાગે રોટના જેવી રોજની જરૂર જોગી ચીજો હાસલ કરવામા તેને ગરકાવ રહેવુ પડે છે અને તેને દુનિયાની બીજી હજાર ફરજો બજાવવાની હોય છે એવી હાલતમા ઉત્તમ પ્રકારનો અનુભવ મેળવવાને તેને બહુ તક મળે છે ભલે તે માણસ એક જીંદગીના ખડા

ક ગયેલા માર્ગમાં ચાલ્યા કરશે, તો પણ તે જો બરાબર કામ કરનાવાળો હશે, તો તેને પોતાની જાત સુધારવાને પુષ્કળ અવકાશ અને પ્રયત્ન કરવાને પુષ્કળ વખત મળશે જે માણસ પોતાનું રૂડું ઇચ્છતો હોય તેણે તો દૃઢ મનથી સારી રીતે કામ કરવાનો જુનો રસ્તો પકડવો જોઇએ તેમાં જેઓ અત્યંત આગ્રહી હોય છે અને ખરા દિલથી દમબેર મહેનત કરે છે, તેઓજ પાર પડે છે વિદ્વાના આંધળી છે, એમ કહીને લોકો તેનો વાંક કહાડે છે, પણ ખરી વાત તો એજ છે કે માણસ જેવા આંધળા છે, તેવી વિધાતા આંધળી નથી જેઓ જન સમુહના વ્યવહારાદીનું વર્તે। જોશે તેમને તો જણાશે કે નસીબ હમેશા ઉદ્યોગીના પક્ષમાં ઉભું રહે છે સઘળું મહેનતને વશ છે પવન અને પાણી પણ ખગ ખલાસીઓની ખિદમતમાં ખડા રહે છે મનુષ્ય વર્ગમાં જે અતિ ઉચ્ચ વિષયો મનાય છે, તેની શોધ ચલાવે મડતું હોય તો તેમાં કંઈ અસાધારણ ગુણોની જરૂર પડતી નથી પણ વિશ્વની ખોળમાં પાકી સમજ વાપરવી જોઇએ, એકાગ્ર ચિત્ત રાખવું જોઇએ અને નિરંતર આગ્રહ પૂર્વક ઉદ્યોગ મચાવવો જોઇએ એવા સાધારણ પ્રતિના ગુણો જેનામાં હશે તેને તે તેના કામમાં ઘણાજ ઉપયોગી થઇ પડશે કામ કરવામાં કુદરતી અક્કલની જરૂર પડે છે, એમ નથી ગમે તેવી બુલંદ કુદરતી અક્કલ, એક આદમીમાં હશે તો પણ ચાલશે ઉપર ગણાવેલા સાધારણ ગુણોનો એવા આદમીને પણ ખપ પડે છે આગળ જે મહાત્મા થઇ ગયા છે, તેઓ તો કુદરતી અક્કલ, ઇશ્વરદત્ત બુદ્ધિ કે સ્વાભાવિક મનશક્તિને માનતાજ નહિ કેવળ ઉદ્યોગ અને આગ્રહ મચાવી મૂકવાથી એવા એઓ તો અપૂર્વ ફળ પામ્યા છે કે

ઇશ્વરદત્ત બુદ્ધિ હશે કે નહિ ! તે બાબત ઘણા નામાંકિત પુરૂષોને સંદેહ ઉત્પન્ન થયો છે જે માણસને કવિ કે વક્તા જે થવું હોય તે તેના હાથમાં છે જે માણસને શિલ્પી કે ચિત્રકાર થવું હોય તો તે તેવો થઇ શકે; સઘળા માણસો પોતે ચાહે તેવા થઈ શકે

યદિ નસીબ ઉપર કોઈ માણસની એટલે સુધી આસ્તા હોય કે સઘળું નસીબનેજ આધીન છે, એમ તેનું માનવું હોય તો તકરારની ખાતર તે અમારે કબૂલ છે પણ તેણે ખાસ યાદ રાખવું જોઇએ કે એકવાર બારીક વિચાર કરી ઉદ્યોગપર મંડે પછી ગમે તે આફતો આવે પણ પાછી પાની ન ભરે આરંભથી પણ ફળ ન મળે તો ફરી તેમ કરે પણ 'હવે મારાથી નહિ થાય' એમ માનીને ધંધો કરનાર ફતેહ મેળવતો નથી, એમ તેણે યાદ રાખવું અને ફરી ફરી કરતા જવું આથી પર્વતે ફળ મળવાનુંજ હારીને હેઠો બેસનાર ફળ આપનાર નથી, પણ ફરી ફરી ઉદ્યોગ કરનાર પોતાનું નસીબ પોતેજ સુધારે છે

મહાન પુરૂષોના ચરિત્રો ઉપરથી જણાશે કે ઉજ્વળ કિર્તિથી ચળકી રહેલા શોધકો, હુન્નરીઓ તાર્કિકો અને અનેક પ્રકારનો શ્રમ ઉઠાવનારાઓ કેવળ મહેનત અને ખંતના અપૂર્વ બળ વડેજ બહુધા જયશ્રી રમને જોઇ શકયા છે તેઓ એવા જબરા હુન્નરી હતા કે જેમ તે વસ્તુ જોવામાં આવે તે સુવર્ણમય થતી હતી એટલે કે તે વસ્તુને પોતાના હુન્નર વડે એવી કીમતી બનાવતા કાળ જેવા પદાર્થનું પણ તેઓ કંચન કરતા

" જે ધીમે ધીમે નિરંતર ચાલ ચાલ કરે, તે ઘણે દૂર જઇ શકે " આ વાક્ય ઘણુંજ સાદુ છે તો પણ કેવું બોધક અને

ય છે? માત્ર આ એકજ વાક્ય નિરંતર અંતઃકરણમાં સ્થાપી રહેવાને જો અવકાશ આપીએ, તો ઘણોજ ગુણ થાય. પછી કામ કરવાની શક્તિ ખુબ કેળવવી જોઇએ જો એ ગુણ પ્રાપ્ત થયો, તો પછી જીંદગીની શરતમાં સપાટાથી આગળ જવું સ્હેલ પડશે 'યત્નપર યત્ન, અને તે પર પ્રયત્ન' એમ હમેશ કરવું જોઇએ મહેનતથી સઘળાં કામ સ્હેલાં થઇ જશે. રહેવામાં રહેવો ક્રમ અને સાદામાં સાદી શારીરિક મહેનત વિના બનશે નહિ અને જેને હાથ ઉદ્યોગ છે, જેણે મહેનતને વશ કરી છે, તે કેવા મોટાં કામો કરી શકે છે! તે જોવાનું છે

વળી છેક સાધારણ બાબતમાં પણ હમેશા આગ્રહ અને ઉદ્યોગ રાખવાથી અણધાર્યાં અજબ જેવાં ફળ નીપજે છે, ઉન્નતિ મેળવવી હોય તો મનુષ્યે ધીરજ રાખવી જોઇએ મોટાં કામ આદર્યાં કે તરત પૂરાં થતાં નથી સ્હેજ ઉઘાડીએ કે તરત ભોજન તૈયાર થતું નથી જેને ધીરજ રાખતાં આવડી તેને કામ પાર પાડતાં આવડયું એમ સમજવું ધૈર્યથી વર્તશો, તો જયથી ઝળકશો વાવણી કરીએ તો કાપણી પાય વાવણી વિના કાપણી હોય નહિ ગામ બહાર નીકળીને ઉભા એટલે ચાલ્યા વિના સામે ગામ પહોંચાય નહિ વાવેતર કરીને લાંબા દહાડા વાટ જોવી પડે છે ધીરજ રાખીને આશા વડે સંતોષ રાખવો પડે છે વળી એમ પણ સમજવું જોઇએ કે જે બીજને ઉગીને પાકતાં વાર લાગે, જેને માટે સબુરી રાખવી પડે, તેનાંજ ફળ મીઠાં મૂલ્યવાન ઉતરે'

"જેણે પોતાના મનને પ્રફુલ્લિત રાખીને કામ પાછળ મંડયા રહેવાની ટેવ પાડી તેણે દુનિયાદારીના ડહાપણના દશ ભાગમાંથી નવ ભાગ સારી પેઠે મેળવ્યા એમ સમજવું "

ચિત્ત ચ્હોંટાડીને જે માણસ ચપળતાથી ચોખ્ખું કામ કરે છે, તેને ઉત્કૃષ્ટ આનંદ થાય છે તેથી જુસ્સો અને તાકાત આવે છે, અને આપણી જાત ઉપર ભરોસો બેસે છે

જે સાર્વજનીક સુખો માટે મંડયા રહે છે, તેમને સબુરીથી લાંબી મુદત વાટ જોવી પડે છે તેમના શ્રમનું તેમને તરત ફળ જણાતું નથી અને કદાચ જણાય તો પણ તરત તેમને બદલો મળતો નથી કેટલાક તેઓ જે ઉદ્યોગના બીજ રોપે છે, તે શિયાળાના હિમમાં જાણે દટાઈ ગયા હોય તેમ અણઉગ્યા પડી રહે છે કદાપિ દૈવયોગે ઉગી નીકળે છે, અને યોગ્ય સમયની વસંત ઋતુ આવે છે। તે વખતે વાવણી કરનાર બાપડો ખેડુત તેની મહેનતનો અનંત વિસામો લેવાને સ્વધામ પહોંચી ગયો હોય છે! અફસોસ! પણ સબુર! દુનિયામાં હમેશા એવું નથી હોતું કે લોક કલ્યાણના કામ કરનાર પોતાના જીવતાજ પોતે વાવેલા ઝાડના ફળ ચાખે! વાવનારજ એમ જાણે કે મારે આ ઝાડનાં ફળ ખવાશે કે નહિ ખવાય! એમ છે તો મારે શા માટે મહેનત કરવી જોઈએ! બધા માણસો એમ ધારે તો મેં આગળ કહ્યું તેમ દુનિયામાંથી ઉદ્યોગ નાશ પામે આ ઠેકાણે એક શ્લોક ટાંકી લેવો યોગ્ય ધારૂં છું

"अजरामर वत् प्राज्ञो, विद्या मर्थम् च चिन्तयेत्

गृहीत इव केशेषु, मृत्यु नाधर्म मो चरेत्"

'અજર અને અમર છીએ, એમ માની ડાહ્યા પુરૂષોએ વિદ્યા, અને અર્થનું ચિંતન કરવું, અને મૃત્યુએ ચોટલી પકડી છે, એમ માનીને ધર્મ કરવું"

નાનાએ કે મોટાએ ભણતાં કે કોઈ કામનો આરંભ કરતા આપણે ચિર જીવી રહેવાના છીએ એમ માનવું અને ઇશ્વરભજન કરતી વેળા મરણ મૂઠીમા છે એમ સમજવુ. એમ ન માની નસીબ ઉપર આધાર રાખી બેસી રહીએ તો કાંઇ પણ કામ કે ઇશ્વરભજન એ બેમાંનુ એકે થવુ અસભવિત છે

માણસમાથી આશાનો નાશ થયો, એટલે તો બધુએ થઇ રહ્યું. આશાની ખોટ કશાથી પૂરી પડે તેમ નથી આશા રહિત થયેલા પુરૂષની બધી આલજ બદલાઈ જાય છે આશા હોય તોજ ઝનુન ઉદય પામે, ને જેનામા ઝનુન હોય, તે શું ન કરે અર્થાત ઝનુની માણસ ધારે તે કરી શકે નાઉમેદ કરી નાખનાર મુસિબતોને, મને મન ભન કરે, એવી મુશ્કેલીને ઝુનીનર મૂળમાથી મચરડીન ઉશેટી નાખે છે

જે માણસ ઉપરચોટીયા જ્ઞાનવાળો હોય છે, ને ઘણી બાબતોને અધકચરી જોઇ વળે છે, અને ખરેખર કંઇજ જાણતો નથી તેવો માણસ પોતાના વિવિધ જ્ઞાનથી છકી જાય છે. પણ જેને જ્ઞાનના ઊંડા સસ્કાર થયા છે, જે મહા જ્ઞાની છે, તે આગળ વધવા પ્રયત્ન કરશે, અને કહેશે કે હુ તો કંઇજ જાણતો નથી. નિરાધાર ઉદ્યોગથી કે એકલા બુદ્ધિબળથી કાર્યે સિદ્ધિ થતી નથી. અનેક સાધનો, અનેક તરેહની બીજી મદદો તેમજ તન અને મનની મહેનતના સાધનો પણ એક સરખી રીતે જરૂરના છે.

“प्रारभ्यते न खलु विघ्न भये न नीचै
प्रारभ्य विघ्न विहता विर मन्ति मध्या:

નવ ૨.

विघ्नैः पुन पुनरापि प्रति हन्य मानाः
प्रारभ्य चोत्तम जना न परित्य जन्ति"

"નીચ મનુષ્યોએ વિઘ્નના ભયને લીધે કંઈ ક્રિયા-કર્મ આરંભાતુજ નથી. મધ્યમ મનુષ્યો પ્રારભે છે, પણ પછી વિઘ્ન આવતા વિરામી જાય છે. (આરંભેલુ કામ છોડી દે છે.) પરંતુ ઉત્તમ મનુષ્યો સત્ક્રિયા-કર્મને પ્રારભી વારંવાર વિઘ્નોથી હણાયા જાય છે, તો પણ તેને તજતા નથી."

વખતે કોઈ કામમા 'વાહીય' કરીને પડવાથી કેતેહના ડંકા ગડગડે! એવા દાખલા બને છે ખરા, તોપણ દૃઢ ચિત્તે ઉદ્યોગ અને આગ્રહના શાહ માર્ગે ધિરજથી ચાલવુ, એજ સૌથી સલામતી ભરેલુ છે.

આગ્રહપૂર્વક એકાગ્ર ચિત્ત અને ચિવટવાળી મહેનત એ બે એક ખરા કારીગરનાં લક્ષણ છે. "નાના નાનાં જીણજ કામ કરીને દહાડો ગાળવો, એને અમે પસંદ કરતા નથી" એવુ કહેનારને મહાન પુરૂષ ન સમજવા પણ જેઓ એવા કામ અસત કાળજીથી કરીને દિવસનો સારો ઉપયોગ કરે છે, તેને ખરા વિર-ખરા મર્દ જાણવા. નજીવા કામોનુ એકદર સરવાળો એજ સપૂર્ણતા છે અને કળાની સંપૂર્ણતા શું જેવી તેવી વાત છે કે?

બેકાળજી કે ગફલત રાખીને કોઈ પણ કામ કરવુ નહીં. એ કર્યું તે ન કર્યા બરોબર છે કામ કરવાને ધારણા ધારી, કામ કરવાને યોગ્ય લાગ્યુ, કામ કરવાને શરૂઆત કીધી અને પછી ગફલત કે બેકાળજી રાખવી, અને ઢગધડા વગરનુ કરવું, અથવા

કામને રઝળાવવું એને તે મરે 'કામ કર્યું એમ કહેવું એ વિરચ ગાળવાનો ઉપાય'! એમ કહેવું કે "નવરા રે તું ઉદ્યમ કર, ખાટલો ઉકેલીને વહાણું ભર," તેના જેવું કહેવું? ખરે એ તો થયું જ એવું

કામ કરવામાં જે માણસ છતી આંખે આંધળાની પેઠે વર્તે તે મૂર્ખ અંધારામાંજ અથડાય છે કેટલાક તો એવા નિદ્રામુગ્ધ અવલોકન શક્તિવાળા, અથવા મંદ હોય છે કે તેઓએ જે કામ લાગી મહેનતે કર્યાં હોય, તે ચપળ અવલોકન શક્તિ વાળા માણસ સહજમાં કરી શકે મૂર્ખ મનવાળી આંખ શું થાય? જે ઠેકાણે વિચાર શૂન્ય માણસને કંઈ જણાતું નથી, તે ઠેકાણે ચપળ દ્રષ્ટિના માણસો તેમાંથી આર્થિક ખુબી સદ્ય ખોળી કહાડે છે અને તેની દ્રષ્ટિથીજ તે કામ કે અમલ બેસુમાર થઈ પડે છે

દુનિયામાં એવી એક પણ ચીજ—એવું એક પણ કામ નહીં હશે કે તેને નિમાલ્ય કે નજીવું ગણીએ અને તેનું હલકું પણ કાળજીથી તપાસવામાં આવે, તો કોઈપણ પ્રકારે ઉપયોગી થઈ પડે ઝીણી ઝીણી ચીજોને ધ્યાન દઈને જોવાથીજ કામમાં, કળા કૌશલ્યના, વિદ્યા વિષયમાં અને સંસારના દરેક ધંધામાં પાર પડાય છે આ મુખ્ય સિદ્ધાંત છે, મહા શક્તિ છે, એટલે શું? એ જ્ઞાન કશાથી આવ્યું? એક જમાનાના માણસોએ નાની નાની બાબતોનો સંગ્રહ કર્યા તેમાં બીજા જમાનાના માણસોએ વધારો કર્યો એ પ્રમાણે ઉત્તરોત્તર ઉમેરો થતોજ ગયો છેવટ જતાં એ નજીવી વાતોના જ્ઞાન અને અનુભવનો સમુદાય એક શાસ્ત્રાકૃતિનો મિનારો ઓઢવાયે શરૂઆતમાં તો જોવા ઉઠેલા ઘણા તર્ક વિતર્કો વ્યવહારથી વિપરીત

લાગે, તો પણ પરિણામે વ્યવહારોપયોગી જ્ઞાનના બીજ રૂપ થઇ પડે

હાથમાં આવેલી તકને—(યોગ્ય અવસરને) છટકવા ન દેવી
"વિશાળ શક્તિ વાળુ મન આકસ્મિક બનાવથી કોઇ મુકરર વિષય તરફ વળી પડે એ કુદરતી અક્કલ સમજવી"

સ્વતંત્રપણે ચાલવાને જે માણસ મનથી તત્પર છે, તેને જો કઇએ તેટલી તકો મળી આવે છે કદાપિ તેવી તક—નોની સખીઓ તેના આગળ ખડી ન થાય, તો જે ન હોય ત્યાંથી ઉત્પન્ન પણ કરી શકવાનો કંઇ એવો મેળ નથી કે જેણે પાઠશાળાની ઉંચી કેળવણી લીધી સંગ્રહસ્થાનો જોયા, ચિત્રકળાની અને પાષાણ પ્રતિમાની જાહેર જગાઓ પણ જોઇ વળ્યા, તેઓએ વિદ્યા અને હુન્નરમાં જોર માર્યું હોય! એવા દાખલા કોઇકજ મળી આવશે તેમજ જેઓ મહાન યાત્રિકો અને શોધકો થઇ ગયા છે, તેમણે કંઇ યંત્રશાળામાં કેળવણી લીધી હોય, એમ પણ બન્યું નથી જેનો ખપ તેનો શોધ માણસને જેના વિના ન ચાલ્યુ, તેનો શોધ કરતો ગયો એટલે શોધની માતા તંગી છે તંગી વિના સુખ ચેન ભોગવીને મહાન શોધ થતા નથી વિપત્તિની શાળામાંથીજ શોધના ફળદ્રુપ અંકુર ફુટે છે સારા ઓજારથી કારીગર થવાતુ નથી ઉત્તમ કારીગરોને કુહાડા અને પાવડાથી કામ લેવુ પડ્યુ છે માણસમાંજ કસાયલી ચતુરાઇ અને કામ પાછળ ખંત જોઇએ. પછી 'નહિ નાચનારીને આંગણુ વાંકું' નઠારા કારીગરને કોઇ ઓજાર ફાવતુ જ નથી નહીં લખનાર આળસુનેજ કલમ ખરાબ છે કાગળ બગડે છે, ને શાહી પાતળી કે કુચાવાળી છે એમ કહેવાનો વખત આવે. માણસ ધારે તો કેવળ સાધારણ બાબતો ઉપરથી પોતાને સુધારી

શકે તેને પોતાના મનથીજ હજારો સૂચનાઓ ખડી થશે.

હા, મારે ઉંચે દરજ્જે ચઢવું છે, પણ "ઉંચે ચઢવાને ગારી કને દોલત નથી, તેમ મારે કોઇ જાતની વગ કે સત્તા નથી અથવા તો હું ઉચ્ચ કુળમા અવતર્યો નથી, અને મને કોઇ જાતના સહાયો અને પ્રસંગ નથી તો પણ જો હું ઉગ્રનો રહ્યો, તો મારા મનને વિશ્વાસ છે કે ઉપર જણાવેલ બધા ફાયદા સહિત હું જન્મ્યો હોત, અને તેથી હું જેટલું કરી શકત, તેના કરતાં મનુષ્ય જાતી અને મારા મિત્રોની સેવા બજાવવા પછાત પડીશ નહીં' એ વાક્યો હૃદયમા અંકિત કરવા જોઇએ. કોઇ પણ વિષય હાથમા લીધા પછી તેનો સર્વ પ્રકારે શોધ કરવાને, પ્રયોગ કરવાને, અને કસોટી ઉપર લેવાને સંપૂર્ણ ચિન્ત ચોટાડવાને પોતાની બધી મન શક્તિઓ તેજ વિષયમાં પરોવી દેવાની સમર્થ ગતિ જેનામા હોય, તેજ ફતેહ પામે એવા એકાગ્રધ્યાની પુરૂષો કેવળ ઉદ્યોગ અને ધિરજ રાખી વિચાર કરવાના આગ્રહથી અપ્રતિમ કામો કરે એમાં તાજુબી નથી. સઘળા વિષયોનું અવલંબન પ્રકરણ અને સઘળા વિષયોને તેના અંત સુધી લેઈ જઇને પાર મુકવામાં જેટલો જોઇએ તેટલો જુસ્સો, ચપળતા અને જે જોઇએ તે મેળવવાની શક્તિવાળો માણસ સઘળા કામ પુરાંજ કરશે જેનું મન વિશાળ વિચારથી, ભરપુર છે, રસમય છે, હૃદય તિવ્ર લાગણીવાળુ છે તે સર્વ વાતે ઉજ્વળ પ્રકાશથી પ્રકાશે છે પણ નિયમની ન્યુનતા બાગીકીની ખામી, અને વ્યવસ્થાની વિસ્મૃતી તેને વારં વાર નડશે અને પીડશે

કુદરતી કિતાબ સોના મ્હોટા આગળ પુસ્તોજ છે તેના જોવાનું, વાંચવાનું અને ઉંડા ઉતરવાનું ઘણું છે જો અખંડ ઉદ્યો

મ, ઉમદા હિંમત અને સ્થાયી મનશક્તિ તે તે વાંચીને ઉચ્ચ સ્થળે બિરાજશે બાકી ઉપલા ગુણ સિવાયના ભલે આખી કિતાબના પાના ફેરવી જાઓ, પણ તેના દરેક પાનામાં સોનાની ઝીણી જે રજ વેરાયલી છે તે તેની નજરે નહિ ચડે તે ઉંડા ઉતરી નહિ શકે અને વખતે તે એવે અવળે રસ્તે ચડી જશે કે તેજ તેનો ભોગ થઇ પડે અથવા તો પાનાં ફેરવતો જતો ઘોર નિદ્રામાં હશે

દુનિયામાં માણસ જે આગળ વધે છે, તે દૈવી બનાવથી નહિ, પણ દૃઢ ઉદ્યોમ બળથીજ અને તેવી અનુકૂળ અને સરસ સંધીઓ અને સહાયો મળે, પણ તે માણસજ નમાલો ટાઢો ગાર જેવો હશે, અને નિયમ વિના ગમે તેમ આથડશે, તો તેનાથી શું નિપજવાનું છે? એવા સુંદર વખતનો લાભ લેઇ—જે તક મળી આવે તેનો લાભ લેઇ પુરૂષ પ્રયત્ન કરી કામમાં લાવીએ તો કેવાં મોટાં પરાક્રમ બને, તે કહીએ તો નવાઇ જેવું લાગે જો દરરોજ માત્ર એક એક કલાક એવા કામમાં વાપરે તો સાધારણ બુદ્ધિનો માણસ પણ એક શાસ્ત્રનો પંડિત થઇ પડે અને એવો એક એક કલાક સામાન્ય જ્ઞાન મેળવવા પાછળ ગાળવામાં આવે તો સઘળી બાબતોનું પરચુરણ જ્ઞાન ધરાવનારો થાય માટે કોઇ પણ જાણવા લાયક વિષય જાણ્યા વિના, કોઇ નીતિના નિયમથી મનને કેળવ્યા વિના અથવા શુભલક્ષણો આપણા હૃદયમાં દૃઢ કર્યા વિના મતલબ કે કોઇ પણ સારું ફળ મેળવ્યા વિના વખતને કદિ પણ જવા દેવો નહિ વખતની અમુલ્ય પળો જ્યારે હાથ આવે ત્યારે જ્યાંથી મળે ત્યાંથી, જેટલી મળે તેટલી ખંતથી ખપમાં આણવાથી મોટાં કામ થાય છે વખત વહીજ જાય છે દરેક ક્ષણની જવાબદારીનો બોજો આપણા મા

થા ઉપર રહે છે આ વચનો કેવાં ગંભીર છે? કેવા હૃદયભેદક છે?
કેવાં ઉપદેશક છે? તેનો ખ્યાલ કરવો જોઇએ જેમ ગયાગુજરેલા પાછુ
આવતુ નથી તેમ ગયેલો વખત પાછો આવતો નથી મૂઓ તે મુ
ઓજ, અને વખત ગયો તે ગયોજ આં શુ ગયેલો વખત પાછો
નથીજ આવતો! એટલુ જાણ્યું અને એના વખત માટે 'અરે!
હારે—અફસોસ ઉપજતો, તો એવો દુનિયામાં કેણ છેક બાળો ચો
વીશ કલાકનો એક પણ દિવસ નિરર્થક ગુમાવશે! વખત એ અમુલ્ય
કીમત છે પૈસો અને એનુ સઘળુ વખતનો સારો ઉપયોગ ક-
રવાથીજ પ્રાપ્ત થાય છે જો એમ છે તો પૈસાને બારેવાટ
વધુડી નાખનાર માણસને આપણે "ઉડાઉ" એવુ વિશેષણ આ
પીએ છીએ, તો વખતને નિરર્થક ઉડાવી દેનાર માણસો
માટે કઇ વિશેષણુજ નહિ ઘડાયું હોય કે શુ? કદાપિ
તેને 'આળસુ' એમ કહીએ તો સંતોષ ન થાય! હવે આટલા ઉ
એમ તો સિદ્ધ થાય છે કે વખતને કરકસરથી અને ઘણુંજ કં
જુસાઇથી વાપરવો જોઇએ ધારો કે આ રીતે આજથી એવુ શીખ્યા
કે અમારથી વખતને કંજુસાઇ કરી સારા કામના ઉપયોગમાં નાખ-
રશે તો પણ ઉભા રહો જરા થોભો આજ સુધીની ઉંમરના ગયે
લા નિરર્થક કલાકોનો હિસાબ કરી આંકડો માંડો અને કહો વડી
ર—સખત મહેનત કરી સંગ્રહ ખાતુ કરો તેની સાથે એટલું ભૂલી
જવુ નહિ જોઇએ કે આજ મે જે કોઇ વખત ગુમાવ્યો છે તે
નો બદલો કાલે—વખતનો વધારે ઉપયોગ કરીને વાળી લેઇશ એ (
કોણ હિંમતથી કહી શકે છે? કાલનો શો ભરોસો?

કામનો આરંભ કરવા પહેલા ખુબ વિચારવુ જોઇએ કે આ-

પજ્વાળી તે બની શકશે કે નહિ? જો થઇ શકે તેમ હોય તોજ આરંભવું નહિ તો તેને છેડવુંજ નહિ એવી રીતે નિશ્ચય કરી આરંભ કર્યા બાદ તેને પૂર્ણ સ્થિતિમાં મેલ્યા સિવાય આડું અવળું જોવુંજ નહિ બીજા વિચારો કરવાજ નહિ પછી ભલે મિત્રોની સંમતિ હોય કે નહિ, લોકો સ્તુતી કરે કે ન કરે તે માનામાં નહિ નાખતાં પોતાના માર્ગમાં મક્કમજ રહેવું તે વિના સ્તુતીપાત્ર થવાતું નથી. આ વિચારો બહાર પાડતાં પહેલાં કે ભાગ્ય કામનો પ્રારંભ કરતાં પહેલાં લોકો તરફથી અડચણો અને મીનમેખ આવ્યા કરે છે એ વિચાર જો ખ્યાલમાં લાવીએ તો મરણ ભયથી રહે છે માટે તેના ઉપરના પૂરતા વિચાર કરીનેજ ગોઠવવા જોઇએ. અમે તેની અડચણો હોય તો પણ ગભરાવાની જરૂર નથી. બરાબર ઉકેલીએ તો તેનાં જે ફળ કોઈ વખતે તે સ્વાભાવિક બુદ્ધિના પરાક્રમ કરતાં વિલક્ષણ સ્વાદ અને સુખ દેનારાં નિવડશે નાની સરખી કીડી બહુજ ધીમે ધીમે ચાલીને એકજ ઉદ્યોગ કરીને કેટલો મોટો સંચય કરી શકે છે? તેને કોઈએ ક્યારે પણ નવરી જોઈ છે? તેના ગજા ઉપરાંતનાં કામ તો જુઓ! આનંદ અને બોધ મળશે. મનુષ્ય જાત કીડી જેવા પ્રાણીના ઉદ્યોગનો દાખલો લેઇ મનુષ્ય વર્ગ તો પણ નામાંકિત ન નિવડે!

કળા કૌશલ્યમાં અને બીજા હુન્નરોમાં કુશળ થવું હોય — ખાસ તો ઈચ્છા હોય તો હમેશાં મહેનત કરીને જોઈયે? એક ખુબસુરત તસ્વીર ચિત્રની કે ભવ્ય પ્રતિમા ઘડવી એ શું હાંસીખેલ છે? બાળકોની રમત ગમત છે? ચિત્રો પાડવાની અને મૂર્તી ઘડવાની જે કળા છે, તે કુદરતની આકૃતિની નકલ કરે છે. તે કૃ

રે છે તેમજ એ અખંડ મહેનત અભ્યાસ અને મહાવરાનું ફળ છે, એમ સમજવું કોઈ પણ બાબતમાં જેણે ઉત્કૃષ્ટ થવા ધાર્યું હોય, તેણે તો પથારીમાંથી ઉઠીને તરતજ સઘળું તનમન તે વિષયમાંજ લગાડવું જોઈએ

એક કારીગર પોતાની શરૂઆતની જીંદગીમાં મન કબજે રાખીને ખંતથી મહેનત કરવા મંડે તો ગમે તેઓ લોભી હોય તો પણ માત્ર દ્રવ્ય લોભથીજ તે મહેનત થઈ શકે નહિ લક્ષ્મીનું એટલું બધું જોર નથી કે કોઈ કામ પાર મેલવાને અખંડ ઉત્સાહ તે વધારી શકે! જ્યાં સુધી કંટાળો ન આવે ત્યાં સુધી દ્રવ્ય લોભનું ચડી વાગે બાકી બહુ કંટાળો આવે ત્યારે તેજ કહેશે કે " આપણને મળે છે, તેજ બહુ છે માટે ખાલી માથાફોડ શું કરવી?" એમ કહી અટકી પડવાનો એ તો ખરૂં જ છે કે આપણું મન ગમતી કોઈ કળા કે કોઈ કામમાં મંડ્યા રહેવાથી જે આનંદ આવે છે, તેજ એ મહેનતનો બદલો આપે છે લક્ષ્મી તેમની પાછળ આવવાની હોય તો ભલે આવે, પણ માત્ર લક્ષ્મીની લહુતાથી એવી મહેનત કદિ થાયજ નહિ.

મોટા કારીગરોને પોતાના કામમાં કેટલી ધીરજ, કેટલો શ્રમ, કેટલી કેળવણી, કેટલો અનુભવ લેવો પડ્યો હશે? તે સહજ વિચાર કરતાં સહેલું લાગે પણ તે હાથ આજમાયશીમાં તો કેટલી મુસીબતો વેઠવી પડી હશે? તે જો કોઈ નબળા મનનો માણસ સાંભળે, તો તે મન સાથે એમજ નક્કી કરે કે ના, રે ભાઈ! એવી રાક્ષસવત્ મહેનત આપણાથી ન થાય! આટલા બોધ ઉપરથીજ તેના નબળા મનની પરીક્ષા થાય છે

કોઈ એમ કહેશે કે ફલાણા માણસે " કિર્તિ મેળવવામાં કસર રાખી નથી પણ તે મેળવવામાં તેને અભ્યાસ કરવો પડયો નથી, વિપત્તિ વેઠવી પડી નથી, સંકટ સહન કરવા પડયા નથી " તો એમ સમજવું કે તે કિર્તિ અચળ રહે તેવા પ્રકારની નથી. એ શું કંઈ બહુ મોટું કામ છે? સ્હેજ સ્હેજમાં થઈ જાય, તો કિર્તિ મોટો ગાસડો ન બંધાય! પણ કપાળેથી ચાલીને પગસેવો છેક પગની પાનીએ ઉતરે ત્યારેજ નામ અચળ રહે! નામ અને કામ અચળ રાખવા તે સ્હેજ સ્હેજમાં થતું હોય તો તેવા કામ નો આવમ આખી આદરે! માટે થોડા પૈસા મળે તેવું કામ પણ ઈમાનતદારીથી મ ગાડવા વિના વગર ફિકરે જીવ ઘાલીને સરસ કરવું તેમાં પણ એક પછી બીજું, બીજા પછી ત્રીજું એમ ઉત્તરોત્તર સુધારો કરતા જવું જોઈએ જે માણસ આવી ઢબથી કામ કરે, તે ઘણું અને ઘણું સરસ કરી કિર્તિ મેળવે જેમ જેમ આગળ જઈએ તેમ તેમ કામ સારા થાય અને વધારે સારા કરવા સ્વાભાવિક રીતે ઉદ્યોગ થાય અને થાયજ

એક ચિત્રકારને કે નવા ડાક્તરને કે નવા વકીલને જ્યારે પોતાના ધંધાનું પેહેલું કામ મળે એ તેની જીંદગીમાં કેવું સુખકર નિવડે! ખરે! તેની જીંદગીમાં એનો એક નોંધ લેવા જેવો બનાવ થઈ પડે! તેમજ જે પુરૂષ પ્રથમ ગ્રંથકર્તા રૂપે બહાર પડે છે, એ બનાવ તેની આખી ઉમરમાં તેને મોટા મહત્વનો લાગે છે, કારણ કે ઉદરના દરેક જણ કિર્તિના તૃષ્ણાતુર હોય છે જેનું મન દૃઢ હોય છે, તે પાછળ પડતાં ના ઉમેદ નહિ થતા ઉનરો બગાડો જુસ્સો લાવી અંતરાગ્નિની ઉષ્ણતાના જોરથી બહાર નીકળે છે

પોતાને કુદરતી અક્કલ ઓછી બનાએલ થઈ હોય, તો પણ મહેનત કરવી એથી અક્કલ સુધરશે અને જેમથી બુદ્ધિ ઓછી હશે, તો પણ મહેનત તેની ખોટ પુરી પાડશે સૌએ જોયું હશે કે શાળામાં અભ્યાસ કરનાર ઓછી બુદ્ધિનો છોકરો વિશેષ બુદ્ધિના છોકરા કરતા વધારે મહેનત કરતો હોય તો તે વધારે સારા ઠીકગરો, ને ઉપર નંબર મેળવશે વળી હુન્નરશાળાની પદ્ધતિ અને શિક્ષણ નમાણે બહુજ સંભાળથી કેળવણી અને શિક્ષા લીધી તેટલાથી કોઈ કારીગર થતો નથી પણ કારીગરીની કેળવણીમાં પડે સર્વ પ્રકારે મંડે, તોજ કાર્ય સિદ્ધિ થાય અને એ પ્રમાણે કરવાથીજ "આપસ બડા મેહા, અને ગુસ્સે બડા ચેના" કહેવાય

ઇંગ્લાંડમાં એક માણસ એવો હતો કે તે અતિશય મહેનત કરતો, તે કદિ હાર ખાવાથી હારીને હેઠો બેસતો નહિ પણ ઉલટો વિશેષ જોરથી કામપર મંડતો તેના પર વિપત્તિઓના અનેક જબરા ઘા પડયા, પણ કશાથી હિંમત નહિ હારતા કેવળ સ્વાશ્રયથી તે મજબુત ચાર માણસ જેટલું કામ કરતો તે કદિ એક પળ પણ હિંમત હાર્યોજ નથી તેનો મોટો આનંદ કામ, કામ અને ફક્ત કામજ હતો જરા વિચારવું જોઈએ કે બે રોટલી, ચપટી ભાત, અને વધેલી દાળનો જબરો આહાર કરી, પેટ ઉપર હાથ ફેરવી હચકતી ચાલે આમ તેમ ફરી પેઠી જનાર આપણા સુંવાળા ગૃહસ્થને કાને કદિ આ વાત જાય તો તે માનેજ નહિ અને કદાપિ માને તો અવશ્ય તેને શરીરે સાંભળતાંજ કંપારી ચડયા વિના રહેજ નહિ વધારે તાજુબીની વાત એ છે કે યુરોપના વતનીઓ પોતાની આવી અપરિમિત મહેનતનું ફળ સુખે જમતા જોઈ રહીએ, તો

પણ આપણામાંથી સુંવાળાપણો અંશ ઓછો ન થાય ? સુંવાળાપણું ક્યાં સુધી કે બગાસું ખાતા શરીરમાંથી ચસકા કે શૂળ આવે ! આ ને પડખું ફરતા હાંફી જવાય ! શું કુદરત !! કુદરત તને અભિનંદન કરું છું '

એ માનવી ! તું જ તારો મદદગાર છે !" તારે આગળ વધવું હોય તો તોજ તારી સહાયના મળશે આત્માવલંબનનું કેટલું પ્રગાઢ બળ છે ? ' હિંમતે મર્દ મદદે ખુદા." એ કહેવત યાદ રાખી ચાલનાર માણસ વિવિધ કષ્ટો પામે ? પોતાનું નસીબજ નગુણું છે એમ માનીને નરમી પુરૂષો કંઈપણ પ્રયત્ન કરતા નથી તે છતાં તેઓ મનમાં તો મોટી મોટી આશાઓ ધરે છે, આમ છે તો તેની તે આશાઓ ક્યારે પૂરી થાય ? પણ તેજ માણસ જો મહેનત પાછળ ખાંતપીને મંડે, તો ઈશ્વર તેના ઓને મદદ કરશેજ ખંતેથી મહેનત કરે તો ' રંકના રાજા અને ફકીરના અમીર" બને કેમકે જગતનું ચક્રજ ઈશ્વરે એવું કર્યું છે સંપત્તિ કે વિપત્તિ હમેશાં સ્થાયી નથી જુના ખાનદાની કુટુંબો ઉતરતા ઉતરતા છેક સાધારણ લોકની પંક્તિમાં ખપી જાય છે અને જગતમાં કોઈ જાણે નહિ તેમ અગાઉ કુટુંબો સતત ઉદ્યોગ અને ઉચ્ચ રહેણી કરણીના પ્રભાવે ચડતા ચડતા જગત્પ્રસિદ્ધ થાય છે આ પ્રમાણે જો કોઈ પણ માણસ ' શુદ્ધ અંતઃકરણથી ઉદ્યોગ દેવીનું આરાધન કરે છે, અને ઉગ્ર તપશ્ચર્યામાં સતત સમાધિસ્થ રહે છે, તેને દેવી પ્રસન્ન થઈ વાંછિત ફળ આપેજ છે પછી તે વિદ્યા લક્ષ્મીના ન્યાયની શાખા પકડે, યા ચાહે તો કોઈ બીજી પકડે, પણ તેને તો તેની આરાધનાનું ફળ મળ્યા વિના રહેતુંજ નથી, જે ચમત્કારી અખંડ

એમ કરીને અનુપમ સ્થિતિએ પોહોચ્યા છે, અને જે માર્ગ એણે પકડ્યો છે તેમણે મોટાં નામ અને ઇનામ મે ના છે તેનું મુખ્ય કારણ એજ કે ઘણી બાબતોમાં સાધારણ મ ક્તિના ગુણોથી એ નામો થયાં છે વિશેષ માત્ર એટલુંજ કે એવા સાધારણ ગુણોને ખંત રાખીને કેળવવા જોઇએ અને તેને ઉદ્યો અને આગ્રહની મગરૂરીથી કૌવતદાર કરવા જોઇએ એથી કેવાં સુ પુર્ણ પરિણામો નિપજ્યાં છે, તેના અનેક દાખલા છે શૂરવીરને કશું અશક્ય નથી હિંમતવાન નરને વશ આખું જગત છે માણસો એ મનથી એવી દૃઢ ધારણા બાંધવી જોઇએ કે હું મારાં કાંડાના કૌવતથી અને બુદ્ધિના બળથી કાંતો મારો રસ્તો ખોળી કાઢીશ" અને રસ્તો નહિ હોય તો ત્યાં રસ્તો કરીશ ' "લુહારો માણસ હથોડાના ઘા ખુબ ત્રિઝીને મારે છે એમ કોઇ કહે તો તેની સહજ વાત ઉપરથી પણ તેના મનનું જોસ્સાનું માપ કેટલે દરજ્જે નીકળી શકે છે? એક વખત કોઇ માણસે પોતાના એક મિત્રને કહ્યું કે "રખેને તમે એવું કામ કરતા! તમે એ બાગમાં કદી ભોંય ખાડે લેશો નહિ. આવાં માણસોને હું ઓળખું છું પારીસની આપણી વૈદ્યકશાળામાં ત્યાંના વિદ્યાર્થીઓ શિખવા આવે છે, તેઓ એરણ ઉપર હથોડાના ઘા દમભેર કરતા નથી તેમનામાં હોશ નથી તમે ત્યાં જે નાણાં વેર શો તે તો તમને પૂરાં અવેજ ગળશે નહિ!" કેવું સ્ટીરીકટ!! પ્રત્યેક માણસમાં જો ખરેખરો દમ હશે, તો તેમના એકંદર સરવાળાથી તે દેશનું રાજ્ય દમદાર અને કૌવતમંદ થશે! અને જેવો માણસ તેવી જમીન! જેવો માણસના હાથમાં કસ, તેવો જમીનમાં કસ આવે છે, જેવી ખેડુતની ખેડ તેવો જમીનનો ફેર સમજવો.

ઉજાગરાથી બાટલી પડીને આગ્રહથી મડયા રહેતા ? ઇચ્છા સદા જાગ્રત રાખવી જોઈએ માણસ જાતનું ખરું સત્વ અને તત્વ ઇચ્છા-બળ છે ઇચ્છાબળ એજ માણસનો પ્રાણાત્મા ! એજ જીવનશક્તિ ! એજ માણસ પડે ! એજ શક્તિ તેના દરેક કામને ગતિ આપે છે, અને એજ શક્તિ તેના દરેક પ્રયત્નમાં જીવન મૂકે છે ! સાચી આશાનો પાયો જીવન ઉપર ચણાયેલો છે, અને આશા એજ આપણી જીંદગીની ખરી ખુશબો છે ! હમેશાં "આશા એજ મારું બળ છે" એ વચનો દરેક માણસોએ પોતાનું મહા વાક્ય ગણીને ચાલવાની જરૂર છે પણ જે પોચા મનનો કાયર માણસ છે, તેના જીવતરને ધિક્કાર છે પોતાથી થાય તેટલું કરવા છતાં પણ વખતે સઘળી મહેનત બરબાદ જાય તોપણ મનને ઘણો સંતોષ મળે છે એક ગરીબ માણસ દુઃખ સામા ઉપર હસીને રણજંગ મચાવતો હોય, અને અત્યંત મહેનતથી તેના પગ લોહીલોહાણ થયા હોય આગળ ડગલું ભરતાં ના કહેતા હોય, તથાપિ "હમો મર્દ" બનીને આગળ ચાલતોજ જાય ! એ કેવી ઉત્તેજક ! અને ગનહર છબી છે ?!

માત્ર ઇચ્છા અને તૃષ્ણા રાખવાથી તો જુવાન માણસના મન ઉદાસ બગડી જાય છે નિરસ અને ઢીલા થઈ જાય છે માટે તેણે સદા ક્રિયાસક્તજ રહેવું જોઈએ—ઇચ્છાની પછી તત્કાળ કામ કરવું જોઈએ. રાહ જોઈ બેસી રહેવામાં લાભ નથી, જીંદગીની હાલતજ એવી છે કે કષ્ટ અને વડીતરૂ ઉદાસથી સહન કરવાંજ જોઈએ કારણ કે મનો વિકાર માટે એ ઉત્તમ સાધન છે તન મનની મજુરી વિના જીંદગીના બગીચામાં નવું ફળનથી મળ અને

પુન પ્રયત્ન કર્યાજ કરવો જીંદગી રૂપી સાંકળ મનની કડીઓની બનેલી છે તો આપણું મન જો દૃઢ હોય અને આપણો હેતુ રૂડો હોય, તો આપણે શું ન કરી શકીએ? કંઇ સાગર ઉલેચાવાનો નથી નેહુ મેર ઉગાવાનો નથી, પણ માણસની તાકાતમાં જેટલું છે, તેટલું તે કરી શકે એમાં સંદેહ નથી, જગતરૂપી વિશાળ નિશાળના સંકટ અને શ્રમ એ બે આકરા ગુરૂ—આકરાગુણ છે, તો પણ તેમની પાસે ભણવાથી ઉમદા બોધ મળે છે? માણસ પોતાના આળસમાં ભરાયો, અથવા ધુળ જેવા ખોટા બાના જતાવીને પોતાના કામને અને શરીરને કટાવા દીધું, તે નપુંસક માણસ છેવટે નિષ્ફળ જવાનો જેણે પોતાના ભલા રૂપ હતનું કામ પોતાની ખુશીથી—ઉલટ હોંશથી લીધું હશે, તે આગ્રહથી પૂર્ણ કરશેજ આપણા સાધારણ હથિઆરોથી ડરવાનું નથી, તેને જો અસાધારણ ખંતથી વાપરીએ તો તો ધારીએ તે કરી શકીએ જે કામ કરવાને આપણે શક્તિમાન છીએ તે પણ અશક્ય માનીને હા ના, હા ના કરીએ તો તે આપણાથી થશેજ નહિ એ કામજ અશક્ય રૂપે દેખા દેશે

છાતી રાખીને કર્યા વગર કોઇ પણ કામ ખરે ખરૂં ને સુંદર થતું નથી માટે મનની ઇચ્છાને પછવાડે જોસભેર મહેનત કર્યા કરવી આગળ અડચણો આવે તેની સામા પ્રયત્નથી તરત યુદ્ધ મચાવવું જોઇએ તેમ કરનાથી આગળ વધી શકાય છે આથી બને છે એવું કે જે ફળ મેળવવાની આશા નહોય, તે અચાનક મળી આવે છે કામ જોતાજ તે બનવું અશક્ય લાગે, તેને માટે મનમાં દૃઢ અને ગંભીર સંકલ્પ થાય, તો તેવું પણ બની જાય છે ઘણી વખત એથી ઉલટું એમ બને છે કે જે કામ કરવા આપણે જરૂર શક્તિ

માન હોઈયે છીએ, તેનેજ આપણે અધર બેઠો કાયુપણું મનથી જો ઇચ્છે, તો તે કદિ થવાનુંજ નહિ. ઇચ્છા ઉપર ભક્તિ રાખવી, એ સર્વોત્તમ લાભકારક વાત છે.

જે માણસ કામ પાછળ બરાબર મન લગાડે છે, અથવા મારે આ કરવું છે, એમ નિશ્ચય કરે છે, તે પોતાનું કામ પૂર્ણ કરી ધારેલી સ્થિતિએ પોહોચવાને તેના ઇચ્છા—બળથીજ એટલે મનની દ્રઢતાથીજ પાર પડે છે. માણસને જેવો થવાની ઇચ્છા થાય છે, તેવોજ તે થાય છે. કેમકે તેમાં ઈશ્વરી ચૈતન્યની ઇચ્છા મળી એટલે ઉંડા ભાવથી જેવો થવાને ઇચ્છે તેવોજ તે થાય. જો મનની ઉંડી મરજીથી તાબેદાર થવા ઇચ્છે, તો તે તાબેદારજ થશે, ધિરજવાન થવા ચાહશે, તો તેવો થશે, બળવાન થવા ચહાશે તો બળવાન થશે, ઓ સખાવતે દિન કરવાની મરજી કરશે તો તેમ પણ થશે.

મનુષ્યનો એક મોટો ધર્મ—એક મોટી ફરજ બજાવવાની છે. માત્ર ગમે તેવી ઇચ્છાને આધિન થવાનું નથી. માણસે સદુદ્યોગ આચરવો જોઇએ. આ કામ સારૂં કે નરસું તે હરકોઇ તત્કાળ સમજી શકે છે. પણ પછી પોતેજ પોતાની ગમે તેવી ઇચ્છાને આધિન થઇને અવળો ઉદ્યોગ કરે તો તેના મનની ઇચ્છા ઉપર કોઇ સત્તા ચલાવવા જતું નથી. પોતેજ પોતાનો ધર્મ—પોતાની ફરજ ઉલ્લંઘન કરે, પછી તે ગમે તેટલી મહેનત કરે પણ માર્ગ અવળો હોવાથી પછીને કડુફળ ચાખે, એ નિસંદેહ વાત છે.

માણસને જે ટેવ પડી હોય, જે વ્યસન થયું હોય, કે જે લાલચમાં લપટાયો હોય, તે આરંભમાંજ વિવેક બુદ્ધિને કહે છે કે તે તમે અટકાવો. એ ફાંસામાં ફસાવું ન ફસાવું તમારા હાથમાં છે.

જો ધારો તો અંતરશક્તિના ઇચ્છાબળ પ્રમાણે તમે તમારા ’ ાવમા પારજ પડો લાયક ઉમર થઇ એટલે મનનો નિશ્ચય કરવાના સમય થયે એ વેળા જાણી બુઝીને વિતના દીધાથી જે ખાડો પોતાને હાથે ખોદાશે, તેજ ખાડામા પડયા પડયા માથે હાથ દઇ રોવુ પડશે અને આખીનો વખત વિત્યા પછી એ ખાડામાથી બહાર નીકળવા ની શક્તિ રહેશે નહીં

સૌથી સેહેલી ટેવ ઇચ્છવાની છે હરકોઇ વસ્તુપર કે હરકોઇ કામ પર તત્કાળ ઇચ્છા દોડે છે માણસને એ ટેવ સહજ પ્રાપ્ત થાય છે પણ જે ઇચ્છે તે જો બરાબર ઝનુનથી અને દ્રઢતાથી ઇચ્છે, તોજ સ્નેહ મેળવે પણ છીછરીનો છોડ જે સસાર સાગરમાં આમ તેમ તરતો ફરે છે, તેને સુકાઇ ગયેલા પાદડાની માફક પવન અને પાણીને જોરે ગમે તેમ રખડતા દે, તો તે કદી પણ સ્થિરતા મેળવવાનોજ નહીં માત્ર ઇચ્છાઓ કરે, પણ તે મેળવવાના કામ પાછળ ઝનુનથી ન મડે, તો એકલી માત્ર ઇચ્છાથીજ શુ વળે? પણ દરેક માણસને જરૂરત છે કે એક ઉત્તમ મુકરર માર્ગે પકડવો. એકજ નિશ્ચય બાંધવો અને મન દ્રઢ રાખી એકજ ધોરણે તે મુકરર માર્ગે જવુ એવી રીતે પોતે પોતાના આયુષ્ય આચરવા જોઇએ જેમ કરનારા જે ચુકયા તો ગાડી ગઇ જાણવી અને જાણવુ કે આળસની ઉંડી ખાણમા પડયા અને તેથી બનશે એવુ કે એક અનિશ્ચિત મનવાળા નકામા જુવાન માણસની તમામ ખામીયનો અને હીણચાલ તેનામા ભરાશે અને એકવાર એવુ બન્યુ એટલે નિશ્ચય સમજવુ કે તેમાથી કદિ નીકળશે નહિ એક ઉછરતો જુવાન સારે કે નઠારે માર્ગે દોરાયો, એટલે પછી તે તેવોજ થવાનો હમેશા સારે સાર, ને

નઠારે નઠારૂં થવુંજ આવ્યું છે ઉછરતો જુવાન ચાહે તેવો થઈ જકે. અને તેથી યાદ રાખવું કે આપણે આપણી ઇચ્છાને એટલે આપણા મનના નિશ્ચયને, દ્રઢતાને અને આગ્રહને સુવિચારથી સુમાર્ગે ચઢાવીએ, તોજ મોટાં ને મીઠાં સુંદર ફળ ચાખીએ

આપણી એ બળવાન ઇચ્છા શક્તિને જો આપણે ઇંદ્રિય વિલાસને રસ્તે વાળીએ તો ખરેખર તે એક ભયંકર રાક્ષસી નિવડશે અને તેથી એક પછી એક તમામ સદ્ગુણો લય પામશે એક દુર્ગુણને છેડે બીજો દુર્ગુણ જોડાયલોજ હોય છે એના પરિણામે અધમતા ઉપજશે "પણ જો એ શક્તિને ઉપર સુચવ્યા પ્રમાણે સારે માર્ગે લીધી તો એ બળવાન ઇચ્છા એક સમર્થ દેવી સ્વરૂપે દર્શન દેશે, અને બુદ્ધિ પ્રધાન પદે બિરાજી તથા તેને ઉત્તમ સલાહ આપીને માણસને ઉંચામાં ઉંચી પ્રતિનું સુખ આપનાર કલ્પવૃક્ષ નીવડશે" "મન હોય તો માર્ગ મળશે." જે માણસ અમુક કામ માથે લેવાનો સંકલ્પ કરે છે, તેથીજ તે મોટી અડચણોને પાર કરે છે અને તેથીજ તે સિદ્ધતાને પામે છે 'ફલાણું કામ હું કરી શકીશ' એવો મનમાં વિચાર લાવવાથીજ તે કામ કરવાને આપણે ઘણે ભાગે શક્તિમાન થઈએ છીએ કોઈ પદાર્થની પ્રાપ્તિને માટે મનમાં નક્કી કરવા સાથેજ તે વસ્તુ ઘણી વખત પ્રાપ્ત થાય છે એ પ્રમાણે જે માણસ ખરી ઉર્મિથી મન સાથે સંકલ્પ બાંધે છે, તેનામાં જાણે દૈવી શક્તિનો—સર્વ શક્તિમાનપણાનો આભાસ દેખાય છે

આ ઉપરથી એમ ન સમજવું કે આપણે ઇચ્છાએ એકને સર્વ થઈ ચુકવું, જે ઇચ્છવું તે બલવત્તર ઇચ્છાથી ઇચ્છવું જોઈએ યાદ રાખવું કે જે માણસ અમુક કામમાં નાઉમેદ થાય છે, તેનામાં

ફક્ત ઇચ્છા શક્તિજ નથી એટલે કે તેઓ જે ઇચ્છે છે, તે તેઓ અરધુંજ ઇચ્છે છે જ્યારે ઇચ્છયુંજ અરધું ત્યારે તેના મનમાં શક થાય અને એમ થયું ત્યારે તો તેમાં અશક્યતાએ ઘર ઘાલ્યું અશક્ય એ શબ્દજ કોષમાંથી કાઢી નાખવો જોઈએ. જે માણસ અશક્યતાના શબ્દો વાપરીને ખાતે તેની ઇચ્છાજ બગડી સમજવી "હું જાણતો નથી, મારાથી બની શકે એમ નથી, અને એ અશક્ય વાત છે" એવું જે કોઇ કહે તેના ઉપર નેપોલિયનને બીજા બધા કરતા વધારે તિરસ્કાર આવતો

અહા ! જો સમર્થ ઈચ્છા બળ હોય, અને તે સારૂં નરસું કે નિતિ અનિતિ ન જુએ તો શું નહિ કરે? જે માણસ હરેક કામમાં ઝટ ઠરાવ અને ઝટ તૈયારી કરી જુસ્સાથી કામ પાછળ મંડે તો તે માણસ ગમે તેવું કષ્ટવાળું, બીકવાળું, કે જોખમવાળું કામ હોય તોપણ તેને વળગને વધારે સમય સૂચકતા વાપરી ત્વરાથી ધારેલી વાતમાં ફતેહના ડંકા વાગતા સુધી મંડ્યો રહેશે, અને સામે આવતી આડચણોને ખસેડતો જઈ વધારે ઉંડા મૂળ ઘાલતો જશે

સત્યવાત એ છે કે એકવાર કોઇ પણ કામ કરવા માટે મ્હોમાંથી વાચક નીકળી ગયું, અથવા તો કોઈ કામ કરવાને ઇચ્છા પુર્વક ધારણા ધારી, પછી તે ગમે તે થાય તો પણ ખમ ઠોકી તે સામે કમર કસીને મંડવું અને જુસ્સાથી એવો હઠ પકડવો કે તે આરંભ્યા પછી તત્કાળ ગમે તેટલી અણધારી અડચણો એવી આવી પડે કે જો તે પ્રથમથીજ જાણ્યું હોત, તો તે કામ માથે લેવા કદાપિ મ્હોથી બોલતજ નહિ એવી અનેક અડચણોમાંથી પણ પસાર થઇને મ્હોંએથી નીકળેલું વાચક જગતને સત્ય કરી દેખાડવું,

અને કામને પાર મેલવું, એ કેવું દુર્ઘટ કામ!! કેવો વિકટ રસ્તો! અને સામે પગલે જનારની કેવી વજ્ર છાતી! કેવું શૌર્ય! કેવો પ્રશંસનીય અડગ જુસ્સો!!

જે માણસ નાનપણમાંથીજ પોતાનું કૌવત કસે છે, સ્વેચ્છાથી સ્વતંત્રતાથી ઉદ્યોગનાજ મંત્ર ભણે છે, ટાણે ટક્કર લે છે બીકને દેશ નિકાલ કરે છે, અને કશાથી બીતો નથી તે માત્ર આપ બળે, સ્વપ્રયત્નથીજ જીંદગીના આકરા સખ્ત સંકટોમાંથી તરી પાર નીકળે છે 'દુનિયામાં દરજ્જા અને માનપાનની કરતાં બીજી વધારે ઉમદા ચીજો છે સોના રૂપાની તૃષ્ણા રાખવા કરતાં આપણામાં બીજી દૈવી તૃષ્ણાઓ છે, તે ખોળી લેને મળે તેમ છે"

કોઇ કોઇ મનના મસ્તી એવા હોય છે કે પોતાના કામમાં ગમે તેવું જોખમ આવી પડે, ગમે તેવું સંકટ પડે, અથવા તો શરીર રોગથી પીડાય, પણ તેની જીંદગીના મહાન ઉદ્દેશમાં તે મશગુલજ રહે! અને તે એમ બોલે કે "મારૂં તથા મારા જાત ભાઇઓનું મારાથી બને તેટલું ભલું કરીશ." એટલુંજ નહિ પણ તે તેનું કામ એવી ઝીણી નજર રાખીને કરે, હમેશાં એવો તો વખત જાળવીને નિયમસર કામ પર હાજર થઇ જાય અને પોતાની આબરૂ તથા પ્રમાણિકપણાને નિષ્કલંક રાખવાને તે એવો તો ખંતી રહે કે, જે જે માણસો એને ઓળખતા હોય તે બધા આદરથી એને માન આપે, તારીફ કરે, અને જીગરથી ચાહે!

માણસના મનનો ગમત એટલે મજબુત ઇચ્છાબળ જો યોગ્ય કામોમાં વાપર્યું હોય અને બરોબર રીતે તેને સુરસ્તે ચઢાવ્યું હોય તો તે એક અમુલ્ય બળવાન ગુણ નિવડે! દાખલા તરીકે આપણે

કોઈ પણ પુસ્તક વાંચવા માંડયું, તો તે પૂરૂં કર્યા વગર રહેવું જ નહીં જ્યારે તે પુસ્તક બરાબર મનમાં રમી રહે, ત્યારેજ તે પુરૂં થયું સમજવું અને જેજે વાંચવું અથવા વિચારવું, તે તે એકાગ્ર ચિત્તે વાંચવું અને વિચારવું જોઇએ. એક માણસ કહેતો કે "હું જેમ જેમ મોટો થતો જાઉં છું, તેમ તેમ મારા મનની વધારે ખાત્રી થતી જાય છે કે માણસોમાં જે મોટો તફાવત જોવામાં આવે છે,— નબળા અને જબરા વચ્ચે, મોટા અને પામર જનની વચ્ચે, જે મોટો ભેદ જણાય છે, તે માત્ર જુસ્સાના પ્રભાવીજ છે, અજેય દૃઢ સંકલ્પને લીધે છે એક વાર મનમાં કોઈ પણ કામ કરવાનો નિશ્ચય કરવો અને પછી "દેહં પાતયામિ વા અર્થં સાધયામિ" કાંતો કરવું કે પછી મરવું એમાંથી એક મનમાં જો એવો જુસ્સો હશે, તો તે માણસ દુનિયામાં જે થવા જેવું છે, તે તે કર્યા વગર રહેનાર નથી પણ જો એ મહાન ગુણ કોઇ શખ્સમાં નહીં હોય, અને પછી ગમે તેટલું બુદ્ધિબળ તેનામાં હોય, તેની સ્થિતિ ગમે તેવી અનુકૂળ હોય, ઉપરાંત તેને ગમે તેટલા સુંદર લાભકારક પ્રસંગ આવી મળે, તોપણ તેથી શું ફળ? ઉપર કહેલા તમામ સહાયો છતાં તેનામાં ઉત્સાહ અને દૃઢતા નહીં હોય, તો તે માત્ર બે પગું પ્રાણીજ કહેવાશે તેની ગણના મનુષ્ય જાતીમાં થઈ શકશે નહી એ નક્કી સમજવું

જે હર હમેશ પોતાના ઉદ્યોગમાં મચ્યો રહે, તે રાજદરબારમાં માર્ગ મૂકાવો પોતાના સત્કાર્યથી જગતને વિસ્મય પમાડો અને તે સંસાર વ્યવહારની ખરી કેળવણીનું ફળ દુનિયાને દેખાડો ખરો જે માણસને સંસાર વ્યવહારી કામકાજની કેળવણી મળી નથી, તે ક્ષુદ્ર

શીની જીન્ગી જગતમા મળતી છે? સ માર વ્યવહારી કાયની કેળવણી ઝવ્વારમા સહેલાઇથી ગી જતી નથી પણ સતત પ્રયાસ અને અખડ આગ્રહ જન્ય અતરાશીના અકુર નિશ્ચય ગાને સનેજ જોઇએ. ઘણુજ વિરિલા પાયા ઉપર કામ કરનારા મોટા ગ ે વિશાળ મનના માણસો હોય છે સાહસપેટાથી એ બનતુ નથી

કોઇ પણ અગત્યનુ કામ બરાબર ચલાવવામા પ્રથમ તે કામની યોગ્યતા મેળવવી જોઇએ તે કામમા વખતે અણધાર્યો બનાવ બની જાય, તો તત્કાળ તૈયાર થઇને યોગ્ય વ્યવસ્થા કરતાં આવડવી જોઇએ સ પ્પ્રામાગ ય માણસોને કામે લગાડવાની અને તેમની મેહેનત વ્યવસ્થા પૂર્વક ચલાવવાને આવડત અને શક્તિ જોઇએ તેમા જન સ્વભાવનુ જ્ઞાન અને ઉચ્ચ સમજણની જરૂર પડે છે પોતાની જાતને નિત્ય અમુક રીતે કેળવ્યા કરવી પડે છે આથી વખતો જતો અનુભવ પ્રતિ દિવસ કામ લાગે છે સસારના ઘણા રોજગારમા કેળવાયલા પુર્ણ વાકેફગાર પુરૂષો મળવા મુશ્કેલ છે કામકાજથીજ માણસ માણસ બને છે

હરકોઇ ધધો પકડો, પણ માણસમા જો માણસાઇજ હોય, તો તે કોઇ પણ ધધાથી નીચો થતો નથી. જો તેનામા તે ાપણુ નહીં હોય, તો તેના ધધામા તે નીચો પડશે તનનુ કે મનનુ કામ હોય હાથની મજુરી કે મગજની મેહેનત હોય પણ તે ા વ્યાજબી રસ્તે તને તે ઉદ્યમમા પાચ પૈસ ા પ્રાપ્તિ થતી હોય ના ન ધધો આબરૂ ઇજતદાર સમજવા કોલના તમારા અને કાદવના ગોળા ઉપાડવાથી હાથ મેલા થાય, તથી ુ અત કરણ પણ મલિન થાય? કાગળ કે કોલસી મેલા થવાતુ નથી, પણ કચનના લોભથી

કાળા ઠીકરા જેવા દવાખ છે વખતે એમ બને છે કે કોઈ ઉપયોગી વસ્તુ મેળવવા માટે તેની પાછળ આપણી પાસે જે હોય, તેને પ્રથમ છુટું છુટું કરી નાખવું પડે છે તેમજ વખતે એમ પણ બને છે કે ઉમદા પદાર્થ મેળવવા માટે મહાન પુરૂષોને તે તરફ પ્રયાસ કરતા કરતા પોતાનુ ગુજરાન ચલાવવાને સાચા દિલથી ઉપયોગી મહેનત મજુરી કરવી પડે છે કવિવર નર્મદાશંકર માટે કહેવાય છે કે તેમને પણ એવાજ ફળની પ્રાપ્તિ માટે પ્રકૃતિથી વિરૂદ્ધ છતા થોડી મુદત અણગમા છતાં, નોકરી કરવી પડી હતી સારાંશ એ કે મોટું ફળ મેળવવા માટે ધિરજથી તે ફળ પ્રાપ્તિને પુષ્ટિ મળે, એવા કામો લાચારીથી કરવા પડે છે જો કે આવે વખતે ઇચ્છિત ફળનો પાક મોડો ઉતરે છે, તો પણ તેવા પેટા કામો સાદર પૂર્વક કરવાં પડે છે.

ઘણા લોકો એમ માને છે કે શક્તિ હિંમત ઘાણીના બળદની પેઠે રાજ રોજનુ કામ જેને માથે આવી પડે છે, તેનામાં ઉચ્ચ પ્રતિની મનશક્તિ હોતી નથી પણ એ માનવુ ખોટું છે ધંધા રોજગારવાળાએ પોતાના કામમાં સારા ઉગવુ હોય તો ધિરજ ને આગ્રહથી સચોટ મહેનત કરવાની ટેવ કેળવવી જોઈએ. પોતાના ધંધામાં ફતેહ મેળવવા માટે હરકોઈને ત્રણ ગુણની અવશ્ય જરૂર છે પ્રથમ પોતાના સ્વભાવનું વલણ જન્મથીજ તે તરફ વળેલું જોઈએ બીજું તે કામ પાછળ મંડયા રહેવાની ટેવ જોઈએ અને ત્રીજું મહાવરો પાડવો જોઈએ અને તે ધંધાના ઉપર ત્રણ ગુણ ખંતથી કેળવ્યા હોય તો તે અમે તેવાં કઠિણ નસીબ ખોલવાની કામણગાર કુંચી નિવડે !

વખતે, એમ પણ બને છે કે "ભાગ્યશાળીને ઘેર ભૂત રળે" એ પ્રમાણે કેટલાકના ઘરમાં પાસા અવળા નાખતા સવળા પડી દૈ-વ યોગે સોનાના વરસાદથી રેલછેલ થઇ રહે છે એ ખરૂ પણ એથી શું? પણ મહેનત ની કમાણીમાં જે રસ—જે માધુર્ય હોય છે તે તેમાં નહિ હોવાથી સોનારૂપાનો દરેક કકડો રસ્તામાં રઝળતા પથ્થરના કકડા જેટલી કીમતનો છે એવી રીતે થયેલ શ્રીમંતને અગર ગર્ભશ્રીમંતો સોનારૂપાના દરેક કકડાની ખરી કીંમત સ્વપ્નામાં પણ જણાવાનીજ નહિ "જુગારી જીતે તેમ લલચાઇને વધુ રમે" તેમજ નસીબ દાર વેપારી ખોટા લાભના લોભ વહનમાં તણાઇ આખરે ખુવાર બને છે

કેટલાક માણસો ટુંકે રસ્તે જવાના વિચાર કરે છે તે રસ્તો ખાડાખબડા, જાળાંજાખરાં, અને કાદવકીચડવાળો હોય છે તેથી સારે રસ્તે થઇને જનારને જો કે ફેરો ખાઇને જવુ પડે છે આથી વખત વધારે જરૂર ખરો પણ ટુંકા માર્ગે કરતા આ માર્ગે શુદ્ધ અને નિર્મળ હોવા થી ભલે છેક સાધારણ મજુરી કરવાનું કામ હોય, પણ રોજ રોજ નિયમસર કામ કરવાથી બાકીનો વખત બહુ આ-નંદમાં જાય છે અને ટુંકે રસ્તે તો વખતે ખાડામાં ઉતરવુ પડે ઝાંખરાથી પગ લોહીલોહાણ થાય, અને વખતે કાદવમાં ખુંચી જ-ઇને ત્યાંજ અટકવું પડે, અથવા તેમ નહિ તો ઝરડ ચલા પગજ ત્યા અટકે, કે પાછા પગલાં ભરે એટલે કે કામની સમાપ્તિ ત્યાંજ કરવી પડે. એકદમ આકાશમાં ફાળ મારીને ઇંદ્રના ઇંદ્રાસનને ડોલાવવાની ચેષ્ટામાં કૂદેલો યુવાન પોતા ની મૂર્ખાઇનો ભોગ થઇ પડે, એમાં શું આશ્ચર્ય!!

બીજી વિશીમા પ્રવેશ કરતા કોઇ પણ જુવાન માણસને મા ટે કંઇ પણ ગોઠવણ કરી આપવી એ વ્યાજબી નથી કેમકે તેમ કરવાથી તેમને પોતાનેજ નુકસાન થાય છે તેમનામા જેટનુ હૈવત હોય, તે કરતા વિશેષ હૈવત પોતાનામા છે, એમ તેમને ભાસ થાય છે, અને તેથી તેઓ પોતાને માટે મહેનત કરતા નથી "તમારે તુમડે તરવાનુ છે તમારી મેળે આપ બળે જે કરવાનુ હોય તે કરો તમારે સુખે રહેવુ કે ભૂખે મરવુ એ વાતનો આધાર તમારા પોતાના ઉપર રહેલો છે" આવા આવા બોલજ જુવાનીઆઓને કાને પડવા જોઇએ આ બાબત તે જુવાન શખ્સના દિલમા ઠસશે, કે પારકા આશ્રમથી કે બીજાની મદદથી કંઇ લાભ થવાનો નથી મારે મારૂ સુખ—મારૂ કલ્યાણ તાકવુ જોઇએ અને તેથી મારી જાત ઉપરજ આધાર. રાખીને મારેજ મારા બાહુબળથી મારે માટે સર્વસ્વ મેળવવુ જોઇએ

કોઇ પણ કામમા પ્રયત્નો કર્યા છતા પણ નિષ્ફળ જવાય તો પણ પ્રયત્ન કરનારને તો તેમાએ લાભ છે પોતાના પુષ્કળ બળની સઘળી શક્તિઓને જાગૃત કરે છે આથી તે જાત કેળવણીમા આત્મનિગ્રહમા, જ્ઞાનમાં તથા ડહાપણની કેળવણીમા તે આગળ વધતો જાય છે "નિષ્ફળ પ્રયત્નો આશી દ્રષ્ટિથી નિહાળવામાં આવે, અને દૃઢ આગ્રહથી નિષ્ફળ પ્રયત્નોને પણ સફળ કરવામા આવે, તો તેવી નિષ્ફળતા સદા રસભરી અને બોધકારકજ છે" જે માણસ માત્ર સ્નેહ મેળવવા માટેજ મહેનત કરતો હોય છતાં નિષ્ફળ જાય, તો પણ તેને દિલાસો મળે ખરો કેમકે કોઇ ભૂંડા કામમા સ્નેહ મેળવવો એ મોટી બદનામી છે પણ તેના કરતા રૂડા કામમા નિષ્ફળ

જાણું એ માનવાણી અને વધારે માનવાળી વાત છે

સારા કામમાં પાછા પડવાના કરતા તે પાર પાડવું એ વધારે સારૂ છે પણ કોઈ કામમાં તેનું પરિણામ કેવું આવશે તે ઉપર લક્ષ નહિ રાખતા માત્ર કામનોજ ઉદ્દેશ રાખવો જોઈએ તેમા જે મહેનત કરવી પડે હિંમતથી ગડયા રહેવું પડે, તે પર ધ્યાન દૃષ્ટિ રાખવી ઘટે છે ”

“ વિજય પરાજય વિષય નો, નથી આપણે હાથ,
પામર પ્રાણી આપણી, થવું વિજયને પાત્ર ”

સંસાર વ્યવહારના કામમાંજ પાછળ જો ડહાપણ અને જોસથી મહેનત કરવામા આવે, તો તેના રૂડાં ફળ નિપજ્યા વિના કદિ રહેતા નથી એવો સુલક્ષણવતો માણસ આગળ વધતો જાય છે તેનું પુરૂષત્વ અને સામર્થ્ય બહાર પડતું જાય છે, એટલુંજ નહિ પણ તેનો દાખલો લેઈને બીજા માણસો તે પ્રમાણે કરવા ઉશ્કેરાય છે અલબત કંઈ સઘળા માણસોને સરખો દરજ્જો—સરખો લાભ મળતો નથી પણ સરાસરી પ્રત્યેક માણસ પોતપોતાના ગજા પ્રમાણે ઉંચી પદવીએ ચઢે છે એ નિશ્ચય છે દુનિયામા એવા દાખલા મળવા દુર્લભ છે કે જેણે જીવન પર્યંત ધરો કર્યોજ હશે તો પણ તે કંઈજ મેળવી શક્યો નહિ ! કોઈ પણ સાચા કામનો બદલો સાથેજ મળવો એ સ્વાભાવિક છે

કોઈ પણ કામ હાથમા લઈને તે પારજ મૂકતું હો તો તુચ્છ સાધનોથી સંસાર માંડવો જોઈએ સંસારમા પડતા શરૂઆતમાંજ દુર્બલ દશા હોય તો ખરેખર સારા કામ કરવાને મન સદા આતુર રહે છે. પ્રતાપનું ચરિત્ર આ ઠેકાણે દાખલો લેવા યોગ્ય છે

નિશ્ચયમાં આગળ વધીને જેને સારામાં ગણાતું હોય, તેને તો નિર્ધનતા ને નબળી બાબત જરૂરી છે એમ તો તને એક ભાગ્ય દશાનું ચિન્હ—એક અગત્યનું સાધન સમજીએ છીએ."

કોઈ નમ વસીલાગી ઉપગીએ મ્હોટી મોટામાં ખપે છે. કોઈ પોતાની બુદ્ધિના પ્રભાવે ઉચ્ચ પદ પામે છે, અને કોઈ દૈવી અ-ગત્યારથીજ પાર પડે છે. પણ ઘણે ભાગે નિર્ધન માણસોજ ઉદય પામતા જોઈએ છીએ. ખરી શોભાની વાત એ છે કે ગમે તેવું કામ આવો, પણ તેનો નકાર નહિ કરતાં હિંમતથી સામે પગલે જઈને તે હાથમાં લેવું.

દુનિયામાં હમેશાં એમજ બનતું આવ્યું છે કે દરેક માણસ સુધરતો જાય, અને આગળ વધતો જાય, તેનું મૂળ કારણ મહેનત છે. આખા દેશનો અથવા પ્રજાનો સુધારો મહેનતનેજ રહેલો છે. પ્રયત્ન વિના કંઈ થતું નથી. જે ઇચ્છીએ તે અનાયાસે વગર મહેનતે થઈ જાય તો ઠીક, એમ ઇચ્છવું એજ ઘેલાઈ છે. કદાપિ એવું બને કે ઇચ્છીએ તે તમામ તરત થઈ જાય, તો તેવો સમય ત્રાસદાયક અને મહાદુઃખદ જાણવો. કંઈપણ કામ, કંઈપણ સ્વાર્થ, કંઈ પણ પ્રયોજનજ નહીં એવી ભયંકર દુઃખદસ્થિતિ !! એવો વખત આવે ત્યારે જગતમાં કેમ ચાલે ?! તેની કલ્પનાની પરિસીમા તો બંધાતી નથીજ ! પણ તેનો માર્ગ પણ અંધારી ખીણમાં અગમ્ય છે !

પોતાના કોઈપણ એક કામમાં જે માણસ પ્રથમ હાર ખાય છે, અને જાને પોચા મનનો મધ્યમ પુરુષ હોય છે, તો તે આગળ વધતો નથી. પોતે હાર ખાધી તેનો દોષ તે બીજા ઉપર મૂકે છે. આ પોતે દોષના બોજા વિનાનો હલકો થઈને બેવકૂફની ટોળીમાં

...મ્યાનો વધારો કરે છે! પોતે બેનસીબ છે, એમ માનવું, અથવા તો બેવકૂફ બનવું, એ એકજ મહત્વની વાત છે એવાઓ નસીબનો દોર કહાડીને જ્યાં ત્યાં પોતાના દુખ રડે છે, પણ તેમણે સમજવું જોઇએ કે એમાં બીજા કોઇની કસૂર નથી, પણ પોતાની જ બેકાળજી ગેરહોશિયારી ઉડાઉપણું અને આળસ એજ નડ્યા છે એથીજ ધારેલે સ્થાનકે પહોંચાયું નહિ તેઓએ દુનિયાને માથે દોષ મૂકતાં જરા વિચારવું જોઇએ કે ' સૂર્ય છાબડે ઢાંક્યો રહે નહિ " ગુણની કદર વેહેલી મોડી થાય, અને થાયજ

तारेकी जोतम चद्र छूपे नहि, सूर छुपे नाहि बादल छाया,
राड पडे रजपूत छुपे नहि, दाता छुपे नाहिं मागन आया,
चचल नारिको नेन छुपे नहि, प्रीत छुपे नहि पठ देखाया,
कवि गग कहे सुन शाह अकबर कर्म छुपे न भभूत लगाया

ખરૂં કદાચ ક્યારે પણ કસોટીએ આવી કીંમતી ગણાય ગુણ હમેશાં અંધારામાં રહેતો નથી પ્રથમ આવે ત્યારે જાહેરમાં આવે છે—અજવાળામાં આવે છે, પ્રકાશે છે ઝળકે છે " અમારો કોઇ ભાવ પુછતું નથી " એમ કોઇ બોલે તો તે ઉપરથી તેનો તોલ થઇ શકે છે તેની શક્તિ તેનું કામ તેની ચપળતાઇ ઘોર નિદ્રામાં પડ્યાં હોય, એવો ખાસ તેનું બોલવું સાંભળીને હરકોઇને થયા વિના રહે નહિ વળી તે સંદેહજ કેવા લૂલા છે! બે કાળજીથી કામ કરે, અને ગુણને કેળવે નહિ, ત્યારે આવું બોલવાનો વખત આવે, એમાં દુનિયાનો શો દોષ? એ તો નિર્વિવાદ વાત છે કે બુદ્ધિને કેળવીને પરિપક્વ કરી નિયમમાં આણી હોય તો દુનિયા આંધળી નથી, અન્યાયી નથી, અયોગ્ય

નથી અને તેથી થરમા ભાઇ ન રહેતા પોતાના ગુણ પોતાનુ બળ જાહેરમા લાવી કસોટીએ ચઢાવીએ તો દુનિયા તરફથી ન્યાયજ મળે એ તો ખરૂ કે બહાર પડતા બોલકણા બેશરમ માણસ ફાવી જાય છે પણ ખુણે ભરાઇ બેસનાર ગુણવાન ત્યાંજ સડયા કરે છે કેમકે તેમનામા બીજા ગુણો છે, તો પણ ચંચળાઇ, અને વખતસર ઝટ તૈયારી એ ગુણોની ખામી છે, તો તેથી શો ફાયદો? ઉચ્ચ ગુણો પ્રકાશમા લાવવાનુ ચાતુર્ય પણ જોઈએ છીએ તે વિના ઉત્તમ ગુણો પણ તે અપૂર્ણ છે, એમ સમજવુ "ચોરી કરનાર ભલે મિંહ પણ ઉદ્યમી હોય, તો શા કામનો? એના કરતા તો જાગતો ને ભસતો કુતરો વધારે સારો"

દરેક માણસને પોતાની ફરજ અદા કરવાની હોય છે અને તે ફરજો ને તે કામ યથાસ્થિત રીતે કરવાને પોતાની શકિતને સારી પેઠે કેળવવી જોઇએ ઘરનુ અથવા ઘર સંસારનુ કામકાજ હો, અથવા કોઇ ઉદ્યમ કે વેપાર ચલાવવાનો હો, કે કોઇ દેશની પ્રજા ઉપર હકુમત ચલાવવાની હો, તો દરેકમા પોતાની શકિતને ખાસ કેળવવાની જરૂર છે' વા. શ્રેયર્ડ કે જે માણસને કોઇ પણ પ્રકારનુ કામ ઉત્તમ પ્રતિનુ કરવુ હોય તો તે માણસમા એકાગ્ર ચિત્ત રાખવાની ટેવ, આગ્રહથી મંડવાનો ગુણ બારીક નજરથી અવલોકન કરવાની શકિત, કામ કરવાની પદ્ધતિ સમય પાળકતા, અથવા નિમેલે વખતે નિમેલુ કામ કરવાની આદત અને કામ કરવામા ત્વરા એટલા ગુણની અવશ્ય જરૂર છે" એમાથી એક પણ ગુણ ઓછો હોય તો પ્રમાણમા કે તેથી વિશેષ તે કામ નબળુ થવાનુ માણસને હાથ કે પગ નહોય, અથવા આંખો ન હોય, એ જેટલી અ-

પૂર્ણતા ગણાય, તેટની અપૂર્ણતા તે કામમા એકાદ ગુણની ખામી હોવાથી રહે છે '

વળી એમ પણ અસુસ યાદ રાખવુ કે જે કામ કરવુ તે સ-પૂર્ણ અને ચોખ્ખેચોખ્ખુ કરવુ કામ થોડુ થાય તેની ફિકર નહિ પણ તે બરાબર રીતે બજાવવુ જોઇએ ગોબરૂ અને ભુલવાળુ કામ ઘણુજ બલકે દશ ગણુ કરવુ, તે ખરેખર ન કર્યા બરોબર છે એવુ કામ ફળ દેવી તો નીવડતુજ નથી, પણ ઉલટુ એથી ઘણી વખત નુકશાનીના ખાડામા ઉતરવુ પડે છે જેને કામ પર જીવ નહિ, તેના સઘળા કામ ભૂલવાળા, અને નિંદિત હોય છે આવા માણુસો કામથી ઝટ મુક્ત થવાને રાજી હોય છે એટલે ગમે તેમ કરીને માથે પડેલુ કામ ગોટા વાળીને કાચુ પાકુ પુરૂ કરીને નિરાતે બેસવા કે ફરવા ચાહના રાખે છે આથી તેનુ ઘણુ લક્ષ બહાર રોકાય છે સા । કામ કરવામા પૂર્ણ લક્ષની જરૂર છે તે વિના ગમે તે કામ ખામી ખાંડ વાળુજ થાય, એ નિશક વાત છે

નવરાને મના વિસામોજ છે કાંઇ કામમા સપૂર્ણ મહેનતથી તનમન થાકી જાય, અને કામ પર કંટાળો આવે, ત્યારેજ વિસામો લેવાનો છે વિસામા પછી વિસામો નહિ, પણ મહેનત પછી વિસામો લવો જોઇએ થાકેલા તન મનને ફરી કામ પર મંડવાને માટે વિસામો આપી જાગૃતિમા—સ્ફુરતીમા આણવાની જરૂર છે કામ વિના નિરાંતે સુતેલા કે બેઠેલાના શરીર અકડાઈ જવાથી હરવા ફરવાની કે કામકાજ કરવાની ઇચ્છા થાય છે. તે વિના મનને ચેન પડતુ નથી હવે આ બેમા કયો રસ્તો ઉત્તમ? પ્રથમ આળસમા પડ્યા રહી પછીથી કામની ઇચ્છા કરવી તે સારૂ ? કે પ્રથમ કામ

કરીને થાક્યા પછી વિશ્રામ લેવો એ સારૂં? થાક વિના વિશ્રામ શાનો? માટે પ્રથમ વિશ્રામ લેવોજ નહિ પ્રથમ કામ અને થાક્યા પછી વિશ્રામ, એ વાસ્તવિક છે વાજબી રીતે થાકેલાને વિશ્રામ લેવાનો હક્ક છે પણ થાક્યા વિના આળસુએ લીધેલો વિશ્રામ એ સ્વચ્છંદી મનથી વગર વિચારે એદીએ માની લીધેલી નીચ મુબારકી છે

પરન્તુરણ નાની બાબતોવાળાં કામ તમે કેવી રીતે કરો છો તે ઉપરથી માણસો તમારી તોલ કરશે અને એટલા ઉપરથીજ લોકો તમારૂં સારૂં કે નઠારૂં બોલશે. અલબત બીજી બધી બાબતોમા તમે સદ્ગુણી હશો, સારા શક્તિમાન હશો, તેમજ ચાલચલગતમા પણ વખાણવા લાયક હશો, તો પણ તમારામા જો ગફલતનો અવગુણ હશે, તો કોઇ તમારો વિશ્વાસ કરશે નહિ, તમને કાંઈ પણ કામ સોંપતા તરત અચકાશે કેમકે તે જાણે છે કે તમે જે કરશો તે ભૂલવાળુંજ હશે અથવા તે તમારેજ ફરી જોવું પડે એવું હશે અને જો એમ છે તો તમારા ઉપર સૌ ખીજવાશે, અને તમારે લીધે સૌને તસ્દી પડશે નુકસાન થશે, માટે થોડું થાય તેની ફિકર નહિ, પણ જે કરવું તે મધપુડાની માખીનો દાખલો લઇને ભૂલ રહિત ચોખ્ખેચોખ્ખું અને જોતાજ પ્રસન્ન થાય એવું કરવું

કામનો કંઈ પણ ક્રમ ગોઠવણ અથવા નિયમ નહિ હોવાથી ઉગ્યાથી આથમ્યા સુધી અને રાત્રિએ પણ કોઇ માણસ માથા તોડ મહેનત કરે, તો પણ કામનો બોજો હલકો નહિ થતાં વધતોજ જાય તેમજ તન મનને મહા ખેદ ઉપજે, સુરેકેથી નડે કામ કરવામા નિયમ એ અગત્યનું પ્રશંસનીય અને લાભદાયી લક્ષણ છે એથી

કામ ઝડપથી અને સારી રીતે થાય છે. કામ જેમ થતું જાય છે તેમ તે આનંદ આપતું જાય છે. 'તમારે ઘણાં કામ કરવાં હોય, અને તે સઘળાં ટુંકી વખતમાં કરવાં હોય તો એકજ કામ પાછળ એકી વખતે મંડી પડવું" પણ એમ નહિ ધારવું કે હવે આ કામ અવકાશ મળશે, ત્યારે કરીશ. આ ટેવ ઘણાં અધુરાં કામ એકઠાં થઈને મુશ્કેલીમાં નાખનાર બોજારૂપે દેખાવ દે છે. માટે જે કામ જે વખતે હાથમાં લીધું, તે કામ ત્યારેજ કરવું. આજનું કામ આજેજ કરવું. મુલતવી રાખવું નહિ. આજે કરવાનું કામ કાલ ઉપર મુલતવી રાખવાથી જે અનિવાર્ય માઠાં પરિણામ બુદ્ધિસાગર પણ આળસુ વિદ્વાન બેસિલને થયાં છે, તે જેમણે "મુલતવી રાખવાનાં માઠાં ફળ" એ ચોપડી વાંચી હશે તેમના જાણવામાંજ હશે. અગાધ બુદ્ધિ, સરળ સુગમતા, ઉચ્ચતર સહાયો અને પુષ્કળ વખત મળવા છતાં બેસિલ જેવા વિદ્વાને પોતાના અંગમાં મુલતવી રાખવાની ટેવને ઘર ઘાલીને વિશેષ વાસ કરવાનો અવકાશ આપ્યો એથી ઉપરાઉપર ઘેનાક્રમ નુકશાનો તેની પાછળ આખી જીંદગી સુધી લાગુજ રહ્યાં અને એ મુલતવી રાખવાની ભુંડી કુટેવનું કડવું ફળ માત્ર વારવા અનહદ 'પસ્તાવો'જ નિપજ્યું. પણ એથી ઉલટું 'યત્ન પર યત્ન અને તે પર યત્ન' !! અથવા પણ અખંડ મંત્ર મુલતવી રાખ્યા સિવાય અવિચ્છિન્નપણે જાણવામાં આવે તો બેસિલનાજ મિત્ર ગરીબ બોર્નિની પેઠે તવંગર બોર્નિ કહેવાનો વખત જાતેજ લાવી શકાય. એ તવંગર થયેલા ગરીબ બોર્નાનું મુલતવી રાખનાર તેના મિત્ર લોલોન પ્રતિ એક એક પ્રસંગે જે નમ્ર બોલવું થયું હતું, તે અહીં ટાંકવું યોગ્ય ધારૂં છું

ગોર્નિએ કહ્યું કે "અમેરીકા આવવાને માટે હું નિકળ્યો તે પહેલાં અગર આથી કોઇ પણ ભાગ્ય સૂચક બનાવ બન્યો હોય તો તે એ જ હતો કે તમારા જેવા સજ્જન પુરૂષ જે વહાણમાં હતા, તેજ વહાણમાં હું અત્રે આવવાને બેઠો જો તમે મને પ્રથમથીજ ઉચકી લીધો (મદદ કરી) ન હોત તો હું હમેશાને માટે ગરીબ સ્થિતિમાંજ રહ્યો હોત, અને ઘણા વખત સુધી બીજા લોકોના ધિક્કારનું કારણ થઈ પડયો હોત, પણ તમારી એ મદદ પછી સર્વ ઠીક થયું ઈશ્વર તમારૂં ભલું કરે, કે મારા બે છોકરા મારી પાસેથી છેક લેવાયા નહોતા આવ્યા મારે માટે બન્ને છોકરા મારી સાથે મહેનત કરવા લાગ્યા, અને મનથી કે તનથી કોઇ પણ રીતે છુટા પડયા સિવાય કામ કરતાજ ગયા. અમે જેટલા પૈસા કમાતા તેટલા પૈસા આ સુજ્ઞ સ્ત્રીને આપતા. અને પ્રથમ ઘણીજ કંજુસાઇથી ખર્ચ કરવા લાગ્યા અને પછી કોઇ તરેહનું વ્યસન કરવાના સોગન ખાધા. ઇંગ્લેન્ડમાં એક કડીયા પાસે હું મજુરી કરતો હતો તેથી એ બાબત મને થોડી ઘણી માહિતી હતી જેટલું હું જાણતો હતો તેટલાનો ઘણો સારો ઉપયોગ કરવા લાગ્યો. અને તેથી કોઇ પણ બાબતમાં મને હરકત પડતી નહિ હું કામ કરવા લાગ્યો અને દિનને દિવસે મને વધારે રોજ મળતો ગયો મારા બન્ને છોકરાઓનું પણ તેમજ બન્યું એક જણ લુહારનું થોડુંક કામ જાણતો હતો અને બીજો સુથારના ધંધામાં કાંઇક માહિતગાર થયેલો હતો એક જણને કારખાનામાં પુષ્કળ કામ મળતું અને બીજાને ગોદીમાં વહાણનું કામ મળતું તેથી સવારમાં કે સાંજે વહેલા કે મોડા અમે હમેશા કામમાંજ રહેતા. આ પ્રમાણે અમે એક વર્ષ સુધી ચલાવ્યું. આ

તે વર્ષ આખરે માલુમ પડ્યું કે આ પ્રમાણે ગળેલા રોજને લીધે હમારી સ્થિતિ વધુ સારી થઈ હતી. ઘેર મારી બા કંઈ સુસ્તીમાં બેસી રહેતી નહોતી જ્યારે તે નાની હતી, ત્યારે રાંધવાનું શરૂ કરી ખડી હતી, અને તે તેને બરોબર આવડતું હતું આ વિષયપર તેણે પોતાની ચતુરાઈ બતાવી સારી "રોટીઓ વગેરે કરીને તે વેચવા લાગી ઘરાકો પુષ્કળ રોટીઓ માટે આવવા લાગ્યાં. અને તેથી રોટીની ખુબ ખપત થઈ. જ્યારે હું મુખ્ય ઠીકેદાર (મોચી) થયો અને મારા તાબામાં થોડાંક માણસો આવ્યાં ત્યારે મેં ઉધાર બાંધીને ઘર બાંધવા માંડ્યાં. એમ એક પછી એક ઘણાં જણનાં ઘર બાંધ્યાં, ત્યારે મારે મારૂં પોતાનું ઘર બાંધવાનો વખત આવ્યો મારા માણસોની મદદથી મેં મારૂં ઘર ચણ્યું. છોકરાઓ તેમના કામમાં પણ ઘણા પ્રવિણ થયા અને તેઓ ત્યારે સારાં કપડાં પહેરતા, તો કોઈ પણ એમની ચોપડી કે અદેખાઈ કરતું નહિ. કારણકે તેઓએ પોતાની મહેનતથી ઉપાર્જિત કરીને તેમણે પહેર્યાં હતાં તેથી ક્રમશઃ એટલે કે હમે સારી સ્થિતિમાંથી વધારે સારી સ્થિતિમાં આવ્યા અને આખરે ઉત્કૃષ્ટ સ્થિતિમાં આવી પોહોંચ્યાં. જો અમને કોઈ પૂછે કે તમે દુનિયામાં આવી સારી સ્થિતિએ શી રીતે ચડી શક્યા ? તો મારા ખરા અંતઃકરણથી એમજ કહેવાનું કે "અમે કોઇ પણ દિવસે રજા કાઢીને બીજો દિવસ નકામો ગાળ્યો નથી તેમજ જે કામ અમે આજ કરી શકીએ, તે કામ કદી મુલતવી રાખ્યું નથી."

જો પોતાનું કામ પૂરું ન કરવું હોય, સારૂં ન કરવું હોય, ને બગાડવું હોય, કે વચમાંથી અધૂરું લટકાવવું હોય, તો તેનો સેહે

લો ઉપાય એ છે કે તે કામ કરવાને જાતે તસ્દી લેવી નહિ, બીજા કોઇ ઉપર આધાર ગણજો, તો તે નિશ્ચય નહિજ થાય એમ દૃઢતા પૂર્વક સમજી રાખવું પરંતુ જો એમ હોય કે ગમે તેમ થાય, પણ તમારૂં કામ સુંદર રીતે સંપૂર્ણ કરવું છે ને રઝળાવવું નથી, એવી તમને દૃઢ અંતરાશા હોય, તો તેનો ઉપાય આ રહ્યો તમારી સમક્ષ ! આવી જાઓ મેદાનમાં ! નિરાશ કરાવનાર પર—આશાને ધિક્કારથી તત્કાળ દેશનિકાલ કરો અંતઃકરણમાંથી પારકી આશાનો જરાએ જરા અંકુર પણ દૂર કહાડો અને જે કામ તમે સુધારવાનું કહો છો તે તમારાજ બાહુબળના આધારે તમારાજ શિર પર મૂકો પછી જોઇ લ્યો, પરિણામ, તમારા એ કામનું !

જો તમને ભૂલે પારકી આશા રાખવાની ટેવ પડી હોય પણ જો અત્યારે તમારા દિલમાંથી એ નિંદ્ય અધમતાનો અંશ તમે નાબુદ કર્યો હોય, તમારા હાડના કૌવતને આધારેજ તમારૂં કામ સુધારવા ધારતા હો, તો તમે એટલું પણ લક્ષમાં રાખો કે તમારે તમારો સઘળો વખત કામમાંજ રોકવો જો તેમ ન થયું, અને તમારા મનને દુષ્ટ વલણ પકડવાનો કિંચિત્ પણ અવકાશ આપ્યો, તો પરિણામ તમારા ગેરલાભમાં આવશે મનનું વલણ કામની દિશા મૂકીને બીજે રસ્તો પકડશે માટે જો તમારે તમારૂં ભલું કરવું હોય, અને સારૂંજ કરવું હોય, તો તમારા કામકાજમાં—કાંઇ પણ અવકાશ આપ્યા સિવાય તમારા મનને મશગુલ રાખો અને જે કરવાનું હોય તે તરત હાથમાં લો

વળી બીજી પણ અડચણ તમારી ગફલતથી તમારા કામમાં આવશે જે કામ તમે પ્રથમ હાથમાં લીધું હોય, તે ત્વરાથી, દરના

થી, અને નિયમસર પૂરું નહિ કરો તો બીજાં કામ એક પછી એક નજર પર ધસી આવશે, આવે વખતે તમે કાચા મનના હોઓ તો તમે ગભરાઈ મુશ્કેલીમાં આવી પડશો અને કામના વધતા જતા બોજા આગળ તમે ટક્કર ઝીલી શકશો નહિ. માટે પ્રથમથી જ તમારા કામમાં નિયમ, દૃઢ અને ત્વરા એ ત્રણ ખૂબીઓ એવી સજ્જડ મારજો કે તેથી તમારું તે કામ ધારેલે વખતે એટલે બીજાં કામ આવી પડવા અગાઉ ધારેલી સુંદરતા મહિન પૂર્ણતાને પામી તમારા મનને આનંદ વનમાં અપ્રતિમ ખુરશી આપે.

જે માણસ વખતની કીંમત જાણે છે, તે પોતાના કામમાં મિતાબી રાખવા અંતરાત્માને હમેશાં જાગૃતિમાં જ રાખશે. એક ચિત્તે પોતાના કામ પાછળ જે મંડ્યો રહે છે તેને અનેક ફાયદા થાય છે, પણ એક પેદા ફાયદો થાય છે તે એ છે કે એવા માણસનું મન અવળે રસ્તે નહિ જતાં ખેલાડીની પેઠે પોતાના કામના દોર ભણી જ જોતું રહે છે. નિરુદ્યમી માણસનું નવરું મન અમે તે માર્ગમાં ફરે છે, અને પરિણામે દુર્ગુણની દુકાન બને છે કેમકે ખાલી પડેલા નવરા મગજમાં અનેક તરંગ, લહેરો અને વિવિધ લાલચો જેમ ખાલી પડેલી જગામાં—અવકાશમાં પવન ઘુસે છે, તેમ ખરાબ કૃત્યના દુષ્ટ વિચારોના મોટા ટોળાં તેમાં આવી ભરાય છે.

પૈસો મેળવવો હોય તો વખત બચાવવાથી—વખતનો ખરો ઉપયોગ કરવાથી આવી મળે છે. જો એમ છે તો વખત એ જ પૈસો છે, એમ માનીએ પણ ના, [illegible] કરતા વખત વધારે કીંમતી છે. વિત્તવડ વખત મળતો નથી પણ

વખતવડે વિત્ત મળે છે. જો વખતનો બરાબર સારે માર્ગે વાપર્યો હોય, તો આપણને કેળવણી મળે છે, સદ્વર્તન બંધાય છે, રોજ એક કલાકનો વખત નિરર્થક ગુમાવીએ, તે કરતાં તેજ કલાક રોજ પંડના સુધારા અર્થે ખર્ચ્યો હોય, તો આપણે ગમે તેવા અજ્ઞાની મૂર્ખ હોઈએ, તો પણ તે રીતથી થોડા વરસમાં આપણાથી ડહાપણદાર થવાશે. ધીરે ધીરે સંઘરતા પૈસાદાર નું થવાય? અખંડ નિયમે રોજ રોજ થોડો વખત પણ ઉપયોગમાં લઈએ, તો વર્ષ આખરે કરેલા પરિશ્રમનું ફળ અવશ્ય મળેજ

સુંદર વિચારો અને જ્ઞાન ફક્ત અથવા અનુભવનો જથ્થો જ્યાંથી મળે ત્યાંથી, જેટલો મળે તેટલો આપણા મગજમાં ભરીએ, તો તે જથ્થો નથી જગા રોકતો, નથી તેનો ભાર લાગતો, પણ જ્યાં જઈએ ત્યાં એક નિખાલસ નોકર જેવો અથવા તો જ્ઞાની સન્મિત્ર જેવો અંધારે કે અજવાળે, સુખમાં કે દુઃખમાં સદા પાસેનો પાસેજ રહે છે. વળી તે સુખ સંપત્તિમાં કે લક્ષ્મીમાં નથી ભાગ માગતો, કે નથી તેને રાખવાથી કંઈ ખર્ચ થતો. પણ જ્યારે જોઈએ ત્યારે આપણા લાભમાં નિરંતર મદદ આપતો ને ખરેખર કામધેનુનો વંશજ ભાસતો એ અનુભવજ આપણને જગતના ઉમદા લ્હાવો અવિચ્છિન્ન આપ્યાજ કરે છે ॥

વખતને કસરથી વાપરીએ તો પુષ્કળ અવકાશ મળે, ઉપરાંત કામનો બોજો નહિ હોવાથી કામ આપણને નહિ, પણ આપણેજ ઘણા કામને એક પછી એક એમ સપાટાબંધ ઉડાવી દઈશું એવી હિંમત હૃદયમાં વાસ કરે છે એથી ઉલટું વખતની ગણના નહિ ,

કરીએ, તેનો હિસાબ નહિ રાખીએ, અને અમે તેવા ઉડાઉ માણસની પેઠે ચીંથરાં જેવી નકામી વાતોમાં ને મોજમઝામાં વખતને ઉડાવી દઈશું તો ઘણું હાસ આપણે માથે ચડી જશે. અને તેથી આપણને ગભરાટ થશે, આપણું મગજ નબળું પડી જશે મુસીબતોનો ઘણો તેહદાર હારડો આપણા મગજમા ચાલી પડશે અને એવે વખતે આ કામ કરું કે આ? એવા બીનજરૂર નિરર્થક મફતી આ વિચારો મુઝાયેલા મગજને વધારે મુઝવશે. અત્યારે જાણતા નથી કે આપણે કેટલો ભાર ઉપાડી શકીએ તેવા છીએ આપણા લગીર જેટલું માથું—ચાનું—રોજનું કામ છે, તેનો ભાર પણ જરાબર ઉપાડી શકતું નથી તો હજુ વધારે કામનો બોજો શા માટે એકઠો થવા દેવો જોઈએ? તે સમજાતું નથી

કેટલાક ઉડાઉ માણસો પોતાનો પૈસો સઘળો ફુંકી મૂકતા સુધી એ કેવી કીમતી વસ્તુ છે, તેનો વિચાર મનમા લાવતા નથી અને 'મળે ત્યા સુધી મીર, અને ન મળે ત્યારે ફકીર" પણ એસે કે જીંદગી પુરી થતા સુધી ચાલ્યો જતો નિરર્થક વખત નજર ચડતો નથી તેને વિચાર સરખો આવતો નથી પણ દિવામાનું દિવેલ ખુટતા મરણાધીન થવાનો વખત આવે છે, ત્યારે ઉપરા ઉપર નિશ્વાસ મૂકીને કહે છે કે 'અરરે! જગતમા જન્મીને કંઈજ કર્યું નહિ." આવે વખતે પસ્તાવું તે તો ખરેખર માત્ર પસ્તાવું, આગના ભડકા ચોમેરથી ઘરમા ફરી વળ્યા પછી કુવો ખોદવા તૈયાર થવું એથી શું ફળ? કદાપિ રાચ રચીલાની થયેલી રાખ ખોળામા લેઈને ડુબી મરવામા એ કુવો કામ લાગે ખરો?

પુષ્કળ ધનવાન પણ ઉડાઉ અને પુષ્કળ આળસુ એ બે દુખ

બાપડાઓ છે કેમકે તે જને ઉડાઉ છે એ, લક્ષ્મીનો ઉડાઉ ને બી-
જો વખતનો ઉડાઉ. ફક્ત ઉડાઉ જાય આ—થી બને એ નમાજર
હે છે પૈસાને પૈસો કેમ થાય છે તેનો શી કીમત છે તેનું ભાન
હોતું નથી જે માંડમાંડ પૈસો મેળવે તેનેજ પૈસાની ખરી કીમત જા
ણવામાં આવે, પણ કાંકરાની પેઠે ઉડાવનારને પૈસો કાંકરા બરોબરજ
લાગે છે એને ઉડાઉ ધનવાન દુનેયાના બધા લ્હાવા ભલે લે, પ
ણ પૈસાની ખરી કીંમત જાણવાનો અનુભવ અથવા પરસેવા ઉતાર
મહેનતથી માંડ માંડ મેળવેલ દમડીની કીમત જાણવાનો અનુભવ
મીઠો લ્હાવો એ અભાગીઆ ને કદિ થઈ શકવાનો નહિ. તેમજ બી-
જાને વખતની દરેક ક્ષણ કેટલી ઉપયોગી છે તેની કીમત શું? એ જા-
ણવાની ગમ હોયજ નહિ એટલે એ બન્ને ભિખારી એ બાબતથી
બેનસીબ રહેવાના સૌએ જાણવું જોઈએ કે પરસેવા ઉતાર મહે
નતથી માંડમાંડ મેળવેલ દમડી ખરેખર અણીને વખતે અણચાલના
ખરચવી પડે, ત્યારેજ તેની ખરી કીંમત ખ્યાલમાં આવે તેમજ
અમની અપ્રતિમ મહેનતથી માંડમાંડ ફળ મેળવ્યું હોય તે ચાખ
તાજ—અનુભવતાજ વખતની દરેક ક્ષણ કેવી કીંમતી છે તે જાણી
શકાય

જો ધન ગયું તો ઉદ્યોગ વડે, જ્ઞાન ગયું તો અભ્યાસ વડે, તંદુરસ્તી બગડી તો ફરી પાળવાથી—દવા લેવાથી પાછો ઠેકાણે લાવી શકાય. પણ ગયેલો વખત તે તો ગમેતેવા કોટી ઉપાયે તે પાછો લાવી શકાતો નથી વખતની કીંમત જો તમે જાણશો, અને વિચારશો તો તમને સમયપાલક થવાનું સૂઝશે અને પછી નિમેલું કામ નિમેલે વખતે કરવાની ટેવ પડશે એવા માણસોનો લોકોમાં વિશ્વાસ

બેસે છે એ ટેવથી સાબરડ અને પ્રમાણિકતા જણાય છે આપણે કોઇને મળવાનો કે એવોજ બીજો વાયદો આપ્યો હોય ને કરાર જે કરાર ન પાળે તે બેદરકારી અને વિશ્વાસઘાતી ઠરે, વખત પ્રમાણે વાયદો લેનાર માણસ આપણી રાહ જુએ, ને આપણે આપેલા કરાર પ્રમાણે ન ચાલીએ તો ખરેખર અન્યાયી ઠરીએ. એટલુંજ નહિ પણ વખતના ચોર ઠરીએ કરાર તૂટે એટલે શાખ જાય, અને બેઇમાની આવે. જેને વખતની કાળજી નથી, તેમને કામની કાળજી નથી કરાર તોડનાર બેઇમાન માણસને મોટા કામ સોંપાય નહિ

વખતની બેકાળજીવાળો માણસ ઘણું કરીને બીજાને હરકત કર્તા થઇ પડે છે તેવા માણસો પોતાનું કામ નિમેલા વખત પછીજ તૈયાર કરી શકે છે જે માણસ પોતાના કામમા હમેશા પછવાડે પછવાડે ચાલે, તે પોતાના કામને પાર મેલવામા પણ નિમેલા વખતની પછવાડે એટલે મોડાજ સમજવા મોડા તે સદા મોડાજ એવા માણસો વિધાતાનો વાંક કહાડનાર અને દુનિયાને દોષ દેનાર બડબડ કરતાજ તેમના જેવા પાછળમતીઆ માણસોની ટોળીમા જઈ ભળે છે

ઉદ્યોગમા યુક્તિ એ અગત્યનો ગુણ છે જે ઉચ્ચ પ્રતિનો ઉત્સાહી હશે, તેનામા ત્વરિત આત્મશક્તિ, અને ઉંડા સદ્વિચારોને પાર પાડવાની દ્રઢતા પણ હશે ઘણા માણસો ઉપર અમલ ચલાવનાર અથવા દેખરેખ રાખનાર માણસમાં મનુષ્ય પરીક્ષાનો ગુણ અવશ્ય જોઇએ એવો માણસ અણીને વખતે નહિ મુંઝાતા શાન્તચિત્તે યુક્તિ પ્રયુક્તિ ખોળવા લાગશે અથવા તેમ નહિ તો મગજથી ક્ષણ વાર દુર રહી ધૈર્યથી સ્વચ્છ વિચારો મગજમા ગોઠવશે યાદ રાખ

ણુ કે એવે વખતે ધૈર્ય હાર્યો, તો જરૂરના વિચારો નહિ આવતા અકળામણ ભય આદીના વિચારો મગજને મૂંઝવશે

પોતાના ધંધામાં અમે તેવી મોટાઈ પ્રાપ્ત થયા છતાં કદાપિ માગે કરજ હોય તો તે વાયદાસર ચુકવવું લોક વ્યવહારમાં એ ઉત્તમ અને સીધો રસ્તો છે "દેઆનતદારી ખરીજ યારી" તે વિના કોઇપણ ધંધો છેવટ સુધી નિર્વિઘ્ને ચાલેજ નહિ પ્રમાણિકપણું અને સાચવટ એ સંસાર વ્યવહારમાં અતિ ઉપયોગી છે અને એ વડે વખતે પોતાના ધંધાની હાથમાંથી ગયેલી બાજી પાછી વાળી શકાય છે સઘળા વ્યવહારમાં જે માણસ વેણમાં અને કરણીમાં એકજ રહ્યો, મતલબ કે બોલ્યા પ્રમાણેજ વર્ત્યો, તેણે પોતાના અખંડ સુખનો મજબુત પાયો નાખ્યો, એમ સમજવું કારીગર, હુન્નરદાર, કારખાનું ચલાવનાર, કે કોઈ બીજો ધંધાદારી પોતાના કામમાં પ્રમાણિકપણું રાખશે, સફાઈથી, નેકીથી ખરોજ માલ વેચશે, તે રૂડું નામ, માન, અખુટ દ્રવ્ય, અને ઘણીજ કીર્તિ મેળવશે "દગા કીસીકા સગા નહિ" છળકપટ વાળો ધંધો હમેશા ચાલતો નથી, પાણીના પરપોટા માફક થોડી મુદત તેજદાર રહી ટુંકી મુદતમાં ખેદાન મેદાન કરાવે છે ઠેકાણે ઠેકાણે સુંદર કામ, સાચો માલ અને નિમક શાખ વખણાય, તે બુદ્ધિબળથી નહિ, પણ એ પોતાના સાચવટવાળા ધંધાના નિતિબળનો અને શાખના સામર્થ્યનો પ્રબળ પ્રભાવ સમજવો, પ્રપંચથી મેળવેલ સોનું પર્વત સમું બને છે તોપણ ઉપયોગ તે પોતે કરી શકતો નથી

માણસની સાચવટ, મનોનિગ્રહ, ન્યાયોમન અને ભક્તિમન સઘળા ગુણો વેપાર ધંધામાં જગતમાં કસોટીએ ચડે છે વજ

છાતીના રણધીર પુરૂષો રણસંગ્રામના વરસતા અગ્નિમાં અને મારમાર કરતા ગરજના સ્હામા ગયા છતાં કીર્તિનો ચામર કોઈક ચઢ્યું છે તેમજ વેપારીઓ અનેક લાલચ–ડાકણોના હાથમાં નિર્વિઘ્ને, નિષ્કલંક પસાર થાય છે તેમને પણ તેવી ઉજ્જવળ કીર્તિ મળવી યથાર્થ છે. ધન્ય છે તેને કે જેના હાથમાં લાખો રૂપીઆનો માલ અને સોદા ફેરવાય છે! એ મનુષ્ય પ્રાણીની શાખ છે એક આડતીઓ આ ગોળાર્ધમાં અને શાહુકાર બીજા ગોળાર્ધમાં હોય છે, ત્યાં કેવો વિશ્વાસથી ધંધો ચાલે છે! પણ પાછો આગળીઓ સરખી હોતી નથી કેવળ ઢોંગ કરે અને કમાઉ ગાના પૂતળાં પણ પડ્યા છે પણ એવા કપટી વેપારીઓ ઘણા થોડા હોય છે. એકદમ પૈસાદાર થવાના લોભથી કે જોગ જુગથી જર મેળવે, અને દિલગીરી ભરેલા કમાથી દોલતમંદ થાયા એવાં કપટ કરે તેનું ચપટ થાય છે! જોતા જોતામાં તેનું વ્યવહારનાવ અને તેનું સર્વસ્વ તળીએ બેસે છે

જે માણસને પોતાની ઉચ્ચ સ્થિતિ હમેશાં રાખવી હોય, અગર તો હલકી સ્થિતિમાંથી ઉચ્ચ સ્થિતિએ આવવું હોય, તો તેનો એકજ ઉપાય છે અને તેજ "અખંડ ઉદ્યોગ" છે તેની સાથે કરકસર, મિતાહાર અને નેકી જોઈએ જે માણસને પોતાની ચાલની સ્થિતિ પસંદ ન હોય, તેમાં સંપૂર્ણ સંતોષ માનતો ન હોય તો તે ઉપર કહેલ વાસ્તવિક નિયમે ચાલવું સિવાય કોઈ રાજમાર્ગ જ નહિ. કોઈ સાધારણ કારીગર ધારે તો એ રસ્તે ચાલી પ્રતિષ્ઠા-ઇજ્જત આબરૂ મેળવીને પોતાની હાલત સુધારી શકે, અને જો મડગમા ઉપયોગી થઇ પડે ધંધાનો ભાગ કે ધંધાની ગરજ

કંઈ એવી વસ્તી, કે ગરીબ લોકો ગરીબજ રહે! હરકોઈ માણસ ચાહે તેવા થાઓ!

સઘળા માણસોએ હવે પછી આવવાના દિવસો માટે ફક્ત ફિકર રાખી ઘરે છે પાને અને પોતાનું શરીર આવતી કાલે કેવી સ્થિતિમાં હશે? તે માટે ફિકર રાખીને આજે બને તેટલો વખત ઉપયોગી સત્કાર્યમાં વાપરવાને બની શકે તેટલો પૈસો પેદા કરવાનો માર્ગ હમેશા મોકળો રાખીને મોટી લાલચોને દબાવી દઈને તેમાંથી કંઈક પણ બચાવવાની ટેવ પાડવી

એક ભલા માણસે એક છોકરાને ખુશી થઈને પૂછ્યું "તું તારી મૂળની અથવા આવી દુઃખી સ્થિતિમાંથી નીકળીને શી રીતે આ સ્થિતિમાં આવ્યો? હું તારે માટે આટલું બધું ધારતો નહિ." આ સાંભળી પેલે છોકરે હસીને નમ્રતાભરી ઉત્તર આપ્યો કે "મારી એ સ્થિતિથી મારા પિતા ઘણાજ કંટાળ્યા હતા, અને હવે હું સારો થનારો હોઈશ એમ તેને જરાએ આશા નહોતી એક દિવસ હું ઘણો કનાક થયા પછી ઉંઘતો હતો, તેવામાં મારે બાપે આવીને મને જમાડીને કહ્યું કે "ઓ, ઉંઘણશી! તું કીડીની પાસે જા તેની રીતભાત અને ડહાપણ શીખ." આટલું કહીને તે ચાલતાજ થયા મને ઉંઘમાંથી જગાડ્યો, તે બાબે મને પ્રથમ તો ઘણોજ ગુસ્સો આવ્યો પણ થોડીવાર પછી એમના બોલના અક્ષરે અક્ષરનો મેં વિચાર કર્યો કીડીના એટલે સુધી મારા વિચારો આવી લાગ્યા કે મારી આળસુપણાની માટે મને ઘણોજ પસ્તાવો થયો, અને તે એવો સુખકર નિવડ્યો કે તેથી આપ મને અત્યારે જુઓ છો, તેવી સારી સ્થિતિમાં હું આવી શક્યો."

ઠેકાણે ઠેકાણે જોવામાં આવે છે કે આળસુ માણસને દરિદ્રતાનું દુખ નડે છે પણ ઉદ્યોગી માણસ પોતાના વજ્ર-બાહુ-બળથી પૈસાદાર બને છે ખરે મધ્યાહ્ને સૂર્યના સખ્ત તાપથી ઉની થયેલી ધૂળ ભડકામાં—ધીખી ધીખેલ કપાસની ચોપાગી રહેલ સાંઠાઓ કોદાળીથી જુદી કરનાર પરસેવાથી ભિંજાએલા કપડાવાળા સતત્ ઉદ્યોગી ખેડુતનો હાથ સોનાનો છે! ધન્ય છે! એવા ઉત્પાદક અને કષ્ટવી મહેનત કરનારને! અને પોતાનું કામ કરવામાં જેની સાધારણ શક્તિ હશે, પણ તે ઉદ્યોગી અને કસરીઓ હશે તો બીજા કરતા તે પોતાનો સંસારવ્યવહાર રૂડી રીતે સ્વતંત્રપણે ચલાવશે !!

એ તો નક્કી છે કે ગમે તે કારીગર કે મજુર પોતાની મહેનતની કમાણી કાળજીથી વાપરે, અને તમામ નકામા ખર્ચ બંધ કરે, એવી રીતે કે જ્યારે કોઈપણ ચીજની ખસુસ જરૂર પડે, તે વિના ન જ ચાલે, ત્યારેજ તે વસ્તુ ખરીદે, તો તેને ઓશિયાળો બનનાર કહાડવો પડે નહિ પણ કમાણી જેટલુંજ કે તેથી વિશેષ ખર્ચ કરનાર ભલે ગમે તેટલું કમાતા હોય તોપણ તે જગતનો ઓશિયાળોજ રહેવાનો એ રીતે ઉદ્યોગીઓએ કસરીઆ પણ થવું જોઇએ

ખરે માર્ગે ધંધો કરવામાં આબરૂ ચાલી જતી નથી જમીન ખેડવાનો ઓજાર બનાવવાનો, લુગડાં વણવાનો કે પરચુરણ ધંધો ખરે માર્ગે કરતાં આબરૂદાર ગણાય ભલે ગમે તે રીતે મગજની મહેનત કે પરસેવો ઉતાર તનની મહેનત હોય, પણ ન્યાયને રસ્તે ચાલતા એ બન્નેમાં મોટાઈ રહેલી છે હલકા ધંધામાંથી ઉંચે ચડેલાને નીચું જોવાનું નથી પણ અડચણો કહાડી ઉંચે ચડ્યા બદલ ઉલટા ખુશી થવાનું છે ભલે પોતાને રુચનો ધંધો કરવો, પણ યાદ રાખવું કે "જુવાનીમાં

જાગેલું વૃદ્ધાવસ્થામાં કામ લાગે" કદાપિ એમ બને કે એક જુવાન છો-
કરો દ્રવ્યનો વારસ થાય, તો તે મોજશોખ અને નિરાંત ચાહે, તે શોખ
ના સુખથી તૃપ્ત થાય છે કેમકે જે જોઈએ તે તરત મળે, જેની ઈચ્છા
થાય તે હાજરજ હોય, આથી તેને કોઇ વાતની તૃષ્ણા રહેતી નથી
અને જેને તૃષ્ણા રહેતી નથી અને જેને તૃષ્ણા નથી, તેને શ્રમ
નથી. આવા બનો છે એવું કે કેમે કર્યો દિવસ ખુટતો નથી ઉંઘો
ગીને વખત લંબાય તેમાં લાભ, આળસુને એ બેરલાભ કેવો વિ
પરીત સમય! કેવી વિપરીત દશા! એવાને વખત બહુ ભારે બોજા-
રૂ લાગે છે નિતિ, ધર્મ, કર્મ, યોગ નિદ્રામાં ઘોરે છે. આવે વખતે
ઉદ્યોગનો દેશ નિકાલ ભોમનો હોય છે! વિવેકી વાંચનાર! યુવાવ-
સ્થા ધનમદ, અધિકારમદ, એ ત્રણમાંનો હરકોઇ કમ ભાગ્યે જેને પ્રાપ્ત
થયો હોય તે, તેનાથી જગતમાં અનેક રીતે ખરાબ થઇ જાય છે, તો
ત્રણમાંના બે કે ત્રણે સાથે મળે ત્યારે શું ન થાય? અવશ્ય એ થ
ઇ. જગતમાં જે ઉત્પાત ન થાય તે થોડા. પણ જો તેજ શ્રીમંતમાં
સદ્બુદ્ધિ હશે, તો 'આળસ એ હીજડાનું વ્યસન છે" એમ તેને
લાગશે અને ધનવાનની શું ફરજ છે, તેને માથે કેટલી જવાબદારી
છે, તે તે બરાબર જાણશે, વિચારશે, અને ગરીબ કરતાં અમારે
વધારે મજુરી કરવી જોઇએ, એમ તેને લાગશે.

આપણે ગમે તે કામ કરતા હોઇએ પણ જો તે કામજ રૂડું
હોય તો તેમાં સ્તુતિની ઇચ્છા રાખવાની જરૂર નથી, કેમકે તે રૂડાં
કૃત્યજ તેની મેળે સ્તુતિ ગજવશે. માત્ર આપણે તો સાફ દિલથી
પ્રમાણિકપણાથી ખરા રસને ભક્તિ ભાવે તેવાં કામો કર્યા કરવાં. અ
લબત તેવાં કામમાં દુખરૂપી અંતરાય સાથે બાથ ભીડવી પડે છે, સ-

કેટો સહન કરવો પડે છે પણ દુખથી દગાઇ જઇ પાછો હઠે, અ-
ને વિપત્તિથી વાગી વળી જઇ નિમેલ્લ બને એનાથી શુ થવાનુ હેઠ
પણ દુખને દળી બુરા કરનાર અથવા ફતેહ કર્યા વગર રહેવુજ ન
હિ. એમ બોલે છે, તે ધારેલુ તે કરશે, પાછી પાની ભરશેજ નહિ

આપણો વિકટ રસ્તો અથવા આપણા કામમા આડે આવતો કોઇ અંતરાય બીજો માણસ ભલો થઇને આપણે માટે તજવીજ કરીને સરળતા કરી આપે, તેથી શુ ફળ? એ પારણાજ જેની નમાલી છે? તેમજ મહેનતવડે પડને કેળવીએ નહિ, તો મેજપર ચ-યોના થોકડા ગોઠવેલા છે, તેથી શુ ફળ? શિક્ષકના શિખવ્યાથી, આવા પોપટની પેઠે પઢી મથાથી શુ ફળ? મહેનતવડે પડને કેળવ્યા સિવાય એ બધુ હોતાપાણી જેવુ, અથવા છાશઆકળા જેવુ અસબેજ સમજવુ જન્મથીજ કેટલીક શક્તિઓ કોઇ હોય છે ખરી, પણ જો તેને ખરા દિનથી સાચે ભાવે ઉદ્યોગ કરી મહેનત કરી મેળવે, તો ઇશ્વર પ્રસન્ન થઇ, તે તેને આપે છે અગ મહેનતને ઉત્કૃષ્ટ બુદ્ધિની કેળવણી અશક્ય નથી હદની અમ મહેનતથી તદુરસ્ત રહેવાય છે, જેમ અભ્યાસથી મન કેળવાય છે, તેમ મહેનતથી અંગ કેળવાય છે, દ્રઢ થાય છે મહેનત કરવી પડે તે ઠેકાણુ ઉત્તમ છે તેમજ અવકાશના વખતમા કાઇ કરવાનુ હોય, અને તે કરી રહ્યાબાદ અવકાશ મળે, તે સ્થિત પણ ઉત્તમ છે કામથી કટાળ્યાબાદ કસરત કરતા કુદરતી ચમત્કારો દેખાય, આનદ મળે તનમન તંદુરસ્ત થાય, અને એથીજ નિધા વિલાસનો લ્હાવો પ્રાપ્ત થાય છે

ઉગતા ઝાડને જેમ વાળીએ તેમ વળે, મોટપણે ભરડ થઇ

જાય, ઉછરતા જુવાનોએ મહેનતથી શરીરને ખુબ કસવુ જોઇએ બાળપણથી હાથપગનો બાંધો મહેનતવડે મજબુત થયો હોય, તે માણસ આગળ જતાં શુ ન કરી શકે ? ' રોજ ઘસારો પામતુ લોઢુ ચળકાટ મારે છે ને પડી રહેલુ લોઢુ કાટથી ખવાય છે ક-સાયેલ શરીર તેજદાર અને બળવાન થાય છે અભ્યાસમા પણ સ-ખ્ત મજુરી લાભકારક નિવડે છે બાળપણથી ઓજાર વાપરનારને માહિતી મળે છે કસરતથી હાથપગ સખ્ત થાય છે, સુખાકારી વ-ધે છે એટલુજ નહિ પણ જે વસ્તુ પ્રથમ નજરે પડે, તે પર પોતા-ની શકિત વાપરવાની ટેવ પડે છે 'અજમાવી જોવાને હાથ ચળવળે છે "શ્રમ સર્વ વસ્તુને જીતે છે " જે અભ્યાસમા મહેનત કરે, તે ચાહે તે મે-ળવે કામકાજમા કે અભ્યાસમા મનનો જુસ્સો એ મોટી વાત છે કામ હાથમા લીધા પછી તે તમને ઝંપવા દે ત્યાં સુધી તે કરવા તમે મંડયાજ રહેજો અને ત્યારે પણ આવેલ પ્રસંગોનો લાભ લેવા ચુકતુજ નહિ થોડી મીનીટની નવરાશ પણ નકામી જવા દેવી નહિ

'કારીગરની કારીગરીનો છેડો નથી, પણ મહેનતને છેડે કસબનો છેડો છે " અધ્યયન ઉપર એકીન રાખો ' શ્રમ વિના કોઇ નથી ' અને અધ્યયન વિના શ્રમનુ ફળ (ભરાબર) પાકુ નથી શ્રમનો બદલો કોઇક છે મહેનત એ બુદ્ધિને સુધારશે, ને વધારશે ભલે મ-ધ્યમ શકિતવાળો હોય, પણ જો તે ખરે રસ્તે મહેનત કરવામા ખા-મી ન રાખે, તો તે વાંચ્છિત ફળ મેળવે, હે વારો ! અભ્યાસ બળ-વાન પદાર્થ છે અલબત અમુક કામમા સાધનો બને સાધારણ હોય, પણ જો તેં અસાધારણ ખંતથી ઉદ્યોગના મજબુત બંધ ઉપ-રા ઉપરી લીધા હોય તો બેડો પાર સમજવો મોટા કામ ધારવાથી

વિચારવાથી, કે ઇચ્છવાથી થઇ જતાં નથી પણ અથાગ શ્રમથીજ થાય છે ન જોએલું ન અનુભવેલું હરકોઇ કામ ગમે તે માણસને પ્રથમ અઘરૂં જ લાગે પ્રથમ અઘરૂં ન લાગે એવું કામ તો કે છેજ નહિ

સુજ્ઞ વાંચનારા આપણે જરા જોવું વિચારવું જોઇએ કે મોહક વચનામાં સરળતા, પ્રૌઢ વિચારોના વિજળીક ચમકારો, આપ્યા પહેલાં કડવી નાકમેદી આપ્યા છતાં પુન: પ્રયત્નથી તેને ગોખવું પડ્યું હશે! એ તો વાસ્તવિક છે કે કોઇએ કેટલું જ્ઞાન મેળવ્યું છે, તે તેના કામો ઉપરથી જણાય છે તે ઉપરથી તેની કદર થાય છે ઉપરચોટીઆ ચપટી ચપટી ઘણું જ્ઞાન કરતાં ભલે એક પણ તે સંપૂર્ણ હોય, તો તે ઉપયોગી અને ઘણુંજ ઉપયોગી થઇ પડે છે એકી વખતે એકજ કામ સૌથી સારૂં થાય છે. ઘણાં કામ એક સાથે હાથમાં લઇ તેમાંથી થોડું થોડું કરતાં કમકૌવત આવીને આગળ વધવામાં અટકાવ થાય છે, ઘડીમાં આ લેવું, ને ઘડીમાં બીજું લવું, એથી સઘળાં કામ ઢંગધડા વગરના થાય છે મતલબને અનુસરીને જે વખતે જે કામ લેવું, તે વખતે તેજ કામમાં ચિત્ત પરોવવું ઝાઝું ન થાય તેની ચિન્તા નહિ, થોડું પણ જોઇને મન હરખાય, એવું પાકું કરવું કામ કરવાની ઇચ્છાનો ચોખ્ખો વિચાર જેના મગજમાં છે, તે તે કામ અવશ્ય સંપૂર્ણ કરશેજ, જે અભ્યાસ અમુક મતલબથી અને ખાસ હેતુથી કરવામાં આવે, તેજ લાભકારક છે અમુક વિષયનું સંપૂર્ણ જ્ઞાન હોય, તેજ જરૂરી વખતે કામમાં આણી શકાય છે વ્યવહારોપયોગી જ્ઞાન એ ચલણી નાણું છે, અને તેથી તે પુસ્તકોમાં નહિ, પણ પડમાંજ રાખવું જોઇએ નહિ તો અણીને વખતે તે સંગ્રહનો ઉપયોગ કરી શકાતો નથી

ઘણા માણસોને સ્વસુધારણાની આતુર તૃષ્ણા હોય છે. પણ તેમાથી લાભ પ્રાપ્તિ માટે ઘણા થોડાજ મહેનત કરનારા છે માણુ ફોડીએ તો માલ નીકળે જો તમારે તૃષ્ણા હોય, તો જેવી તૃષ્ણા હોય તેવીજ પડ મહેનત કરો જો તે તૃષ્ણાના પ્રમાણમા મહેનત નહીં થાય તો તૃષ્ણા પણ પુરી નહીં થાય. મહેનત વિના તૃષ્ણા એ માત્ર તૃષ્ણાજ એવી તૃ ષ્ણા માત્ર મનનો એક રોગ છે તેમની રા- મબાણ દવા વગર પૈસે બિલકુલ સસ્તી તમારીજ પાસે, તમારાજ બાહુબળમા છે જોઇએ તો વાપરો ને રોગથી મુક્ત થાઓ જેમ શરીર થાકી ઝલાઇ જાય છે —રહી જાય છે, અકડાઇ જાય છે, તે મ મન એ માત્ર ઈચ્છાઓથી ઘેરાઇ જાય છે અને પછી ને ટેવાઇ જવાથી બનેછે એવુ કે બિચારૂ મન માત્ર ઉપરા ઉપરી તૃષ્ણા- ઓના ઘેરાથી ઘેરાઇ જાય છે પછી ઘણા પછાડા મારે છે, પણ ક્યાંથી બેઠા થવાય? બળ વિના તો માત્ર ઇચ્છાઓના દબાણમાંથી!!

શરીરને હમેશાં કામમાજ લાવવુ "કાટ કરતા ઘાસ સારો" કટાઇને નિર્માલ્ય થવા કરતા ઘસાઇને વધારે સારૂ થવુ ઉત્તમ છે કોઇ માણસ કામ કરતા કરતાં ઘસાઇને, અને વધારે ઘસાઇને મરી ગયો હોય, એવો દાખલો જોયો નથી, સાભળ્યો નથી વળી વખ- તોવખત વિસામો લેવાની ચાહના કરવી, એજ ખોટુ છે મુઆ પછી તો જે અનત કાળ છે, એ શુ? વિસામોજ છે એ વિસામો થોડો છે? ર, ભાઇઓ! વિશ્રામને સદા વિસારો! જો તમે સદા કામમાજ જોડાઓ કામમાજ મશગુલ રહો, તો ધારો તે મેળવો, એવી નિયતા ઇશ્વરે આ જગતની રચના કરી છે, માટે હવે તમે ફાવે તેમ કરો, ને આ- હો તેવા થાઓ! તમેજ તમારા સુખકાર છો!!

બીજાઓ કરી ગયા, અનુભવી ગયા, તે માત્ર જોવું જાણવું, અથવા તો તેમણે જે જ્ઞાન મેળવ્યું, અનુભવ્યું હોય તેજ ગ્રહણ કરવું, એજ કેળવણીનો હેતુ નથી પણ એ વડે પોતાની બુદ્ધિને વધારવી, એજ કેળવણીનો હેતુ છે અને તે વડે ધંધાને લાયક થવું, એજ કેળવણીનો મુખ્ય ઉદ્દેશ છે દિલગીરીની વાત એ છે કે હાલ ઘણા જુવાન વિદ્યાર્થીઓ કેળવણીનો ઉદ્દેશ એવો સમજે છે કે ભલે આપણે (ઉપયોગમાં ન આવે એવી) અધુરું કેળવણી લીધી, તો પણ આપણે ફક્કડ થઈને પગમાં બુટ સ્ટોકીન અને હાથમાં સ્ટીક લઈને અક્કડાઈથી બબરાબેર સુધરેલાનો ડોળ ઘાલીને ફરવું જોઈએ. એટલુંજ નહીં પણ એ સિવાય બીજી રોજ વપરાશમાં આવતી ચીજો વિલાયતીજ જોઈએ દેશી ચીજનું નામ, સાંભળીને આપણા એવા જુવાનીયા ડરે છે, વેગળા નાસે છે, અને એમાંના ઘણાક તો દેશી અને વિલાયતી વસ્તુઓનો મુકાબલો એવી રીતે કરે છે કે આપણને તેના ટુંક મગજમાંથી નીકળતા શબ્દોપર એક રીતે દયા આવ્યા વગર રહેજ નહીં. સુજ્ઞ વાંચનારા કેળવણી લેનારજ કેળવણીનો ખરો ઉદ્દેશ સમજ્યા વિના જયે તેમ ઘોડા દોડ્યાં કરે, એ ઘોડો પરિણામે ક્યાં જઈ અથડાય !!

જે માણસ પોતેજ પોતાને માટે હલકો વિચાર બાંધે છે, તે સદા હલકોજ રહે છે પોતાના મનમાં પોતે હલકો હોવાથી બોલવું ચાલવું, કામકાજ અને રહેણી કરણી તે હલકીજ રાખવાનો. આથી તે બીજા માણસ પાસે પણ હલકોજ ગણાવાનો. હલકા વિચારથી અને નીચી નજરથી ઉંચી આશા રાખવી એ મિથ્યા છે ઇચ્છા હોય તો નજર ઉંચી રાખવી જોઈએ. ગમે તેવો ગરીબ માણસ

પણ સ્વભાવના સામર્થ્યથી દુઃખ ખુલ્લું રાખી તેજોમય બને છે ગમે તેવી મોટી લાલચો આવીને તેના મ્હો આગળ ખડી થાય, તોપણ જો તેથી અવળાં નીચ કામ કરવાં પડતાં હોય, તથા તેથી ભ્રષ્ટ થવાતું હોય તો તેની લાલચો સામું તે ધિક્કારની નજરે પણ જોવાતો નહીં

ગમે તે ધંધો કરનાર માણસ જો તે પોતેજ ખબરદાર હશે, તે તે સમયાનુસાર આવશે પોતાના ધંધામાં નવી નવી સુધરેલી યુક્તિઓ દાખલ કરશે, અને એજ મહાવરાથી તે વધારે પાકો થશે હરકોઈ કામ સંપૂર્ણ તનમન ધારીને ચૂકવગરનું કરશે, એજ રસ્તે પોતાની શક્તિને વધારશે, અને પોતાને માટે તથા દેશને માટે વિશેષ શ્રમ કરતો કરતો આનંદની પરિસીમા પામશે જે માણસ ઉંચે ચઢવા મહેનત કરે; સ્થિતિ સુધારવા કોશિશ કરે, એથી વિશેષ શોભાની વાત બીજી કઇ છે?

બહુધા આબરૂ વધવાનો આધાર જ્ઞાન ઉપર નથી પણ ઝીણી ઝીણી સોયના નાકા જેવડી બાબતોમાં મન પરોવી ખબરદારી રાખવું જોઇએ તેમાં સુટેવોનો સંગ્રહ જોઈએ. સુટેવોને ન કેળવવાથી પોતાના કામમાં માર ખાઇએ, અને પછી નસીબનો વાંક કાઢી રડીએ, અને બીજાને ધિક્કાર ભાવના ભમીએ, એ સાંકડા મનની નિશાની છે, એમ જાણવું

કેવળ ગમત અને મોજમજાથી બુદ્ધિમાં વિકાર થાય છે તેવી જાતની ચોપડીઓ વાંચવાથી ભ્રષ્ટ થવાય છે, દુઃખદ વાત એ છે કે ભણેલ થયેલા શોખને લગતી ચીજો તથા ઉત્પન્ન થાય છે ને ઉશ્કેરાઈ વિકૃત થાય, એવી ગાળ વિનાની ચોપડીઓ વાંચવાની ટેવ લોકોમાં ફેલાયેલી થ

છે એથી તેવી બિમત્મ કંઇ મરકી । અને ગમત રમતની ચો-
ઓ વધારે થાય છે ભાઇએ । કમેના ગમત રમત ચાલે નહિ
વખત તેનોજ ઉડાવાય તેમ નથી ગમત અસલ શ્રમ કર્યા
બાદ વિશ્રામ લેવાને સારા અથકારી ચોપડી વાચનાર બુદ્ધિને
ઉચ્ચ પ્રતિનો આનંદ આપે છે તો પણ ખર્ચ પીને તેના તરફજ
ગડ્યા રહેવુ ન જોઇએ તેમાજ લક્ષ રાખવાથી પર્યંતે ગેરલાભ
છે માફકસર ગમતથી ફાયદો, પણ હદ ઉપરાંત જ્યારે ગમત કરવાથી ઉ-
લટો ગેરફાયદો છે

યાદ રાખવુ કે જુવાનીમા જે ભૂલચુક, જે ગફલત કરીએ, તે
આખી જીદગીમા નડે છે જુવાનીમા બહેકી જઇ કરનાર મોટા બડાવા
જો ગણાય છે અલબત પવિત્ર રહેવાની મરજી છતા રહેવાતુ નથી
આથી બચવાનો સરળ ઉપાય એજ છે કે મનમાથી દુવાસના કાઢી
ખવી અને ઉત્સાહથી સ્વધર્મને રસ્તે ઉપયોગી કામ પાછળ આ-
થવુ ગમે તેવો બુદ્ધિમાન છતા જુવાનીમા મનની લગામ ક-
બજે ન રાખે તો તેનાથી કઇ સુકૃત્ય થઇ શકતુ નથી, મનની વા-
ત મનમાજ રહે છે જેઓને એમ બને છે, તેઓને ખરેખર દુખી
અને કગાળ સમજવા ઘરડપણમા તેઓ એક દમલા જેવા બનીને
જુવાનીમા ગાળેલો એશઆરામનો વખત યાદ લાવીને રડે છે, અ
ને છવટે આ દુનિયામાથી કમાળ હાલતેજ આવ્યો તેવો હાથવોય
કરતો ચાલ્યો જાય છે. કેટલાક લોકો એવી બુમ મારે છે કે દુનિયા
મા બધાને સરખુ ફાવે તેવુ કામ મળતુ નથી પણ એ બોલવુ ત
દન ખોટુ છે માણસો ગમે તે વિષય ઉપર સ્થિર ચિત્તે મંડી પડે,
તો જે તેનુ નસીબ તેનીજ મુઠીમા છે, તે અવસ્ય સુધારીને દુખના

દિવસો દૂર કરે, અને આશા ઉમગે વિશ્રામો લે. અને ખરેખર પોતાની જીદગીને ઉમદા અને સફળ કરે !

માનવુ અને સમજવુ ઘણુ કઠણ છે, તો પણ જો માનવામાં ને સમજવામાં આવે, તો ઇદ્રિય ભોગ વિલાસને જે સૌથી સરસ વસ્તુ ગણવામાં આવે છે, તે કરતાં, દ્રવ્ય કરતાં, તદુરસ્તી કરતા પણુ ચઢે, એવી વસ્તુ એક છે તે એ કે જ્ઞાન સપાદન કરવા માટે તન મનથી મડવુ યાદ રાખવુ કે કામ પાછળ મડવામા જુસ્સો અને દૃઢતાની ખામી હોવાથી બળવાન બુધ્ધિ હોય તે પણુ ધુળ મળે છે ખરા મહિમા ખપતું હોય તો સુખચેન છોડી દો, ને પુરૂષ પ્રયત્ન કરો સહેલો રસ્તો છોડી ઘો ને અઘરો પકડો સારી સ્થિતિ કે સ્નેહ મેળવવી હોય તો મુશીબતો વેઠો ઠોકરો ખવાય તેમ અનુભવ વધે.

જય પામી ઉલ્લાસથી આગળ વધતુ જવાય તે કરતાં ધારેલી મુરાદમા નિષ્ફળ જવાય, તો પણુ જો માણુસ પુનઃ પ્રયત્નથી ઓકયો જ રહે, તેનુ કામ સારૂ થવાની વધારે વકી છે કોઇ કામમા પાર પડવા કરતા નિષ્ફળ જવાય, તો ડહાપણુ વધારે આવે આગ કરવાથી ન ફાવ્યા તો કેમ કરવાથી ફાવીશુ ! આ સવાલ, ઉઠવાથી ગન આગળ જવાનો માગ ખોળે છે "જે ચુકે નહિ તેને નવી વાત જડે નહિ" અને "નિષ્ફળ પ્રયોગના જ્ઞાનથી કાર્ય સફળ થાય છે" મેરૂ જેવી મુસીબત ખસેડતા મુશ્કેલી પડે, પણુ એ મુસીબત ખસે એટલે નવીન શોધ હાથ લાગે જે માણુસ પોતે અતરથી કીર્તદાર છે, એમ પોતાને લાગે, તેણે લોકોની વિરૂધ્ધ ટીકાની બીક રાખવી નહિ તેની સાથે સ્નેહીના અઘટિત સ્તુતીવાચક વાકયોથી સા

બંધ રહ્યું જય કરતા પગાજયમાં સેનાપતિ હસોટી ઉપર ચડે છે ગાર આધાર વિના મોરો ક્રમનો નથી ગમગીનીમાં ઓરહતાર કરી નાખે, એવી જબરદસ્ત મુસીબતોની સામે બાથ ભીડવાથી બુદ્ધિ સ પુષ્ટ થાય છે" એ હૃદયમાં નોંધી રાખવું જોઇએ

કુશળ નાવિક સમુદ્રનાં વાવાઝોડાં અને તોફાન વખતેજ ઉત્તમ અનુભવ મેળવે, પોતાના પંડ ઉપર ભરોસો રાખતા શીખે, હિંમત વધે ઉત્કૃષ્ટ શિક્ષણ મળે, જ્યારે કોઇ કામમાં વિપત્તિ આવી પડવાની હોય, ત્યારે તેનાથી ડરીને પાછા પગલા ભરવાં પડે, એ સ્વાભાવિક છે, ખરૂ પણ વિપત્તિ જ્યારે માથે આવી પડે, ત્યારે ખરા મર્દને બહાદુરીથી તેની સામે બાથ ભીડવીજ જોઇએ એ તો ખરૂં જ છે કે સ્વર્ગ નિસરણી ચડતાં સહેલી નથી પગથીએ પગથીએ દુઃખ સંકટ સહન કરે, તેને સ્વર્ગસુખ સાંપડે. આપણે ક્યાં નથી જાણતા કે "કુમારીકા માન ડોલાવતા રહશે પણ પાછળથી તેમાં હીરા મોતીના ઘાટ ઠરાવતા તેજ હસશે " ડુંગરના ડુંગર ધસી આવતા હોય, એવી મધ્ય દરિયાની મઝધાર ભીખામાં છાતી ઠેકાણે રાખી ને—નાનુસનું વહાણ મળી જાય, એવા દરિયાઇ પ્રાણીઓનો ભય પણ ન લેખવીને "કાંતો દેહ પાતયામિ, કાંતો અર્થમ્ સાધયામિ " નો મંત્ર ભણીને, ખાપણ ભગલમાંજ લઇને જે નાવિકો ઉપરા ઉપર ડુબકીઓ મારે છે, એ કેવી ઉગ્રતૃષ્ણા! કેવો ભગીરથ પ્રયત્ન! કેવી મહાભારત મુશ્કેલીઓ! અને કેવા એ ગાંડાના ફરેલ માનવીઓ!! એવો પ્રયત્ન શા માટે ફળદાયક ન નિવડે?! શા માટે તેનું ફળ નાનું કે કાચું પોચું હોય! અને શા માટે તે ધનના મોટા મોટા ડુંગરના ધણી થઇ ન પડે? જો ઇચ્છાની હદ ન રાખો તો મહેનતની હદ

પણ ન રાખો ! અનહદ મહેનત ઇચ્છિત ફળ આપે છે !

સંસારનો રણસંગ્રામ બહુ વિકટ છે. ઘણી વખત સામે મ્હોએ ડુંગર ઉપર ચઢતાં ચઢતાં લઢવું પડે છે ! કેમકે રણજંગ મચ્યા વિના જીત મેળવવી તે જીત શાની ? અને જય શો ? જો સંકટ રૂપી શત્રુ સાથે લડવું ન પડ્યું તો લડાઇ કયાં ? અને ફતેહ શાની ? કાંઇ કામમાં પ્રયત્ન કરવો ન પડ્યો તો પ્રાપ્ત, પ્રાપ્તિ અને પરાક્રમ કંઇ છેજ નહિ." રણમાં દુ:ખદ ઘાવ પડે, તને નહિ ગણકારતાં પ્રફુલ્લિત મનથી સામે પગલે ચાલવું, તે અડગ સિપાઇ બચ્ચાનું — ખગ મર્દનું કામ છે. કોઇ માણસ વિપત્તિનો ઇતિહાસ લખવા બેસે, તો જેણે જેણે મોટાં અને સારાં કામો કર્યાં છે, તેનો ઇતિહાસ લખવો પડે.

કોઇ જુવાન માણસને તેના કામમાં સલાહ, શિખામણ કે ઉત્તેજન આપી, પીઠ થાબડનાર ન હોય, મહેનત મજુરીમાં ગરકાવ હોય, જગાની કે બીજી સગવડની તંગાશ હોય, તો પણ જુવાન માણસ પોતાનું ધાર્યું કામ પૂરું ન થવાથી બહાનું કહાડે, તો તે ખોટું છે એટલુંજ નહિ પણ મોટી ઉમરે પહોચ્યા પછી પણ પોતાને ધારેલ સ્થળે પહોચવાને રસ્તામાં ગમે તેવા અંતરાય નડતા હોય તો પણ એવા બહાના બતાવવાથી મજુરીજ નહિ. અમે કબુલ કરીએ છીએ કે જુવાન માણસથી જેટલું ચલાય તેટલું ઉમરે પહોચ્યા પછી પેહેલ વેહેલું નવે રસ્તે ચાલી શકાશે નહિ, પણ તેની ફિકર નહિ કીડીને વેગે પણ અખંડ મુસાફરી કરનાર કયારેક પણ પહોચી શકે ખરો ! ઉમરે વૃદ્ધ થયા પછી પણ કઠિન પરભાષા શિખવા માટે ઝનુનથી યત્ન કરી પાર પડેલા ઘણા દાખલા મળી

આવે તેમ છે, પણ અફસોસ! આપણા હિંદમાંથી એવા રત્નોપાત્ર દાખલા મળવા મુશ્કેલ છે કદાપિ ભાઇ હીરો ઉત્તમ પાક્યો હશે, પણ તે અંધારામાંજ પડી રહ્યો હશે મને જણાવતા આનંદ ઉપજે છે કે જુનાગઢવાસી ભાઇ હીરજી મીઠા ભણસાળી પોતાની કંગાલિયત સ્થિતિ સામે અડતાલિશ વર્ષની પાકી વયે ખમ ઠોકી ને બથંબથા આવી ગયા છે, અને પોતાને ધારેલે સ્થળે જવાને બકરીની પેઠે ઢીક મારીને આગળ ઝંપલાવા જવા ઇંતેજાર હોઇ, મુસીબત ભરેલી ઘણીજ હલકી મજુરી કરીને ઉદર ભરણ કરવા ઉપરાંત અંગ્રેજી હાઇસ્કુલમાં ચાર પાંચ વર્ષ થયા એકડેએકથી આરંભ કરી અત્યારે મુસીબતો છતાં નિર્વિઘ્ને ધારેલે મગ ચાલ્યા જાય છે હું એમની ફતેહ ઇચ્છું છું, અને આશા રાખું છું કે એમણે જે દૃઢતાથી માર્ગ પકડ્યો છે, તેજ દૃઢતા કાયમ રાખીને—એટલુંજ નહિ પણ “ હું જગતને ઉત્તમ દાખલા આપીશ ” એ પોતાનું પ્રશંસનીય વાક્ય જગત્‌ને સત્ય કરી દેખાડશે! આટલું છતાં મારૂં મન એમની એક કુટેવ જોઇને ખેદ પામ્યા વગર રહેતું નથી એ કે ગમે તે સાધારણ માણસ વાત કરનાર મળે તો વાતમાંને વાતમાં કલાકના કલાક ચાલ્યા જાય, તો પણ પોતે શું કરવા ધાર્યું છે? પોતે કેવો વિકટ અને દુર્ગમ સંકટવાળો માર્ગ પકડ્યો છે? તે એવે વખતે ખ્યાલમાંથી જતું રહે છે એટલે એઓ પોતાનો ચાલ્યો જતો વખત નિરર્થક સાધારણ વાતોમાં ચાલ્યો જ જવા દે છે એમણે વખતની કીંમત બીજા સઘળા કરતા બહુજ મોંઘી ગણવી જોઇએ એમની માત્ર આ એક કુટેવથી ભય રહે છે કે—ન કરે નારાયણ ને જો તેઓ લથડ્યા, તો તેની પાછળ ઉમંગો દાબશે

જોઇને જનારાનો બિચારા યમદ્વારેજ મરવાના! એટલુંજ નહિ પણ પછી મને એવું કે "નહિ ઘરના કે નહિ પરના!" માટે મને આશા છે કે, મારા આ લખવાનો ઉપયોગી હડો ભાવાર્થ તેઓ હૃદયમાં સજ્જડ ઠસાવશે. અને અત્યારે જે જગત્ તેમને આધરો રસ્તો પાડી જતા જુએ છે તે પરિણામે તેમની મહેનતનું મીઠું ફળ અનુભવતા જુએ! અને ઉશ્કેરાઇને નવે રસ્તે જવા અખંડ પ્રયત્ન આદરે! એવું કરવાને ભાઇ હીરજી પોતાની કુટેવ તજવા, અને નામનું નીર રાખી ખરૂં હીર જાહેરમાં લાવવા પ્રયત્ન અને વિશેષ પ્રયત્ન કરશે, તો એ રૂડી વાત જાણીને અને જોઇને હું ખુશી થઇશ!

"કર્ણ વીરનું પ્રખ્યાત નામ બહુનાથી અજાણ્યું નથી. તેની પૃથા (કુંતી) નામે માતાએ કોઇ કારણથી તેનો જન્મ થતાંજ તેને પેટીમાં સુવારી નદીમાં તરતો મુકી દીધો. સત્કર્મોના પુત્ર અધિરથ નામના મનુષ્યના હાથમાં તે પેટી આવી, તેને ઉઘાડી જોતા તેમા બાળક દીઠું. તે તેણે પોતાની રાધા નામની સ્ત્રીને આપ્યું, તેણે તેને વસુષેણ એવું નામ આપી ઉછેર્યો. પરંતુ અજ્ઞાન માતપિતાનું બાળક, તેથી તે સમય ની રીતિ પ્રમાણે સંસ્કાર થઇ વિદ્યાભ્યાસાદી થવું કઠિન હતું. કર્ણે વયમાં વધતાં તેણે જોયું કે સ્વાશ્રય વિના સમુન્નતિ સારૂં અન્ય ઉપાય નથી. તે ખરેખરો અનાથ નિરાધાર હતો. તે છતાં પણ તેણે દૃઢ નિશ્ચય કર્યો કે ઊંચી નેમ રાખી સમુન્નતિ સારૂં સ્વાશ્રય અને સ્વપ્રયત્નદ્વારા સંવર્ધમાન થવાજનું. હસ્તિનાપુરમાં રાજપુત્રો વિદ્યાભ્યાસ કરતા હતા, એટલુંજ નહિ પણ અનેક દેશથી વિદ્યાર્થીઓ ત્યાં વિદ્યાભ્યાસ કરવા આવતા હતા. હાલ રાજકોટ, જયપુરાદિ સ્થળોએ રાજકુમાર પાઠશાળાઓ છે, તેવા પ્રકારની પુર્વે રાજપુત્રો સારૂ

પાઠશાળાઓ હતી, તેમા તે વેળા તે મુખ્ય હતી તમા કુંતી પાતક માતાનો રાધેય નામે પુત્ર પણ અભ્યાસ કરવા જતો તેની સાથે કર્ણ પણ જાય, ત્યા કર્ણે એવા ઉદ્યોગ અને પ્રયત્નથી અભ્યાસ આદર્યો કે મહારાજાના વંશના દુર્યોધનાદી તથા અર્જુનાદીના સમાન વિદ્યાભ્યાસમા અગ્ર[illegible] લાગ્યો ધનુર્વિદ્યાની તો કોઈ અસાધારણ કુતિમા તો અગ્રણી અર્જુન કરતા પણ કર્ણે અધિક દેખાયો તથી અર્જુન ઉપર ઈર્ષા રાખનાર દુર્યોધનની તેના ઉપર પ્રીતી થવા માંડી, અને પરસ્પરમા મમતા વધી સ્નેહ થવા લાગ્યો

'વિદ્યારાજસુપૂજિતા નહિ ધન' રાજાઓમા વિદ્યા પુજાય છે ધન નહિ કર્ણનામા વિદ્યાભ્યાસથી એટલી બધી શકિત વધી કે તેના પરાક્રમે તેને રાજ્યાધિકાર આપી આપ્યો દુર્યોધને તેને અંગદેશનો અધિપતિ કર્યો માતા પિતા વિનાનો એક નિરાધાર કર્ણ તેણે સ્વાશ્રયથી એવુ મહત્ પદ મેળવ્યુ તોપણ તેનામાની સુવર્ધમાન વૃત્તિ વિરમી નહિ તે જેવો શકિત સંપાદન કરવામા શૂર હતો, તેવોજ તે પાત્ર દેખે ત્યાં સર્વસ્વ અર્પણ કરવામાં પણ શૂર હતો વિદ્યાનુ તો એવુ એને વ્યસન કે અવધી! તે વખતે વિદ્યાઓમા પરશુરામ સર્વોત્કૃષ્ટ ગણાતા હતા, સર્વ સુખ છોડી કર્ણ એક સામાન્ય વિદ્યાર્થિ રૂપે પરશુરામ પાસે વિદ્યા વધારવા ગયો ત્યા પુર્ણ ગુરુ ભકિતથી સેવા કરી પરિપુર્ણ વિદ્યા સંપાદન કરી વચ્ચે અનેક સંકટો અને વિક્ષેપ નડતા, પણ તેથી નિરાશ થઈ વિરામ ન પામતા સદા વર્ધમાન રહ્યો. અંતે દુર્યોધન જેવા ચક્રવર્તી મહારાજના રાજ્યનો એક વિશ્વાસુ મંત્રી થઈ પડ્યો અને મહાભારતના યુદ્ધમા મહારથી ભીષ્મ, દ્રોણ સમાન મહારથી થઈ ઘણુ પરાક્રમો કરી [illegible]

અક્ષય કીર્તિ સંપાદન કરી છે. અદ્યાપિ પર્યંત પણ તેનું નામ બહુ સૂખમાથી સાગ પ્રસંગે સાંભળવામાં આવે છે. તે મહા દાનવીર હતો, પ્રાતઃકાળમાં લોકો એમ કહે છે કે રાજા કર્ણની વેળા છે. એ કેટલાક એજ કર્ણનું સ્મરણ મળે છે. કર્ણમાં બીજા પણ ઉત્તમ ગુણ બહુ હતા. એકનિષ્ઠા, સ્નેહસાર સર્વસ્વ અર્પણ, વિશ્વાસ સાર સ્વાર્પણ, ધર્મમાં દૃઢતા ઇત્યાદિ ”

ઘણા જુવાન વિદ્યાર્થીઓ પાસેથી સાંભળીએ છીએ કે હવે તો અમારે ભણવાનો વખત વહી ગયો. હવે અમારાથી ભણાય નહિ. હવે તો નોકરી કરીશું! હાય! આ કેવી આંધળી વાત! નોકરી સિવાય કોઈ વાતજ કરવું નથી. કોણ જાણે નોકરીમાં શું એ ઝવેર દીઠું છે! અરે! ઘણાઓ જુએ છે, પણ પતંગીયાની પેઠે આંખો મીચીને ખાબકે છે! જ્યારે જુએ છે કે ઉંચી નોકરી સિવાય બાકીની તમામ સાધારણ નોકરી “સુખે રહેવું ને ભૂખે મરવું” એજ ઠેર પર આવી રહેલી છે. અરે! તે પણ સુખ શાનું? પરાધીન નોકરીમાં સ્વતંત્ર ધંધા કરતાં વિશેષ સુખ હોણું નથી?

ભલે ઉત્તમ શિક્ષક હોય તો પણ “શાળાના શિક્ષક પાસેથી ઉંચી જાતની કેળવણી મળતી નથી પણ પાછી ઉમરે પડતા આ મહર્ષી સ્વસુધારણા વડે ઉત્કૃષ્ટ કેળવણી લઇએ છીએ. આ વિચાર માબાપોએ ધ્યાનમાં રાખવો જોઇએ. છોકરાની શક્તિ બળાત્કારે ખિલવવા ઉતાવળા થવું નહિ ધીરજથી જોવું, ને છોકરાને સત્સંગમાં રાખવા, ને શાંત કેળવણી મળે તેમ કરવું. પરિણામ પરમેશ્વરના હાથમાં સોંપવું. છોકરાને અંગ કસરતની તજવીજ રાખવી જેથી તંદુરસ્તી રહેશે. પોતે ભણતા જાય, કેળવાતા જાય, એવી ર-

રને ચઢાવવા ને સભાજથી આગ્રહ અને અખંડ ઉદ્યોગના ગુણ- કેળવવા તેનામા માલ હશે, તેજ બીજ તેના દિલમા મા બાપે રોપ્યા હશે તેજ બીજ મોટપણે ઉગી નીકળીને તેને ઝળકાવશે

કોઇ પણ ઉપયોગી કામ કરવાનુ કહી બતાવવુ એ બસ નથી પણ કરી બતાવવુ જોઇએ, જે કામ કરવુ હોય તે જાતે જઇને કરશો તોજ થશે મોઢે લવારો કર્યાથી કંઇ ફળ નથી લવારામા ને વાતો કરવામા હોશીઆર કહેવાયો તેમા શુ વળ્યુ! જે માણસ સુંદર સુભાષિત વાક્યોથી વાતો કરે છે, અથવા ઉચ્ચ વિચારો બાંધે છે તે લોક કલ્યાણકારી નર નથી પણ જે એવા ઉમદા કામ કરે છે કે તે કામોજ જાણે હમેશા બોલુ બોલુ થઇ રહ્યા હોય, તેવા કામ કરનારને પરોપકારી પુરૂષ સમજવો

"વિરનુ દ્રષ્ટાંત બાયલાને બહાદુર બનાવે છે '

" કાળા માથાનો માનવી ધારે તે કરી શકે "

ઉમદા દાખલા જો, જાસુવા, વિચારવાથી ઉત્સાહે કામ કરવા-ની ટેવ પડે છે આનંદવૃત્તિથી કામ કરવાની ટેવ રાખી હોય, તો ગાજડ થઇ ન જતા નાઉમેદી તેની પાસેથી જતી રહે છે અને અડચણોથી દબાતા નથી, કેમકે આશા અને ઉત્સાહ રહેલા હોય છે એવી મનોવૃત્તિ સુખદ થાય છે ને મળેલી તકનો લાભજ લેવાય છે પોતાનુ કામ અસર કરે એવુ ઉમદા થયુ હોય, તો તે આનંદવૃત્તિથી કર્યુ છે એમ સમજવુ કામ સારૂજ થશે, એવી આશાથી કામ કરતા રહીને ખુશ રહેવુ એ ઉત્તમ વાત છે

સારાં કામનો આરંભ કરવા રૂડી તક કદિ જવા દેવી નહીં ફરીથી એવી તક આવશે, એવી આશાએ બેશી રહેનાર નિરાશ થાય છે તેની સાથે એટલુ પણ યાદ રાખવુ કે ઉપયોગી કામ એવી રૂડી રીતે આગ્રહી બનીને મનના ખરા ઉમળકાથી આરંભવુ કે પેહેલેજ

દિવસે તે કામ જોઇને આપણા મનમાં આનંદ ઉભરાય. એટલુંજ નહિ પણ એ કામ જાણે સંપૂર્ણજ થયેલું હોય એમ આપણને લાગે! "આરંભ એ અર્ધો સુચક છે" જે કામનો આરંભ રૂડી રીતે થયેલો હશે, તે કામ સંપૂર્ણતાને પામશે

આર્યબંધુઓ! આપણે ઘણીવાર સાંભળીએ છીએ કે "ઝાઝા હાથ રળીઆમણા" ઘણા કુલ કરવાપાછળ એકજ ઘરનાં તમામ માણસો ખંતથી મંડી પડે, તો આખું કુટુંબ સુખ મેળવે અને એક ગામના તમામ માણસો એક સંપે એમ ધારે કે આપણે બીજા ગામના લોકો કરતા વધારે સુખી થવા પ્રયત્ન કરીએ તો તેમ બનવું સ્હેલ થઇ પડે તેમજ અનેક દેશો હુનર, વિદ્યા, કળા આદીમાં ખંટ ઉદ્યોગ ને આગ્રહવડે આપણાથી ઘણાજ આગળ વધ્યા છે ને અમનચેન ઉડાવે છે! તેમ આપણે પણ-જો તેમના જેવી મહેનત કરવા ખંતપીને એકમતે મંડી પડીશું, તો અલબત્ત આખી પ્રજા તેમના જેવું સુખ ભોગવીએ! દરેક માણસ બાહુબળ ઉપરજ આધાર રાખીને સુખ મેળવવા ઇચ્છવું, એ આખા દેશનું સુખ ઇચ્છવા બરોબર છે! આપણી નવી ઉગતી પ્રજાને પોતાનાજ બાહુબળ ઉપર આધાર રખાવીને સ્વતંત્ર ધંધા કરાવો! દેશનો ઉદય કરનાર મહાનદિરોની સંખ્યા વધારો કરો! ઓશિઆળી પરાધીન રોટલી પર ધિક્કાર છૂટવો! અને પ્રથક્ પ્રથક્ બાહુબળના આધારે-ડુબેલા હિંદને પાછો સપાટી ઉપર લાવીને ગમતાથી આગેવાનોના હૈડાં હરખાવો એજ નમતા પ્રભુ ને નમ્ર યાચના છે!! જય જય દેશોન્નતિ!!

✻✻✻✻✻

✻ સમાપ્ત. ✻

✻✻✻✻✻

અગાઉથી ગ્રાહક થઈ આશ્રય આપનાર સદ્ગૃહસ્થોનાં મુબારક નામ.

—o—

૧ આર્સિ હરજી પાચા તા. સ્કૂલ રાજકોટ

૧ તાબજની રાજકોટ

૧૧ રાણા દાજીરાજ હરિસિંહજી મીણાપુર ભાગદાર

૧ રાણા કેશરીસિંહજી પૂંજાભા

૧ રાણા દાજી હરિસિંહજી

૧૦ માસ્તર સુંદરજી ત્રિભુવન રાવળ

૧ રા રા ઓધડ ભગવાન કોઠારી

૧ રા રા ટોકરદાસ મનોરદાસ

૧ રા રા કેશવજી ગોબર.

૧ રા રા શિવલાલ ગુલાબચંદ

૧ રા રા ફુલચંદ પાનાચંદ

૧ રાણા દોલતસિંહજી મુળુભા

૧ રા રા છગનલાલ ડોસાભાઈ

૧ રા રા મગનલાલ ત્રિકમજી

૪ ડૉ. ગગનલાલ ખીમજી મેલ ટ્રેનિંગ કૉલેજ રાજકોટ

૧ ડૉ. નાગરદાસ રેવાશંકર

૧ ડૉ. મોરારજી કેશવજી

૧ ડૉ. દેવશંકર ગણેશજી શુકલ

૧ ડૉ. મગનલાલ ખીમજી વ્યાસ.

૧૧ ભાઇએઆર ત્રિકમજી શાહ હડાળા

૧. મે. ડાક્તર સાહેબ એરન સેમ્યુએલ

૧ રા. રા. પુરશોત્તમ મનસુખરામ

૨ પો. ૫. ગણુગદાસ નરસિંહદાસ

૧ શા. એ આર ત્રિકમજી

૧ શા. મોહનલાલ કેવળશી

૧ શા. પિતાંબર હજમશી

૧ ભાઈ ગણપત સાંકળેશ્વર

૧ જોશી મૂળશંકર ભગવાન

૧ વૂગશા ઉમરશા.

૧ ઠક્કર ધર્મશી બેહેચર

૧ માસ્તર હીરજી પ્રેમજી

૫ આસિ. માસ્તર નરભેરામ જેઠાભાઇ રાજકોટ તાલુકાસ્કૂલ

૧ મીસ્ત્રી માનજી નારણ

૧ રા. માકુભ સુલેમાન.

૧ રા. રવજી હરજી.

૧ રા. મૂળચંદ ડાહ્યા.

૧ વા. ભવાન નારણ

૧ વિદ્યાર્થિ જગજીવન સુંદરજી રાજકોટ

૧ "રા. રા. મોતીચંદ સવજી હડાળાના કામદાર"

૩ નરભેરામ પોપટ રાજકોટ

૧ કાળીદાસ નરશી

૧ મોચી આણંદજી વેલજી

૧ ઠક્કર નરભેરામ પોપટ

૬. મેહેરબાન મોરારજી મગળજી પડયા હજુર પર્સનલ આસિસ્ટંટ

૮ મોરબી.

૪ મલેકશ્રી જેનખાનજી જોરાવરખાનજી દરબાર સાહેબ દશાડા

૨ મલેકશ્રી જેતખાનજી જોરાવરખાનજી, દરબાર સાહેબ.

૧ સૈયદ ઉમરભાઇ રાજેભાઇ

૧ સૈયદ અમાની મહુમીયાં

૧ હાસમઅલી ડોસાભાઇ જેઠાભાઇ

૧ ભાઈ કલ્યાણજી પ્રેમજી વાણીઆ ઉંચડી.

૨ ભાવસાર ભાઈચંદ ત્રિભોવન જખુપર

૪૬ ભાઈ રામજી ભીમજી રાજકોટ.

૧ રા મહમદઅલ્લી આદમજી

૧ રા સલમાનજી કરીમભાઇ

૪ રા રા રામજીદાસ માવજી

૧ રા રા જટાશંકર દયાશંકર ઓઝા

૧ કોન્ટ્રાકટર કાનજી ગોવિંદજી

૧ રા. રા બેહેચર મેઘજી બુકસેલર.

૧ રા રા ગુલામહુસેન મહમદઅલી

૧ રા. રા માણેકચંદ હરજીવન

૧ જાડેજા દાદાભા જાલમસીંહ

૧ રા રા ઉમીયાશંકર મેહેચરલાલ

૧ સુતાર જાદવ લાધા

૧ કડીયા માવજી હરજી

૧ કડીયા ભાભા બાધા
૧ રા. રા. વજરાજ મોનજી
૧૦ રા રા. મકનજી વિરજી હોસ્પીટલ આસીસ્ટન્ટ ગીંગુવાડા
૧ રા રા જીવણ મેઘજી ખેરડી
૧ વકીલ વર્ધમાન મકનજી રાજકોટ
૨ જીવણ મેઘજી
૧ રા રા ભજેરામ મુળજી જંડ્યા
૧ ઠાકર હરિ અમરશી
૧ રા. રા. ઉસ્માન ખમાણ
૫ મહેકમી જીલ્ફુખાનજી નસીમખાનજી સંસ્થાન જમખંડા
પાટવી કુમાર
૧ રા. રા. વલ્લભજી આચાર્ય વોટ્સન મ્યુઝીયમ ક્યુરેટર
રાજકોટ
૧ દરબારશ્રી પ્રતાપસીંહજી ગાંભણજીસીંહજી તાલુકે ભાડલા
૧ તાલુકે સજપુરાના દરબારશ્રી
૧ કે. ડી. શેઠ સુખડની પેટીઓ બનાવનાર માંગરોળ
૧૦ મેહેરબાન મોતીચંદ તુળસી રાજકોટ સ્ટેટ કારભારી સાહેબ
૫ ભાઈ ગણપત સાકળેશ્વર દસાડા
૧ રા રા. મયારામ રઘુરામ
૧ રા રા ધનજી મોરાર ઠાકર
૧ ઠાકર ધર્મશી ભેહેચર
૧ ભટ અમથા પરશુરામ
૧ મેતા ખુશાલ લાલજી

૩ રા રા બાલચંદ રાજકોટ કાઠિયાવાડ હાઈસ્કુલ
૪ રા રા ઉમીયાશંકર મૂળજી ઓઝા રાજકોટ સ્ટેશન સ્કુલમાસ્તર
૨ રા રા ઉમીયાશંકર મુળજી ઓઝા
૧ રા રા કાળીદાસ નારણજી રૂપે આ માસ્તર
૧ રા જીવન સવજી બી આ'સ.
૫ રા રા ગયાશંકર ભૂદા ત્રવાડી વેક્સીનેટર મોરબી
૫ રા રા દેવચંદ ભવાન સ્કુલ માસ્તર દાણાવાડા,
૧ રા રા દેવચંદ ભવાન ગોમાણી
૨ રા રા મૂળચંદ રામચંદ પારેખ
૧ વિદ્યાર્થિ લાલજી શામજી
૧ મગનલાલ રાઘવચંદ પારેખ
૧ વિદ્યાર્થિ ભોળા કલ્યાણ
૧ રા. રા રણછોડલાલ નારણજી સ્કૂલ માસ્તર જેતપુર
૩ રા. રા. હીરચંદ ચતુર્ભુજ પોષ્ટ માસ્તર મોરબી
૧૦ ભાઈ હેતશંકર ઇશ્વરલાલ ઓઝા
૧૦ મેહેરબાન વિશ્વનાથ શંકરજી
૬ રા. રા વાડીલાલ વિરચંદ ધંધુકા ઉંઝીજી સ્કૂલ માસ્તર
૧ માસ્તર વાડીલાલ વિરચંદ શાહ
૧ શાંતિમીયા ગિરધઅલ્લીમીયા પરશીયન ટીચર
૧ માસ્તર ડાહ્યાભાઈ લક્ષ્મણરાવ
૧ બાબુહારકુન રેવાશંકર નથુભાઈ
૧ રા રા. હીરાલાલ નારાયણ
૧ રા રા. પોપટલાલ માણેકચંદ

૨૪ ભાઈ હરજીવન કેશવજી, સવજી ઓધવજી, તથા જીવા વાલજી
રાજકોટ

૧ રા. રા. નવલરામ ભવલરામ ઠાકર વાચનશાળા સેક્રેટરી રાજકોટ

૧ રા રા. વનેશંકર બાપાભાઈ

૧ રા રા તેજપાળ લીલાધર. ખઢેરીઆ

૧ રા રા. ભાણા ધનજી ગીદડ કારકુન

૧ મોદી જગજીવન હેમરાજ

૧ રા. રા. ત્રિભોવન

૧ ઠાકર ઝવેરચંદ નથુ કોટેચા હાલ જેતપુર [redacted]

૧ રા રા અબુબકર ઇબ્રાહીમ.

૧ રા કુરજી પુંજા

૧ માનજી પિતાંબર જોડીયા

૧ મેરાઇ દેવશી ઉકા

૧ રા વિકમશી પિતાંબર

૧ રા. છોટાલાલ મોહનલાલ

૧ શા દુર્લભદાસ ગગા

૧ રા રા. કાળીદાસ પિતાંબર ધી રાઇઝીંગ સ્ટાર પ્રીન્ટ[redacted] પ્રેસના મેનેજર

૧ ખાચર પેથુર વશરામ આણંદપુર તાલુકદાર

૧ રા લાલજી કાનજી

૧ દોશી ધારશી શામજી

૧ રા રા લલુભાઈ આશારામ દેસાઈ વકીલ.

૧ રા રા મૂળજી વસરામ
૧ રા રા સુંદરલાલ મુનાપ
૧ રા હેમરાજ ધારશી
૨ રા રા. છગનલાલ જેઠાલાલ
૧૧ રા રા ખત્રી હરિભાઇ જસમત ટયુટર ગ કોટ
૨ મેહેરબાન રા રા બાપા રામચંદ્ર નિકતે
૧ રા. રા ખત્રી હરિભાઇ જસમત પ્રા ટયુ
૧ રા રા કૃષ્ણરાવ બાપાજી નિકતે
૧ રા રા છગનલાલ પ્રભુભાઇ વોરા
૧ રા રા ગજાનન બાપાજી જોશી કલબના મેમ્બર
૧ રા. રા. વજેશંકર કલ્યાણજી જોશી કલબના મેમ્બર
૧ રા રા બળવંતરાવ રામકૃષ્ણ નાહડે
૧ રા રા. મકનજી વણશી આસરા
૧ રા. રા ગોવર્ધનદાસ પોપટ મહેતા
૧ રા રા જમનાદાસ પોપટ મેહેતા
૨૧ સદામેહેરબાન ઇશ્વરલાલ મેહેચર ઓઝા તાલુકા સ્કુલ માસ્તર ચોટીલા
૨ મેહેરબાન ઈશ્વરલાલ મેહેચર ઓઝા તા સ્કુ માસ્તર ચોટીલા
૧ મોતીચંદ હંસરાજ સરવે સુપ્રી. સા.
૧ કેશવજી જેરામ વકીલ ચોટીલા
૧ દરબાર શ્રી સાદુળદાદા ચોટીલા
૧ ધાધલ દેવાઇત રાણા ચોટીલા
૧ રા રા રૂગનાથ મોતીચંદ પાણમારફ ચોટીલા

[illegible]

૧ રા રા ગજાનનરાવ બાબુસાહેબ બાળાસાહેબ ગોકીલા

૧ રા રા. મજીઠા ઝવેર દાસ ગોટીલા

૧ નકીબ કેશવજી જેઠાભાઈ ગોટીલા

૧ રા. ગ. રાજારામ નથુભાઈ મેતા રાજકોટ

૧ રા. ગ. મ. ગડર જીવાભાઈ મહેતાજી જુનાગઢ

૧૦ રા. ગ. ન. ભેસકર પ્રાણજીવન દવે ભાવનગર

૫ રા. ના. ખીમજી દામોદર ઠાકુર પોરબંદર

૭ ભાઈ દયાશંકર શિવરામ— ભાવનગર

૧ રા રા ચતુર્ભુજ ફુલચંદ સબ જ. વકીલ ભાવનગર

૧ જોશી કનુભાઈ ભીમજી ભાવનગર

૧ ઠાકર માધવજી કરસન

૧ રાવળ મણિશંકર હીરાલાલ

૧૦ વ્યાસ નિર્ભયરામ ડાહ્યાભાઈ

૧ ખવાસ રઘુનાથ રામજી

૧ રા રા ચાંપડ મૈ. ...જી સ્કુલ માસ્તર

૨૦ રા રા ગમનલાલ વિ. વિરચંદ શાહ ઇંગ્રેજી સ્કુલ ના માસ્તર

૧૦ રા રા દુર્ગાશંકર જયશંકર આચાર્ય લાઠી